કુમાર



ગોપિકાઓ

ઓગણીસમી સદીના પૂર્વાર્ધકાળની નાથદ્વારાની એક પિછવાઈનો ચિત્રાંશ

(જુઓ આ અંકમાં 'નાથદ્વારા ચિત્રશૈલીનો પ્રેરણા-સ્રોત')

સંસ્થાપક : રવિશંકર મ રાવળ

આદ્ય તંત્રી : બચુભાઈ રાવત


તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક

સળંગ અંક

૭૫૧

આવતીકાલનાં નાગરિકોનું માસિક * વર્ષ ૬૭મું * ઑગસ્ટ ૧૯૯૦



હોડીઓ અને શ્વેત દીવાલો (કલાકાર સ્વ. યજ્ઞેશ્વર શુક્લ)

બહુધા સફેદ અને બીજા થોડા રંગના લસરકાઓથી જ બનાવેલ આ ચિત્રમાં ભલે વિગતોભર્યું ચિત્રાંકન નથી કર્યું, પણ તે છતાં યે તે એક સુંદર દૃશ્યચિત્ર બની રહે છે. સ્વ. યજ્ઞેશ્વર શુક્લ ભારતીય પરંપરાની ચિત્રશૈલીના કલાકાર તરીકે જેટલા ખ્યાત છે એટલી જ નામના એમણે ચીની ચિત્રશૈલીમાં પણ મેળવી છે. પરંતુ કલાકાર તરીકે એમણે જીવનભર અનેક કલાપ્રકારો પર પ્રયોગશીલતા દાખવી છે. આ ચિત્ર તેનું એક દૃષ્ટાંત છે. મર્યાદિત રંગો અને પીંછીની કરામત વડે એમણે કોઈ એક ઘાટનું સુંદર ચિત્ર નિરૂપણ કરી બતાવ્યું છે.

પુનશ્ચ હરિ: ૐ

હા, પુનશ્ચ હરિ: ૐ. એક વાર હરિ: ૐ કરી ઝુકાવ્યું હતું સ્વ. રવિશંકર રાવળે. એ વર્ષ હતું ઈ.૧૯૨૪નું. ત્યારે 'કુમાર'નો પ્રથમ અંક એમણે પોષ મહિનામાં પ્રકટ કર્યો હતો. કલાગુરૂ રવિશંકર રાવળે ગુજરાતની ઊગતી પેઢીને જ્ઞાનસંસ્કારનો વારસો પહોંચાડવા અને એ દ્વારા એનું ઘડતર કરવાની ઉમદા ભાવનાથી આ માસિકનો અંગત સાહસ તરીકે આરંભ કર્યો હતો. હાજી મહમદનું 'વીસમી સદી' ત્યારે એમની નજર સમક્ષ હતું. એ વખતે એમના સાથમાં સ્વ. બચુભાઈ રાવત પણ ખરા. આરંભથી જ 'કુમાર' વિવિધ લલિત કલાઓ અને જ્ઞાનવિજ્ઞાનના અનેક ક્ષેત્રોની અવનવી માહિતીથી મંડિત રહેતું. એની સચિત્રતાએ અને વૈવિધ્યપૂર્ણ સજાવટશૈલીએ જોતજોતામાં આગવી છાપ ઊભી કરી દીધી અને ગુજરાતની સંસ્કારી પ્રજાના પરિવારમાં અને પ્રાણમાં એ વસી ગયું.

પરન્તુ ઈ.સ. ૧૯૪૨માં રવિશંકર રાવળે 'કુમાર'ને સંકેલી લેવાનો વિચાર કર્યો ત્યારે તે 'કુમાર'નું પ્રકાશન ચાલુ રહે તે માટે અનેક મહાનુભવો એ વિચારવિમર્શ કરી 'કુમાર'નું લિમિટેડ કંપનીમાં રૂપાંતર કરવાનું ઠરાવ્યું. તદનુસાર ૧૯૪૩માં 'કુમાર કાર્યાલય લિમિટેડ' કંપની અસ્તિત્વમાં આવી, જેના મેનેજિંગ ડિરેક્ટર તરીકે અને 'કુમાર'ના તંત્રી તરીકે એમ બેવડી જવાબદારી બચુભાઈ રાવતે કુનેહ અને નિષ્ઠાથી અદા કરી. 'કુમાર' માસિકને એમણે ઉત્તરોત્તર સમૃદ્ધ કર્યું. ૧૯૮૦માં એમના અવસાન બાદ તે વખતના સહતંત્રી શ્રી બિહારીલાલ ટાંકના તંત્રીપદે એ ચાલુ રહ્યું. આ વર્ષો દરમિયાન 'કુમાર'ને અનેક પ્રકારની વિટંબણાઓનો સામનો કરવો પડ્યો હતો. આખરે એક ઘડી આવી કે ૧૯૮૭ના મે-જૂન અંકના પ્રકાશન સાથે 'કુમાર' સ્થગિત કરવું પડ્યું. આ નિર્ણય 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના ડિરેક્ટરોએ કોચવાતે મને લેવો પડ્યો. કપરી આર્થિક પરિસ્થિતિમાં 'કુમાર'નું પ્રકાશન સ્થગિત કર્યા સિવાય છૂટકો જ નહોતો. આમ, ૧૯૮૭ના જૂનથી 'કુમાર'નું પ્રકાશન બંધ રહ્યું! ત્યાર પછી 'કુમાર'ના અનેક વાચકો-ચાહકો-ગ્રાહકો તરફથી વખતોવખત તેને પુન: શરૂ કરવા માટેનો આગ્રહ મૌખિક અને લેખિત બંને સ્વરૂપે થતો રહ્યો. પરન્તુ આર્થિક અકળામણ સામે જ ઊભી હતી ! વાચકો-ચાહકો-ગ્રાહકોની 'કુમાર'ને ફરી શરૂ કરવાની લાગણી અને આગ્રહભરી ઉઘરાણી વધુને વધુ ઉત્કટ બનતી રહી. સૌની આ લાગણી અને માગણીને માથે ચઢાવી 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના ડિરેક્ટરોએ 'કુમાર'નું પ્રકાશન પુન: શરૂ કરવાનું સાહસ વિચાર્યું છે. આમ, ઠીક ઠીક લાંબા ગાળા સુધી આપનાથી અળગા રહ્યા પછી ઓગસ્ટના આ અંક સાથે આપને પુન: મળીએ છીએ. 'કુમાર'ની ઉમદા પરંપરાને જારી રાખવાની અને સમયોચિત નવસંસ્કરણ કરવાની ભાવના સાથે પુનશ્ચ હરિ: ૐ કરીએ છીએ. અમને શ્રદ્ધા છે કે આપની સદ્ભાવના અમારી ભાવનાને બલવત્તર કરશે.

—તંત્રી

સાંકળિયું

ઓગસ્ટ ૧૯૯૦
અંક ૭૫૧

કુમાર કાર્યાલય લિમિટેડ વતી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત.
મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ.
કમ્પ્યૂટર ટાઈપ સેટીંગ : પ્રિન્ટોગ્રાફ - ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૧

વાર્ષિક લવાજમ રૂ. ૬૦.૦૦, છૂટક નકલ રૂ. ૬-૦૦.

'કુમાર'ની સૌને તમા, 'કુમાર' તને ઘણી ખમ્મા !

બંધ થવાની જાહેરાત વગર 'કુમાર' ફરી શરૂ થાય છે એની જાણ થતાં મનને એટલો બધો આનંદ આનંદ આનંદ થાય છે કે....

ભગીરથ બ્રહ્મભટ્ટ (વલ્લભવિદ્યાનગર)

૧૯૯૦ના ઉત્તમ, હર્ષદાયક સમાચાર, 'કુમાર' ફરી શરૂ થાય છે ! વાહ !

- રાધેશ્યામ શર્મા (અમદાવાદ)

આજના 'ફૂલછાબ'માં સરસ સમાચાર...કુમાર માસિક ચાલુ થઈ રહ્યું છે. તે વાંચીને પ્રસન્નતાની લાગણી અનુભવી...જીવન મૂલ્યોનું સંમાર્જન-સંરક્ષણ કરતા સુસંપાદિત સામયિકની અપેક્ષા રાખતા કોઈ પણ સહૃદય વાચકોનું હૃદય રસાનંદથી ઉદીપ્ત થઈ જાય.

- જયાનંદ દવે (રાજકોટ)

'કુમાર'નું પ્રકાશન શરૂ થઈ રહ્યું છે તે જાણીને ખૂબ આનંદ થયો.

- રમેશ પારેખ (અમરેલી)

આનંદ! આનંદ! 'કુમાર' શરૂ થવાથી મારા જેવા છન્દભોગી - છંન્દ:પથયાત્રીને સાચે જ અપાર હર્ષ થાય છે....'કુમાર'માં છન્દોમય અને અભિવ્યક્તિમાં જ ઊર્મિકો છપાવાં જોઈએ....શ્રી બચુભાઈનો વિમલ આત્મા પ્રસન્ન થશે.

- ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)

'કુમાર' પુનશ્ચ હરિ: ૐ કરે છે એ સમાચાર ખરેખર હર્ષ પ્રેરે એવા છે. એની સાથે સંલગ્ન્વલી કેટલીય સ્મૃતિઓ એ સાથે જ પુનર્જીવિત થઈ ઊઠી છે, એમાં સદ્‌ગત મુ. બચુભાઈની સ્મૃતિ તો હોય જ.

- ધીરેન્દ્ર મહેતા (ભુજ)

'કુમાર' ફરી શરૂ કરી રહ્યા છો એવા સમાચાર વાંચી આનંદ અનુભવ્યો. સ્વર્ગમાં પણ આ જાણીને શ્રી રવિશંકર રાવળ તથા શ્રી બચુભાઈ રાવતના આત્માઓએ તૃપ્તિ અનુભવી હશે ! મારી શુભેચ્છા.

- હરજીવન થાનકી (પોરબંદર)

'કુમાર'નું નવસંસ્કરણ કરો છો એ જાણી આનંદ થયો. ઈશ્વર તમને તમારા આવા શુભકાર્યમાં સદા સહાય કરે એવી પ્રાર્થના.

- પીયૂષ પંડ્યા (રાજકોટ)

'કુમાર' ફરી શરૂ થાય છે જાણી ઘણો આનંદ થયો...શ્રી બચુભાઈએ દોરી આપેલી જ્યોતિર્મય દિશામાં જ એ મજલ કાપતું રહેશે એ ખાતરી છે.

-ગુલાબદાસ બ્રોકર (વિલેપાર્લે)

'કુમાર'નો હું પ્રશંસક રહ્યો છું...બંધ હતું ત્યારે સ્વજન ગુમાવ્યા જેટલું દુ:ખ થયેલું. ગ્રાહકો અને જા.ખ. નોંધવા માટેની વિગતો પણ જણાવશો.

-મિસ્ત્રી વિઠ્ઠલભાઈ ર. (વડોદરા)

ગુજરાતનું સમૃધ્ધ અને સુરૂચિપૂર્ણ માસિક નિજી પરંપરા અને નૂતન સંસ્કાર સાથે ફરી પ્રકટ થાય છે તે જાણી સંતોષ અનુભવું છું.

-રાજકુમાર શ્રી યશવંતસિંહ (માણસા)

'કુમાર'ને આપ સજીવન કરી રહ્યા છો તે જાણી હૈયામાં આનંદ ઊભરાઈ આવ્યો. તમારા આ પ્રયત્નને જરૂર પીઠબળ મળી રહેશે તેવી શ્રધ્ધા છે...'કુમાર' શતાબ્દી ઉજવે એવી આશા...શુભેચ્છા.

-નટવર પટેલ (અમદાવાદ ૯)

'કુમાર'ના પુન: પ્રકાશનના વર્તમાન જાણ્યા...હું ઘણો જૂનો ગ્રાહક હતો તેથી આ જાણી કોઈ સ્નેહી ક્યાંક લાપતા થયા હોય અને તેના એકાએક સગડ મળે એવો આનંદ-આનંદ થયો. 'કુમાર' એટલે 'કુમાર'.

-નાગરજી વિ. મહેતા (ભિલાડ)

'કુમાર' ફરીથી શરૂ કરવાનો વિચાર સ્ફૂર્યો એ બદલ અભિનંદન...ફરી કયારેય આ સામયિક બંધ ન પડે તેવી શુભેચ્છાઓ પાઠવું છું. 'કુમારે' સમાજઘડતર કર્યું છે, સમાજ હવે 'કુમાર'નું ઘડતર કરશે જ. નૈતિક મૂલ્યોના પાયા પર ફરીથી 'કુમાર'નો કળશ ઝળહળશે એ મારા માટે રોમહર્ષક ઘટના છે. 'કુમાર' માટે કાર્યરત સહુ કોઈ મિત્રો, વડીલો, સજ્જનોને હૃદયપૂર્વક અભિનંદન

- દિલીપ જોષી (રાજકોટ)

'કુમાર'ના પુનર્જન્મના સમાચારથી ખૂબ આનંદ થયો. જાણે ખોવાએલું સ્વજન પાછું મળ્યું !

-ભગવતીકુમાર શર્મા (સૂરત)

'કુમાર' ફરી શરૂ થયાના સમાચાર અત્યંત આનંદ અનુભવું છું. શુભેચ્છા અને ધન્યવાદ.

-ઈજ્જતકુમાર ત્રિવેદી (ભાવનગર)

'કુમાર'ને પુન: ધબકતું કરવા બદલ અભિનંદન અને શુભ કામનાઓ.

-ડૉ. રશીદ મીર

'કુમારે' મારા ચિત્તકોષો અને ભાવકોષોના ઘડતરમાં અનેરો ભાગ ભજવેલો. હવે જ્યારે નવો જન્મ ધારણ કરીને આવે છે ત્યારે તે ગુજરાત અને ગુજરાતી ભાષાની સાતત્યપૂર્ણ સેવા આપતું રહે તે મારા જેવા યુવાનની અભિલાષા સ્વાભાવિક હોય જ.

-ઉત્તમભાઈ પરમાર (રાજકોટ)

'કુમાર' સજીવન થાય છે એ જાણી ખૂબ આનંદ થયો. આશા છે કે તેનો નવો અવતાર ગુજરાતને આંગણે ઉમળકાભેર પોંખાશે.

-જયન્ત મેઘાણી (ભાવનગર)

'કુમાર'ના પુન:પ્રકાશન માટે શુભેચ્છાઓ.

-હસમુખ બારાડી (અમદાવાદ)

રાજીના રેડ થઈ જવાય એવા આ સમાચાર છે. **-જિતેન્દ્ર કા. વ્યાસ** (પાટણ)

હવે 'કુમાર'નું નવજીવન શરૂ થશે એવી મને શ્રધ્ધા છે.

-અમૃતલાલ યાજ્ઞિક (મુંબઈ-૫૪)

□

એ આષાઢી પ્રથમ દિવસે

(મંદાક્રાન્તા-સ્ર-ગ-ત સૉનેટ)

એ આષાઢી પ્રથમ દિવસે વાદળાંનો ચઢાવો
અદ્રિશૃંગો સમ પવનહાં ક્યાંથી ઢાંકી દિશાઓ;

વાછંટોથી લીપણપલળ્યું આંગણું માટીગંધે
ભારે ભીના પવનપરસે મુગ્ધ રોમાંચ અંગે;
લીલાં લીલાં તૃણ ઉપર આળોટવાની મજાઓ,

વૃક્ષોની એ ટપટપ ડિલે ઝીલવાનો ઉમંગ,
રેલા સાથે પડી ઊપડતા ફીણડહોળા તરંગ,
ભોમે-વ્યોમે થતી નજરની કૌતુકી આવજાઓ!

ન્હોતી ત્યારે નગરી અલકા, રામ અદ્રિ ય ન્હોતો,
શાપો-તાપો નહીં, લઈ જવા જોગ સંદેશ ન્હોતો;
વાડો લીલી, મન બસ લીલી લાગણીઓનું ખેત,
ફોરે-ધારે ઘન-સ્તન ઝરે માવડી કેરું હેત!

આ આષાઢી પ્રથમ દિવસે એ જ ગોરંભ આજ,
કિન્તુ ગૈ કાલનાં એ શિશુમનનયનો તો ગયાં તે ગયાં જ....

જયન્ત પાઠક

દૂર છતાંયે પાસે

(ગાન)

મળીએ સતત આપણે શ્વાસે !

એક વ્યોમની સૌરભ ભીની માથે ફરે હથેલી !
માટી ખૂંદતાં એક થવાની ઝંખા સબળ ઊઠેલી !
એક ગીતમાં એક સૂરથી મળીએ ભરઉલ્લાસે !

આપણ વચ્ચે એક સૂર્ય ને એક ચંદ્રની બારી,
એક વળી મઘમઘતી એમાં અંધકારની ક્યારી,
ત્યાંથી મળીએ અરસપરસને ઊંડા એક ઉજાશે !

એક ચદરિયાં રંગભીની ત્યાં બુન્યાં આપણ બેને !
એક માળ મોતીની તેમાં ચૂન્યાં આપણ બેને!
ડાળ આપણી અલગ, આપણું મૂળ ઊંડે વિશ્વાસે !

છોળે છોળે છંદ આપણો, રગરગ લયની લ્હેરો,
એવો લાગ્યો ઇલમ, હવે તો જે હેરાવે હેરો!
એક ગહન રસમાં જઈ મળીએ સહજ આપણા પ્રાસે !

ચંદ્રકાન્ત શેઠ

સુધન્ય! અહીં અશ્વ એ...

(પૃથ્વી સૉનેટ)

દગો વરસ કૈંકથી સતત ખોળતાં — ક્યાં હશે
સુપાદ અમ અશ્વ એ — ગરવી ચાલ રેવાલમાં
સચેત પદચિહ્ન જે સમયવક્ષપે આંકતો?
વિલીન થઈ એહ શું અતીતરાનમાં સંચર્યો?

પલાણી હય એ, કરે ગગન-ઊધ્રવભાલો
ધરી સુદૂર ગૂઢ ભાવિને નજર જેહની તાકતી;
અનેક ઋજુ ઉરનાં મૃદુલ સ્પન્દ સંકોરતો
ભળાય અસવાર એ - જગત સર્વ જે ઘૂમતો?

સુધન્ય ! અહીં અશ્વ એ અસલી એ જ મુદ્રા મહીં !
પધાર, હય ! આંકવા દ્યુતિલ અક્ષરી ડાબલા,
વિશાળ અમ આ પડી હૃદયભોમ ખુલ્લી સદા!
વિરામ ઘડી માન્ય, ના કદીય થાક તોખારને !

સવાર ! હજી ઘૂમવા મલક નવ્ય આ વિશ્વના,
ઘણા ફલક માપવા શબદપ્રાપ્ય સંવિદના!

ભાનુપ્રસાદ પંડ્યા

ઝરમરું છું

(ગઝલ)

પાછોતરા વરસાદને ક્યાં કરગરું છું હું? તારી
અપાવી નાવમાં પથરા ભરું છું હું.


તૂટી પડેલી ડાળનો સંબંધ કાપના
મારા વિશેના વૃક્ષથી કાયમ ડરું છું હું.

ચારે દિશામાં ચાલવા માંડેલ ભીંતને
જૂનીપુરાણી ટેવવશ જોયા કરું છું હું .

ઊંચા વધેલાં ઘાસનાં મેદાન ખૂંદતો
આ અશ્વને બાંધ્યા પછી છુટ્ટો કરું છું હું.

કેટલાં વરસો થયાં પાષાણવત છું હું
'ઈર્શાદ' ! તારે કારણે આ ઝરમરું છું હું.

ચિનુ મોદી



જીવનભર ફ્રાંસના સંસ્થાનવાદી શાસન સામે યુદ્ધ ખેલીને
ઉત્તર વિયેટનામને આઝાદી અપાવનાર ત્યાંના લોકપ્રિય દેશનેતા

હો ચી મીન

ધીરુ પરીખ

હો ચી મીન
આ એમની
જન્મશતાબ્દીનું
વર્ષ છે.

'બધા જ મનુષ્યો જન્મથી સમાન છેઃ સર્જનહારે આપણને અખંડ હકો, જીવન, સ્વાતંત્ર્ય અને સુખ આપ્યા છે....'

આ શબ્દો છે વિએટનામના મુકિતસંગ્રામના અગ્રિમ અને અગત્યના, માનવતાવાદી અને મહત્ત્વના નેતા હો ચી મીનના. ઈ.સ. ૧૯૪૫ની વસંતઋતુમાં હો ચી મીનની દોરવણી નીચે વો ગુયેન ગી આપે (Giap) વિએટનામની રાજધાની હાનોઈ તરફ પ્રયાણ કર્યું. એ ઑગસ્ટની ૧૯મીએ એમણે હાનોઈમાં પગ મૂકેલો. ત્યાંના બાદિન સ્કવેરમાં મોટી માનવમેદની ઊમટેલી. એ મેદની સમક્ષ સપ્ટેમ્બરની ૨જી તારીખે ઉપરોકત શબ્દો ઉચ્ચારી એમણે વિએટનામને સ્વતંત્ર જાહેર કર્યું. અલબત્ત, આ સ્વાતંત્ર્યઘોષણા પૂર્વે અને પશ્ચાતનો વિએટનામનો ઈતિહાસ રકતરંજિત છે. એ રકતમાં આઝાદીનો અહાલેક છે.

સ્વતંત્રતા પ્રાણીમાત્રની સહજ સ્થિતિ છે. પરતંત્રતા પ્રાણીમાત્રની અસહજ પરિસ્થિતિ છે. આ અસહજ પરિસ્થિતિને ઉમાશંકર જોશીએ 'ગુલામ' કાવ્યમાં પડકારી છે :

હું ગુલામ ? સૃષ્ટિબાગનું ....અમૂલ ફુલ માનવી ગુલામ?
સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી જ કાં ગુલામ?

માનવી ગુલામ હોઈ શકે નહિ. ગુલામ બનાવાયો હોય તો ગુલામ રહી શકે નહિ. એના વ્યકિતત્વના વિકાસ માટે હર પ્રકારનું સ્વાતંત્ર્ય અનિવાર્ય. આવું સ્વાતંત્ર્ય ન હોય ત્યારે તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ પુરસ્કાર્ય. વર્ષોથી ગુલામીમાં સબડતી વિએટનામની પ્રજાને મળી ગયો એનો અદ્વિતીય નેતા. હા, એ નેતા હો ચી મીન. અલબત્ત, કોઈ નેતા જન્મતો નથી. એની સજગ ચેતનાને પરિસ્થિતિ નેતૃપદ ધરી દે છે.

હો ચી મીન પણ આવી પરિસ્થિતિનું ફરજંદ. આમ તો એક ગ્રામપંડિતના અકિંચન પરિવારમાં ગુએન સીન હુય (Nguyen Sin Huy)ને ત્યાં ૧૮૯૦ના મે મહિનાની ૧૯મી તારીખે મધ્ય-

---

તવારીખ

બીજા વિશ્વયુદ્ધ પછી પલટાવા લાગેલા દુનિયાના નકશામાં, અને તેની સાથે સંકળાયેલા નાનામોટા વિગ્રહોની તવારીખમાં વિએટનામનું પ્રકરણ આગવું જ છે. અગાઉ ઈન્ડોચાઈના નામે જાણીતા આ પ્રદેશમાં ફ્રાન્સના તાબામાં પાંચ રાજ્યો હતાં. જેમાંનાં બેએનેમ અને કંબોડિયામાં સ્થાનિક રાજાઓનું શાસન હતું. જો કે આ બંને વચ્ચે સદીઓજૂની શત્રુવટ હતી પણ ફ્રાન્સના કાબૂને કારણે બંને વચ્ચે શાંતિ જળવાતી.

એક કાળે આ પ્રદેશ રેડ રિવર ડેલ્ટા અને દક્ષિણ ચીન સુધી ફેલાએલો હતો. ઈ. પૂર્વે બીજી સદીમાં ચીને આ પ્રદેશ પોતાનામાં ભેળવી દઈ ઈ. ૯૩૮ સુધી ત્યાં શાસન કર્યું. આ દરમિયાન તળ વિએટનામની પ્રજા ચીની સંસ્કૃતિના ઊંડા પ્રભાવ તળે આવી હતી. ડગો ક્યૂએન દ્વારા ચીનથી મુકત થઈ પંદરમી સદી સુધી આ દેશે સ્વાતંત્ર્ય ભોગવ્યું, પણ પછી વંશીય ઝઘડાઓમાં તેનો અંત આવ્યો, અને ફરી ત્યાં ચીને કબજો જમાવ્યો. ઈ.૧૪૨૭માં લ લૂઈએ તેને ફરી સ્વાતંત્ર્ય અપાવ્યું અને લે રાજવંશની સ્થાપના કરી. આ રાજવંશ ૧૭૮૮ સુધી ટક્યો હતો.

અગિયારમીથી અઢારમી સદી દરમિયાન દક્ષિણમાં ચંપા અને કંબોડિયાના પ્રદેશોમાં તેની સીમાઓ વિસ્તરી હતી. ૧૭મી સદીના આરંભમાં આ દેશ બે વિરોધી રાજ્યોમાં વહેંચાએલો હતો, પણ ૧૮૦૨માં દક્ષિણના રાજા ગીઆલોંગે ઉત્તરનો પ્રદેશ જીની લેતાં ફરી આ સમગ્ર દેશ એક થઈ ગયો.

દરમિયાન ૧૬મી સદીથી અહીં યૂરોપીઅનોનાં આક્રમણો પણ આરંભાયાં હતાં, અને ૧૯મી સદી સુધીમાં તો અહીં ફ્રાન્સનું વર્ચસ ઘણું વધી ગયું. ૧૮૯૩માં ઈન્ડોચાઈનીઝ યૂનિયન રૂપે વિએટનામ, લાઓસ અને કંબોડિયા એકબીજાં સાથે જોડાયાં હતાં.

બીજા વિશ્વયુદ્ધ વખતે વિએટનામના સામ્યવાદીઓ અને રાષ્ટ્રવાદીઓ દક્ષિણ ચીનમાં નાસી ગયા અને ત્યાથી તેમણે વિએટનામમાંથી ફ્રેંચોને હટવવાની ચળવળો કરવા માંડી. વિએટ મીન નામે એમનું સામ્યવાદી જૂથ રચાયું અને તેમણે ઉત્તર વિએટનામમાં

વિએટનામના ઘે-આન (Nghe-an) નામક પ્રાન્તમાં હોનો જન્મ. એના આ નામનો અર્થ થાય છે : પ્રબોધક માનવી, પ્રકાશ પાથરનાર માનવી. અને વાત સાચી છે કે એમણે વિએટનામીઓને પ્રબોધિત કર્યા. પણ હો ચી મીન એમનું જન્મનામ નથી. એ તો એમણે સમયેસમયે ધારણ કરેલાં પંદરેક જેટલાં ઉપનામોમાંનું એક છે. એમનું જન્મનામ તો ગુએન ટાટ થાન (Nguyen Tat Thanh). એમનું બાળપણ કંગાલ અને કારમું હતું. ૧૪થી ૧૮ વર્ષની વય દરમિયાન એમણે હુએ (Hue)ની ગ્રામર સ્કૂલમાં ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કરેલું. પછી ફાન થિયેટ (Phan Thiet)માં શિક્ષક તરીકે કામગીરી બજાવી અને સાઈગોનની ટેક્નિકલ ઈન્સ્ટીટ્યૂટમાં તાલીમ પણ મેળવી. પણ આ વ્યવસાયમાં એ લાંબો કાળ ટકયા નહિ. ૧૯૧૧માં એક ફ્રેન્ચ સ્ટીમરમાં એમને રસોઈઆની નોકરી મળી. ત્યારે એમણે પોતાનું ઉપનામ ધારણ કર્યું હતું 'બા'. વળી, ત્રણેક વર્ષ ખલાસી તરીકે કામ કરતાં એમણે અમેરિકામાં ન્યૂ યૉર્ક અને બોસ્ટનની તેમજ આફ્રિકાનાં કેટલાંક બંદરોની મુલાકાત લીધેલી ત્યાર પછી ૧૯૧૫થી '૧૭ સુધી એ લંડનમાં રહ્યા. ત્યાં એક મોટી હોટેલમાં વળી પાછા રસોઈઆ બન્યા. ત્યાંથી એ ફ્રાન્સ ઊપડ્યા. તે વખતે પ્રથમ વિશ્વયુદ્ધ બરાબર જામ્યું હતું. ફ્રાન્સમાં એમણે સફાઈ કામદાર તરીકે અને માળી તરીકે કામ કર્યું, વેઈટર અને ભઠ્ઠીમાં બળતણ નાખનાર તરીકે પણ કામ કર્યું. આ દરમિયાન એ સમાજવાદના રંગે રંગાયા. છ વર્ષ સુધી એ ફ્રાન્સમાં રહ્યા. આ ગાળામાં એ સક્રિય સમાજવાદી બન્યા અને ગુએન આઈ ક્વોક (guyen Ai Quoc) ઉપનામ ધારણ કર્યું. ગુએન આઈ ક્વોક એટલે સ્વદેશાભિમાની ગુએન. એમના આ ઉપનામના સ્વીકાર પાછળ એમની દેશદાઝ પ્રકટ થાય છે. એક મામૂલી પરિવારમાંથી રસોઈઆ બની હો આખરે રાજકારણી બન્યા. ફ્રાન્સમાં વસતા વિએટનામીઓનો એમણે ફ્રાન્સવાસ દરમિયાન એક રાજકીય સંઘ રચ્યો. ૧૯૧૯માં વર્સલ્સ શાંતિ પરિષદમાં ઉપસ્થિત મહાસત્તાઓના પ્રતિનિધિઓના પ્રતિનિધિઓ સમક્ષ એમણે આઠ મુદ્દાનું માગણીપત્ર રજૂ કરતાં ભાષણ કર્યું. આ હતો એમનો પ્રથમ વ્યવસ્થિત સ્વરૂપનો રાજકીય પ્રવેશ. એમણે મુખ્ય માગણી એ કરી કે ઈન્ડોચાઈનામાં વસતી એની પ્રજાને ફ્રેન્ચ સંસ્થાનવાદી સત્તાએ પોતાના જેટલા જ હકો બક્ષવા. અલબત્ત, આ માગણીની કોઈ ફલશ્રુતિ આવી નહિ. પણ આથી રાજકીય સભાનતા ધરાવતા ઘણાબધા વિએટનામીઓના એ આદરણીય નેતા બની ગયા. ફ્રેન્ચ અને બ્રિટિશ સંસ્થાનવાદનાં અનિષ્ટોની આકરી ટીકા કરી. ફ્રાન્સના મજદૂર નેતાઓના એ ગાઢ પરિચયમાં આવ્યા. પરંતુ એમની દૃષ્ટિ અને નેમ વિએટનામી ખેતમજૂરોની સર્વાંગી સ્વાતંત્ર્યપ્રાપ્તિની હતી.

આમ, રાજકીય ક્ષેત્રે સક્રિય અને સમુત્કટ પદાર્પણ કર્યા બાદ ૧૯૨૩માં એ મોસ્કો ગયા. ૧૯૨૪ના જાન્યુઆરીમાં લેનિનના અવસાન પર એમણે હૃદયદ્રાવક શોકાંજલિ પ્રકટ કરી. એ જ વર્ષે જૂન ૧૭થી ૮ જુલાઈ દરમિયાન પાંચમી આંતરરાષ્ટ્રિય સામ્યવાદી પરિષદમાં એમણે સક્રિય ભાગ લીધો. અહીં એમણે જે ભાષણ આપ્યું તેમાં દબાયેલા-કચડાયેલા ખેડૂતોનો ક્રાન્તિમાં ગજબનો ફાળો હોવો જોઈએ એ માન્યતા વધુ સ્પષ્ટ થઈ. આમ, એ દલિત-પીડિત ખેડૂતોના તારણહાર બન્યા. ૧૯૨૪માં એમની આ પ્રવૃત્તિ વધુ વેગવાન બની. લી થુય (Ly Thuy)ના ઉપનામથી એ કેપ્ટન ગયા અને ત્યાં વિએટનામી ક્રાંતિકારી યુવકસંઘ (વિએટનામ થાન નિએન કેચ મેન

ગેરિલા દળો ઊભાં કર્યાં. ૧૯૪૫માં તેઓએ હાનોઈ કબજે કર્યું અને ફ્રેન્ચ ટેકાને કારણે ટકી રહેલા ત્યાંના રાજા બાઓ દાઈને ગાદી પરથી હટાવીને ડેમોક્રેટિક રીપબ્લિક ઑવ વિએટનામની સ્થાપના કરી. ઉત્તર વિએટનામમાં ચીની દળોએ તથા સાથી રાજ્યો વતી દક્ષિણમાં અંગ્રેજોએ કબજો મેળવ્યો. તે પછી પાછા ફરેલા ફ્રેન્ચોએ પ્રથમ દક્ષિણમાં અને ત્યાર બાદ ઉત્તરમાં આગળ વધવા માંડ્યું. ૧૯૪૯માં એમણે બા ઓ દાઈને ફરી ગાદીએ બેસાડ્યો અને તેને રાષ્ટ્રિય સ્વાતંત્ર્યનું વચન પણ આપ્યું.

એ જ વર્ષે સામ્યવાદીઓએ પડોશના ચીની વિસ્તારમાં સત્તા હાથ કરી. વિએટમીનોને પણ તેમણે ઘણી મદદ કરવા માંડી. શાસન સામેની આ લડાઈ ૧૯૫૪ સુધી ચાલી અને અંતે તેમાં ફ્રેન્ચોનો પરાજય થયો. જીનિવામાં એક આંતરરાષ્ટ્રિય શાંતિ પરિષદ યોજાઈ અને ૧૭ અંશ ઉ. અક્ષાંસ પર વિએટનામના ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગ પડ્યા. ઉત્તર વિએટનામમાં સામ્યવાદી સરકાર રચાઈ અને દક્ષિણમાં રાષ્ટ્રવાદીઓ સત્તા પર આવ્યા. એ જ વર્ષે ફ્રેન્ચ યુનિયનમાંથી છૂટા થઈ દક્ષિણ વિએટનામે સ્વતંત્ર શાસન સ્થાપ્યું, અને લોકમત દ્વારા ડગો ડિન ડાએમને રાષ્ટ્રપ્રમુખ બનાવ્યા.



ડોંગ ચી હોઇ)ની સ્થાપના કરી. આગળ જતાં જે 'થાન નિએન'ના ટૂંકા નામે પ્રસિધ્ધ થયો. પોતાના દેશ પરથી ફ્રેન્ચ શાસનનો અંત લાવવા આ સંઘે જંગ આદર્યો. પરન્તુ એ સહુને હદપાર કરાયા. કેન્ટોન આ રીતે ઇન્ડોચાઈનાના રાષ્ટ્રવાદનું પારણું બન્યું.

ઇ.સ. ૧૯૨૭માં ચીની લશ્કરમાં ચાંગ-કાઇ-શેક સેનાપતિ હતા. એમણે ચીની સામ્યવાદીઓને કેન્ટોનમાંથી હાંકી કાઢ્યા. હો ચી મીને ફરી રશિયાનું શરણું લીધું. બે વર્ષ એ બ્રસેલ્સ, પેરિસ, સિયામ (હાલનું થાઈલેન્ડ) વગેરે સ્થળોએ ફરતા રહ્યા. દરમિયાનમાં 'થાન નિએન'ના સભ્યો 'ઇન્ડોચાઈનીઝ' કોમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના કરવા મથી રહ્યા હતા. આખરે હો ચી મીનને સિયામમાંથી પાછા લવાયા. ૧૯૩૦ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે તેઓ 'ઇન્ડોચાઈનીઝ' 'કોમ્યુનિસ્ટ પાર્ટી'ની સ્થાપના સમયે પ્રમુખ બન્યા. એમણે આ સ્થાનેથી અનેકો સાથેના સંઘર્ષમાં સફળ લવાદની ભૂમિકા ભજવી, જેમાં એમની વ્યવહારકુશળતા અને શાણપણનાં દર્શન થાય છે. આને પરિણામે હો ચી મીનની પ્રવૃત્તિઓને આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રસિદ્ધિ અને માન્યતા પ્રાપ્ત થયાં.

એ કાળે એમાં હિંસક તત્ત્વો પણ ભળ્યાં, ફ્રેન્ચોએ કઠોરપણે એ બળવાને દાબ્યો. હો ચી મીનને એમની અનુપસ્થિતિમાં ફાંસીની સજા ફરમાવાઈ. હો નાસીને હોંગકોંગ પહોંચ્યા. પરન્તુ ફ્રેન્ચ પોલીસે એમનો પીછો કર્યો. પણ મિત્રોની સહાયથી એ હોંગકોંગ છોડી શાંગહાઇ થઇ ફરી મૉસ્કો પહોંચી ગયા. ફાસી જર્મન સામે લડત આપી રહેલ બિન-સામ્યવાદી વિચારસરણી ધરાવનાર પોપ્યુલર ફ્રન્ટ સાથે તેમણે સમાધાન કર્યું. પરન્તુ ૧૯૩૮માં પોપ્યુલર ફ્રન્ટનો એક તરફથી અંત આવ્યો અને બીજી તરફથી બીજા વિશ્વયુદ્ધનો આરંભ થયો. આ સમયે હો ચીન પાછા ફર્યા અને યેન-આનમાં માઓ ત્સે-તુંગ સાથે રહ્યા. ૧૯૪૦માં જ્યારે ફ્રાન્સને જર્મનીએ પરાજિત કર્યું ત્યારે તે તકનો હોએ પોતાના બે અધિકારીઓ વો ગુએન ગીઆપ અને ફામ વાન ડોંગ સાથે મળીને પોતાના દેશબાંધવોની આઝાદીના હેતુ માટે લાભ ઉઠાવ્યો. લગભગ આ ગાળામાં એમણે 'હો ચી મીન' ઉપનામ ધારણ કર્યું. ૧૯૪૧ના મે મહિનામાં ઉકત ત્રિપુટી અને બીજા કેટલાક બિરાદરોએ મળીને વિએટનામી રાષ્ટ્રવાદને વધુ ઉત્કટ બનાવવા 'વિએટ મીન' નામક સંસ્થાની સ્થાપના કરી. આ ટૂંકા નામે ઓળખાતી સંસ્થાનું આખું નામ હતુંઃ 'વિએટ નામ ડોક લેપ ડોંગ મીન હોઈ' (વિએટનામનો સ્વાતંત્ર્યસંઘ) હતું. આ સંઘને ચીનમાં ચાંગ કાઈ-શેકની સહાય અને પ્રોત્સાહન મળ્યાં. પરંતુ શાંગ કાઈ-શેકને હો પર વિશ્વાસ ન બેઠો અને એમની ધરપકડ કરી, અને ચીનમાં ૧૮ મહિનાની કેદ ફટકારી. આ જેલનિવાસ દરમિયાન હોએ પ્રશિષ્ટ ચીની ભાષામાં જે ટૂંકાં ઊર્મિકો રચ્યા તે પછીથી 'નોટબુક ફ્રોમ પ્રિઝન' નામે પ્રકટ થયેલાં. મિત્રોની દરમિયાનગીરીથી છેવટે હોને મુકત કરાયા.

આ અરસામાં એટલે કે ૧૯૪૫માં જપાન ઈન્ડોચાઈના પર વ્યાપી વળ્યું અને ત્યાંના ફ્રેન્ચ અધિકારીઓને કેદ કરી લીધા. છ મહિના બાદ જ અમેરિકાએ હિરોશિમા પર ઍટમ બૉમ્બ નાખ્યો અને જપાન સંપૂર્ણપણે પરાસ્ત થયું. આ બે ઘટનાઓ એવી બની કે 'વિએટ મીન' અને હોના બે માતબર વિરોધીઓ નેસ્તનાબૂદ થઈ ગયા. આ તકને ઝડપી ના લે તો હો 'ચી મીન' શાના ? અમેરિકન લશ્કરી ટુકડીઓ સાથે સંધિ કરી અને દક્ષિણ ચીનમાં પર્વતમાળામાં

અમેરિકન સહાયથી દક્ષિણ વિએટનામે ઝડપથી પ્રગતિ સાધવા માંડી, પણ સામ્યવાદીઓએ આદરેલા આતંક, હિંસા અને ભાંગફોડ વગેરેને કારણે એમના સમગ્ર પ્રદેશ પરના કાબૂ ઉપરાંત આર્થિક, સામાજિક સ્થિતિ તેમજ એમની રાષ્ટ્રિય સ્થિરતા સામે સદાય ભય તોળાઈ રહેતો. અલબત્ત, આની પાછળ ઉત્તરે વિએટનામના સામ્યવાદી વિએટકૉંગનો દોરીસંચાર તો હતો જ, અને તેઓ કેટલીક મદદો પણ પહોંચાડતા. એમની નેમ દક્ષિણ વિએટનામની સરકાર ઉથલાવવાની હતી. આની સામે પ્રમુખ ડએમે જે કડક પગલાં લીધાં તેમાં નાગરિક સ્વાતંત્ર્ય ઉપર પણ મર્યાદાઓ આવી ગઈ, અને લોકોમાં એની સામે અસંતોષ વધતો ગયો. અંતે ૧૯૬૩માં ત્યાંના સૈન્યે સરકાર ઉથલાવી નાખી અને પ્રમુખ ડએમની હત્યા થઈ.

પછી તો એક પછી એક સરકારો બદલાતી ગઈ અને રાજકીય અસ્થિરતા ફેલાઈ ગઈ. ૧૯૫૯થી સામ્યવાદીઓએ આરંભેલી હિંસક લડતો સામે દક્ષિણ વિએટનામનો પક્ષ લઈ અમેરિકાએ તેને લશ્કરી સામગ્રી, ટૅક્નિશીઅનો તથા સલાહકારો, અને ૧૯૬૫થી તો સૈનિકો પણ પૂરા પાડવા માંડેલા, પણ ૧૯૬૮ના માર્ચમાં પ્રમુખ જહોન્સને ૨૦ અંશ ? અક્ષાંશની ઉપરના વિસ્તારમાં એ બંધ કરાવ્યા હતા. પછી તો બંને વિએટનામો વચ્ચે શાંતિ સ્થાપવા માટે વાટાઘાટો પણ ચાલી, પરંતુ તેમાં ખાસ કંઈ પ્રગતિ સધાતી નહોતી.

ઉત્તર-દક્ષિણ વિએટનામની આ લડાઈ પછી તો જાણે ત્યાંના બળવાખોરોએ અને અમેરિકા વચ્ચેના યુદ્ધ જેવી બની ગઈ. લાખો લોકોની જાનહાનિ જ નહિ, ત્યાંનું સમગ્ર સામાન્ય જીવન તદ્દન ચૂંથાઈ ગયું. સેંકડો ગામ-કસ્બાઓ તારાજ થઈ ગયાં. ૧૯૬૮ના ફેબ્રુઆરીમાં તો બળવાખોરોએ એક સૌથી વધુ લશ્કરી મથકો અને ગામ-શહેરો પર હુમલા કરી ઘણાં પર પોતાનો કાબૂ જમાવી દીધો. મદદના નામે સામ્યવાદીઓ સામે વિએટનામમાં યુદ્ધમાં ઊતરેલા અમેરિકા માટે આ યુદ્ધ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યું એમની અદ્યતન યુદ્ધસામગ્રી, મબલખ દારૂગોળો, અસંખ્ય હવાઈ હુમલા અને લાખો સૈનિકો હોવા છતાં અમેરિકા બળવાખોરોના જુસ્સાને નરમ પાડી શકયું નહિ. એમને માટે જીત મેળવવી તો અશકય હતી જ, પણ યુદ્ધ જારી રાખવામાં યે કોઈ લાભ નહોતો. અંતે આ પરિસ્થિતિ સમજી જઈ વિએટનામ ખાતેના અમેરિકન જનરલ વિલિયમ વેસ્ટમોરલેન્ડની વધુ ૨૦૬૦૦૦ સૈનિકો મોકલવાની માંગને પ્રમુખ

પોતાના શત્રુઓ સામે વિએટ મીને ગેરિલાયુદ્ધ આપ્યું. ૧૯૪૫ના વસંતમાં હોની દોરવણી નીચે વો ગુએન ગીઆપે સૈન્ય સ્થાપ્યું અને વિએટનામની રાજધાની હાનોઈ તરફ કૂચ આદરી, અને ૧૯મી ઑગસ્ટે હાનોઈમાં પ્રવેશ કર્યો. બીજી સપ્ટેમ્બરે બા દિન સ્કેવરમાં જંગી માનવમેદની વચ્ચે હોએ વિએટનામને સ્વતંત્ર જાહેર કર્યું.

પણ હજુ હો માટે સ્વાતંત્ર્યનું સુખ સહેલ નહોતું. હોને હજુ પગ વાળીને બેસવા વારો આવ્યો નહોતો. ફ્રાન્સ હજુ ઘુરકિયાં કરી રહ્યુંહતું. ચાલ્સ દ ગોલ વિએટનામની આઝાદીના સ્વપ્નને સિધ્ધ થયેલું જોવા નહોતા માગતા આથી ફ્રાન્સ જનરલ લકલર્ક (Leclerc)ની આગેવાની નીચે સાઈગોન પર ૧૯૪૫ના ઑકટોબરની છઠ્ઠી તારીખે ત્રાટક્યું હવે ? કાં તો હો ચી મીને પૂરી તાકાતથી સામનો કરવો રહ્યો અથવા ફ્રાન્સ સાથે વાટાઘાટો કરવી રહી. હો જાણતા હતા કે એમની પાસે મહાસત્તાઓને મુકાબલે લશ્કરી તાકાત ઘણી ઓછી હતી. પરંતુ એમનું અને વિએટનામની પ્રજાનું ખમીર અનેકગણું હતું. આમ છતાંય હો ચી મીને તત્કાલ તો વ્યવહારબુદ્ધિનો આશ્રય લઈ ફ્રાન્સ સાથે વાટાઘાટો કરવાનું પસંદ કર્યું એમાં એમની પીછેહઠ નહોતી, પરંતુ વ્યવહારપટુતા હતી. કારણ કે ફ્રાન્સ સાથે વાટાઘાટો કરી ઉત્તરમાં જામી પડેલા ચીની દળને હઠાવવાની એમાં યોજના હતી. આ યોજના દ્વારા આખરે ફ્રાન્સ સાથે સંધિ કરી પોતાના દેશમાં ઐક્ય સ્થાપી સ્વાતંત્ર્ય સિધ્ધ કરવાની દૂરંદેશી બુધ્ધિ હતી. પરંતુ આ યોજના ય ઊંધી વળી. ફ્રાન્સ અને હો વચ્ચે મડાગાંઠ પડી, કારણ કે ફ્રાન્સ વિએટનામના સ્વાતંત્ર્યને સ્વીકારતું નહોતું. વળી પાછી મુશ્કેલી ! આમ છતાંય ખૂબ વચારવિમર્શને અંતે હો ચી મીન 'વિએટ મીન' સિવાયના અન્ય પક્ષોને ફ્રેન્ચ સરકારમાં પ્રતિનિધિત્વ સ્વીકારવા સમજાવી શકયા. પરિણામ એ આવ્યું કે ફ્રેન્ચ સરદાર લકલર્કની દરમિયાનગીરીથી ઉત્તર વિએટનામમાંથી ચીની ટુકડીઓ પાછી ફરી હોએ ફ્રેન્ચ સરકાર સાથે ૧૯૪૬ના માર્ચની છઠ્ઠીએ સહીસિક્કા કર્યાં અને ફ્રેન્ચ સંઘમાં વિએટનામને તેની પોતાની સરકાર, તેનું પોતાનું સૈન્ય અને પોતાનું અર્થતંત્ર રચવાનું સ્વાતંત્ર્ય આપ્યું. પરંતુ ૧૨ જ દિવસ પછી લકલર્ક થોડી ટુકડીઓ સાથે હાનોઈમાં પ્રવેશ્યો. ફરી પાછું ભંગાણ ! પણ નાસીપાસ થાય તે હો નહીં. વળી પાછા હો ફ્રાન્સ ગયા. વળી પાછી મંત્રણાઓ શરૂ થઈ. ફ્રેન્ચ સરકાર સાથે સપ્ટેમ્બર ૧૯૪૬માં બીજી વાર એમણે સંધિ કરી. હાશ કરવાનો વારો આવ્યો તો ખરો ; પરંતુ એ કેવળ ભ્રાંતિરૂપ બની ગયો. ૧૯૪૬ના નવેમ્બરની ૨૦થી ૨૩ તારીખો દરમિયાન ફ્રેન્ચ લશ્કરી નૌકાએ હાઈફોંગ ગામ પર ગોળીઓ વરસાવી. ૬૦૦૦ જેટલા વિએટનામીઓએ જાન ગુમાવ્યા. હો ચી મીનની ધીરજ અને શ્રધ્ધા હવે કસોટીએ ચડ્યા. એમનાં ઝનૂની સૈનિક અનુયાયીઓ હવે વળતો હુમલો કરવા હોને કહેવા લાગ્યા. સમયનો તકાદો હો પામી ગયા. એમણે લશ્કરી અનુયાયીઓને લીલી ઝંડી આપી અને ૧૯૪૬ના ડિસેમ્બરની ૧૯મી તારીખે એ ઈન્ડોચાઈના યુધ્ધનો આરંભ થયો. આ હતું પ્રથમ ઈન્ડોચાઈના યુધ્ધ. હોએ ફ્રાન્સ સાથે સમજૂતીના સતત પ્રયાસો તો કર્યા, પણ એમાં કશી બરકત આવી નહીં. ફ્રેન્ચ સરકારે નવી ચાલ અપનાવી. વિએટનામના ક્રાંતિકારીઓની તરફેણમાં ગાદીત્યાગ કરનાર ત્યાંના સમ્રાટ બાઓ દાઈ (Bao Dai)ને ફરી સત્તા પર મૂકવાનો ફ્રેન્ચ સરકારે પ્રસ્તાવ મૂક્યો. પણ 'વિએટ મીન' પક્ષને આ સ્વીકાર્ય નહોતું. એણે તો ફ્રેન્ચ અને બાઓ દાઈનાં સૈન્યો સામે ગેરીલા

પ્રમુખ જહોન્સને નકારી કાઢી ઉત્તરમાં બૉંબમારા કરવા પર પ્રતિબંધ મૂકયો. આ પ્રતિબંધથી હાનોઈ (ઉ.વિએટનામ) અને અમેરિકા વચ્ચે વાટાઘાટો યોજવાની શકયતા ઊભી થઈ. ૧૯૬૮ની ૧૩મે થી પેરિસમાં તેનો આરંભ થયો. નવેમ્બર '68 માં સમગ્ર વિએટનામાં હવાઈ હુમલા બંધ થયા અને વાટાઘાટોમાં સાઈગોનના પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવ્યા. ધીરે ધીરે અમેરિકન દળોને પાછાં ખસેડી લેવાનું વિચારાયાં છતાં બીજી બાજુ યુદ્ધ પણ ચાલવું જ રહ્યું હતું. અંતે ૧૯૭૩ના જાન્યુઆરીમા ૬૦ દિવસમાં જ અમેરિકા પોતના દળો પાછા ખેંચી લે તે શરતે યુદ્ધવિરામની સમજૂતી થઈ, અને આ સમજૂતીની શરતોનું બરાબર પાલન થાય તે પર દેખરેખ માટે એક આંતરરાષ્ટ્રિય કમિશન પણ નિમાયું હતું.

વિએટનામના ઉત્તર અને દક્ષિણ એમ ભાગ પડયા.

ઉત્તર વિએટનામનું ક્ષેત્રફળ ૬૧૨૯૩ ચોરસ માઈલ છે. ઉત્તરે સામ્યવાદી ચીન, પૂર્વે ટૉન્કિન ઉપસાગર અને દક્ષિણ ચીની સાગર, દક્ષિણે દક્ષિણ વિયેટનામ અને પશ્ચિમે લાઓસથી વિંટળાયેલો પ્રજાસત્તાક દેશ. પાટનગર હાનોઈ. પ્રજા વિએટનામીઓ ઉપરાંત તાય, મુઑંગ, અને થાઈ લોકોની, બૌદ્ધ, તાઓઈમી, કોન્ફયુશીઅન અને રોમન કેથોલિક. વિયેટનામી ઉપરાંત ફ્રેન્ચ અને ચીની ભાષાનું ચલણ. ચોખા અને શેરડી મુખ્ય ખેતપેદાશ, અને ખાદ્ય પદાર્થો કાપડ, રેશમ, સીમેન્ટ, ખાતર, યંત્રો વગેરેનું ઉત્પાદન. કોલસો, ફોસ્ફેટ, મીઠું, લોઢું, જસત, ટંગસ્ટન, એપેટાઈટ વગેરે ખનિજ પેદાશ. નાણાંકીય એકમ 'દોંગ'. રાષ્ટ્રધ્વજ લાલ ભોંય પર કેન્દ્રમાં સોનેરી તારક.

દક્ષિણ વિએટનામ ઉત્તરે ઉ.વિએટનામ, પૂર્વે અને દક્ષિણે દક્ષિણ ચીની સમુદ્ર અને પશ્ચિમે કંબોડિયા, લાઓસ અને સાએમ (સિયામ)થી વિંટળાયેલો ૬૫૭૨૬ ચો.માઈલ વિસ્તારનો લોકશાહી દેશ. પાટનગર સાઈગોન મુખ્યત્ત્વે વિએટનામી ઉપરાંત ચીની, મોન્ટેગ્નાર્ડ, કંબોડિયન ચામ અને મલયક પ્રજા. તાઓ બૌદ્ધ અને રોમન કેથોલિક ધર્મનું ચલણ. ભાષા વિયેટનામી, ફ્રેન્ચ અને ચીની. ચોખા, રબ્બર, ચા, કૉફી, તમાકુ, શેરડી, અને મગફળીની ખેતપેદાશ. પ્રાપ્ય ખનિજ કોલસો, સોનું, મોલિબ્ડિનમ અને ફોસ્ફેટ. નાણાંકીય એકમ 'પીઆસ્ટ્રે'. રાષ્ટ્રધ્વજ પીળી ભોંય ઉપર મધ્યમાં આડા ત્રણ લાલ પટ્ટા.

સં.

યુદ્ધનીતિ અખત્યાર કરી બન્નેને હંફાવ્યા. આખરે ૧૯૫૩ના અંત ભાગે ઘણોખરો ગ્રામપ્રદેશ 'વિએટ મીને' કબજે કરી લીધો. 'વિએટ મીન'નું લશ્કર અનેક શહેરોને પણ ઘેરી વળ્યું. ૧૯૫૪ના મેની ૭મી તારીખે ડિએન બિએન ફુ નજીક ફ્રેન્ચ લશ્કરનો પરાજય થયો. બાજી હવે પલટાઈ. પલ્લું હો ચી મીનની તરફેણમાં નમ્યું. હવે ફ્રેન્ચોને વાટાઘાટો કરવાનો વારો આવ્યો. ૧૯૫૪ના મેથી જુલાઈ દરમિયાન આઠ દેશો જીનિવામાં કોઈ ઉકેલ શોધવાની મંત્રણા માટે એકત્ર થયા. એમાં હો ચી મીનના ટેકેદારો તથા બાઓ દાઈના ટેકેદારો પણ હતા. આ મંત્રણા પ્રમાણે ૧૯૫૬માં ચૂંટણી આપવામાં આવી. ચૂંટણી બાદ વિએટનામની સંયુકત સરકારની રચના કરવી એવી દરખાસ્ત થઈ. પરંતુ દક્ષિણ વિએટનામ અને અમેરિકા દ્વારા આ ચૂંટણીની દરખાસ્ત ફગાવી દેવાઈ.

હો ચી મીન તો ઉત્તર વિએટનામમાં સ્થિર થયા હતા. ત્યાંની પ્રજા મુખ્યત્વે ગરીબ ખેડૂતોની બનેલી હતી. આ સહુને ચીન અને રશિયા તરફ મદદ માટે મીટ માંડવી પડી. આવા સંજોગોમાં હો ચી મીન ઉત્તર વિએટનામની પ્રજાના એકમાત્ર શ્રદ્ધેય નેતા સ્વીકારાયા. એમની લોકપ્રિયતા એટલી બધી વધી કે ત્યાંના લોકો એમને 'અંકલ' તરીકે બિરદાવવા લાગ્યા. એમણે પોતાની પ્રજાના હિતાર્થે ૧૯૫૫માં મોસ્કો અને પેકિંગનો પ્રવાસ ખેડ્યો. તો ૧૯૫૮માં જાકાર્તા અને ભારતનો પ્રવાસ પણ ખેડ્યો. આ પ્રવાસો દરમિયાન બે પ્રબળ સામ્યવાદી રાજ્યો-રશિયા અને ચીન-વચ્ચે એમણે બુધ્ધિચાતુર્યથી સમતા જાળવી. જ્યારે વિએટનામને યુધ્ધમાં પાછું સંડોવાવું પડ્યું ત્યારે આ બન્ને સામ્યવાદી સામ્રાજ્યોની હો ચી મીન સહાય મેળવી શક્યા હતા. અમેરિકા-પ્રેરિત દક્ષિણ વિએટનામના સંઘર્ષમાં ત્યાંના નેતાઓએ ઉત્તર વિએટનામમાંથી હો ચી મીનની સહાય માંગી એ વખતે ઉત્તર વિએટનામ કે જેમાં સમાજવાદની સ્થાપના થઈ હતી. તેની સાથે દક્ષિણ વિએટનામ એકત્વ સાધવા ઝંખી રહ્યું હાનોઈમાં મળેલી લાઓ ડોંગ (lao dong કામદાર પક્ષ)ની ત્રીજી પરિષદમાં ઉત્તર અને દક્ષિણ વિએટનામનું ઐક્ય સધાય તે સ્વીકારવામાં આવ્યું. હો ચી મીને પક્ષના મંત્રી તરીકેનું પોતાનું સ્થાન લ દુઆનને સોંપી દીધું. અલબત્ત, એ પક્ષના મોવડી તો રહ્યા, પરંતુ હવે પછીથી એમણે બધી જ પ્રવૃત્તિઓ પડદા પાછળ રહીને કરવાનું મુનાસીબ માન્યું. સરકારમાં પોતે ન રહીને પણ પોતાની તેજસ્વી નિઃસ્વાર્થ પ્રતિભાથી સરકારને સતત દોરવણી આપ્યા કરી. જેમ આપણે ત્યાં મહાત્મા ગાંધીએ લોકહૈયામાં સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું તેમ હો ચી મીને સત્તા પર ન રહીને લોકસત્તા જમાવી હતી. હો નો પડ્યો બોલ ઝીલવા સહુ તૈયાર હતા. વિભકત વિએટનામને એક તારથી બાંધનાર હતા હો ચી મીન. આ પ્રજાવત્સલ નેતાની લોકપ્રિયતા અભૂતપૂર્વ અને અદ્વિતીય બની રહી. આમ, હો ચી મીન વિએટનામના ગાંધીજી બની ગયાં.

ત્યાં તો ૧૯૬૫માં અમેરિકાએ ઉત્તર વિએટનામ પર હવાઈ હુમલો કર્યો. આ ધીર વીર હો ચી મીન બેસી કેમ રહે? એઓ વધુ સક્રિય બન્યા . પોતાનાં લોકોને એમણે ૧૯૬૬ની ૧૭મી જુલાઈએ મહત્ત્વનો સંદેશો પાઠવ્યો:

'વિએટનામીઓને હૈયે સ્વાતંત્ર્ય અને મુકિત જેવું વહાલું બીજું કશું જ નથી.'

એમના આ શબ્દો ઉત્તર વિએટનામની પ્રજા માટે સૂત્રરૂપ બની ગયા. અમેરિકા સાથે યુધ્ધ જારી જ હતું. અમેરિકાએ વચ્ચે વાટાઘાટો માટે કહેણ તો મોકલ્યું, પરંતુ હો ચી મીને ૧૯૬૭ની ૧૫મી ફેબ્રુઆરીએ સંભળાવી દીધું:

'બોંબવર્ષાની ધાકધમકી વચ્ચે વાટાઘાટો કરવાનું અમે સ્વીકારતા નથી.'

હો ચી મીને મોટા મોટા ચમરબંધીઓને પણ નમતું જોખ્યું નહિ. એમને મન દેશની સંપૂર્ણ આઝાદી એ જીવનમંત્ર હતો. અલબત્ત, ૧૯૬૯ના સપ્ટેમ્બરની ત્રીજી તારીખે હૃદયરોગના હુમલાથી એમનું અવસાન થયું ત્યારે દેશબાંધવોની સંપૂર્ણ આઝાદી ઝંખતી તેમની આંખ જાણે અધવચ્ચે જ મીંચાઇ ગઈ! પરંતુ એમણે ગુલામીની જંજિરોમાં વિએટનામી પ્રજાને બાંધી રાખનાર મહાસત્તાઓ અને સંસ્થાનવાદી રાજ્યપદ્ધતિ સામે આજીવન યુદ્ધ ખેલ્યું. ૨૦મી સદીમાં કદાચ અનેક પ્રજાઓએ આઝાદી માટે લડત આપી છે, પણ તે સૌમાં હોની લડત સૌથી મોટી, મોખરાની, મહત્ત્વની અને મહામૂલી છે.

વિએટનામની આઝાદી માટે વર્ષો સુધી અણનમ અને અગ્રિમ નેતાગીરી પૂરી પાડનાર હો ચી મીનની જન્મશતાબ્દીના આ વર્ષે એમની પ્રજાપ્રીતિ અને સ્વાતંત્ર્યપ્રીતિ વિશ્વભરમાં સૌ પ્રજાનેતા અને સ્વાતંત્ર્યનેતાને માટે આદર્શ અંજલિ ધરવાની ઘડી છે. વિએટનામ અને હો ચી મીન અવિભાજ્ય છે એ તો સાચું જ, પણ હો ચી મીન દલિતપીડિત માનવજાતના સ્વાતંત્ર્ય માટેનું સનાતન પ્રતીક છે. □

પરસ્પર

(સમભાવભર્યા છતાં સ્વતંત્ર બે દ્રષ્ટિકોણની વાર્તા)

* ભગવતીકુમાર શર્મા *

નામ મારું હેમન્ત જશવંતલાલ મહેતા. તે હેમન્તને બદલે હિંમતસિંહ રાઠોડ, હરભજનસિંહ સંધુ કે હૈદરખાન પઠાણ હોત તો કેવું સારું થાત ! તો મેં ડિમ્પીનું ગળું દબાવી દીધું હોત. અથવા તેને ઘરમાંથી કાઢી મૂકી હોત. તેની સાથેના સંબંધોના નામનું નાહી નાખ્યું હોત. 'આજથી હું તારો બાપ નહિ. તું મારી દીકરી નહિ ' એવું કહી દીધું હોત. પણ આ મારું 'હેમન્તપણું, હેમન્ત જશવંતલાલ મહેતા' આડું આવે છે. ગુસ્સે નથી જ થયો એવું નહિ કહું. બે'ક વાર તેને મોટે સાદે વઢ્યો ય છું, છેલ્લા થોડાક દિવસોમાં પછી હું જ દુઃખમાં રગદોળાયો છું. ગુસ્સા કરતાં વેદના બળવત્તર નીવડી છે. આંખોની રતાશ આંસુની ભીનાશ આડે ઢંકાઈ ગઈ છે. શો ઉપાય એનો ? 'હેમન્ત જશવંતલાલ મહેતા' ન હોવું એ જ, પણ મારું હેમન્તપણું રહીરહીને મને પૂછે છે : ડિમ્પી, ડિમ્પલ મારી સાત ખોટની દીકરી સાથે હું આ રીતે વર્તી શકું? કયારેક તેને મેં ઊંચે સાદે એક કડવો અક્ષર કહ્યો નહોતો, આંગળી ય અડાડી નહોતી ; હથેળીના છાંયડા કર્યા હતા ; એને એની મમ્મીની ખોટ ન લાગે તે માટે બધું કરી છૂટવામાં કશું બાકી રાખ્યું ન હતું. સ્મિતા તેને ચાર વર્ષની મૂકીને મૃત્યુ પામી હતી. ડિમ્પીને તેનો ચહેરો યે યાદ નથી. છબીમાં જોઈ છે એટલું જ. જુવાન હતો હું સ્મિતાના અવસાન વખતે. ધાર્યું હોત તો બીજું લગ્ન કરી શકયો હોત. ઑફરો પણ આવી હતી. સગાંસંબંધીઓએ સમજાવટ, દબાણ પણ કર્યાં હતાં. હું અડગ રહ્યો હતો. ડિમ્પીને માટે જ. ગમે તેવું પાત્ર ઘરમાં આવે અને દીકરી દુઃખી થઈ જાય. મારી જુવાન અવસ્થા તો આમ વીતી જશે. ડિમ્પીનું ભવિષ્ય તો સુધરે. સ્વજનોની દલીલો ખૂટે તેમ ન હતી : 'દીકરીની જાત...મોટી થઈને સાસરે જશે...ઘડપણમાં તમારું કોણ ? માંદે-સાજે તમને પાણી પાનાર...?' હું વાતને રમૂજમાં રોળીટોળી નાખતો : 'હું ડિમ્પલની સાથે તેને સાસરે જઈને રહીશ !' પછી એ જ લોકોએ મારાં ગુણગાન ગાવા માંડ્યાં : 'બાપ તે આનું નામ ! દીકરીના સુખ ખાતર...' પાણીમાંના કમળ જેવું રહેવું એ જ મારે માટે યોગ્ય હતું. પણ ખરેખર ભરયુવાનીમાં પણ મેં બીજું લગ્ન ન કર્યું. એ વાત મારા મનમાં ચોસલાની જેમ જામી નહિ ગઈ હોય ?

વખત તો જાણે પંખીની જેમ ઊડી ગયો ! વીસ વર્ષ આંખના પલકારામાં સરકી ગયાં. મને તો એવું લાગ્યું જ. જો કે કોઈકોઈ વાર ડિમ્પીને__છોકરીને__ ઉછેરવામાં કષ્ટ પણ પડ્યું ; કયારેક તો તે અસહ્ય પણ લાગ્યું ; આ બધું હું દીકરીને ખાતર કરી રહ્યો છું એ વિચારે મને બળ ન આપ્યું હોત... પણ આખરે બધી મહેનત લેખે લાગી. જે ભોગ આપ્યા મેં તે પાણીમાં ન ગયા. ડિમ્પલ જે નીખરી આવી ! રૂપ તો ખરું જ. વાણીવર્તનનાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં. ફિલોસોફી સાથે એમ.એ. કર્યું. પ્રથમ વર્ગ તો આવે જ. કૉલેજમાં અધ્યાપકપદ મળ્યું. દીકરી આવી હોય તો જ જીવતર સાર્થક લાગે. આ તો મારું સંતાન__બલકે પૂરેપૂરું, મારું સર્જન. સ્મિતાએ તો માત્ર જન્મ આપ્યો. તેનું ઘડતર મેં કર્યું. શિલ્પી આરસમાં ઝીણાંમાં ઝીણી અને સુન્દરમાં સુન્દર રેખાઓ કંડારે તેવું. આટલું બધું કૌશલ મારામાં હતું, એમ? હોવું જ જોઇએ. ડિમ્પીનું ઘડતર કાંઇ રમત-વાતમાં થયું ન હતું ; પળેપળની કાળજી, પગલેપગલાનું જતન. તો મિસ્ટર હેમન્ત જશવન્તલાલ મહેતા, આ છે તમારી જિન્દગીની મોટામાં મોટી અને સાચી સફળતા ! ગૌરવ અનુભવી શકો છો તમે ! છૂટ છે તમને તેની !

ના, હજી જરાક - જરાક જ વાર છે. ડિમ્પીને સુશીલ, સંપન્ન, તેને શોભે તેવા, સુશિક્ષિત જુવાન સાથે પરણાવી દઉં એટલી જ, એક પગલું ઉપાડવા અને માંડવા જેટલી. પણ...

પરાક્રમ જયારે પોતાનું નામ બોલે છે ત્યારે 'પ્રાક્રમ' એવો ઉચ્ચાર કરે છે. તે સાંભળીને મને રમૂજ થાય છે ખરી, પણ બીજી વાતે પરાક્રમમાં કશી ઊણપ નથી. મને તો વર્તાની નથી. છ ફુટ ત્રણ ઈંચની ઊંચાઇ, શરીર કસાયેલું, ભરાવદાર, વાંકડી મૂછો, પહોળા ખભા, લાલઘુમ્મ આંખો, 'હીમેન' જ લાગે અદ્દલ ! તેમાંય તેણે તેનો પોલીસનો યૂનિફોર્મ પહેર્યો હોય ત્યારે જે દમામ વર્તાય છે ! સગી આંખે જોઇએ અને મનથી અનુભવીએ તો જ સમજાય! અવાજ પણ એનો બુલંદ, કરડો, ભલભલા આરોપીઓ થથરી ઊઠે તેવો. પોલીસ-ખાતામાં તો તે જ હોય ને? ત્યાં પંતુજી કે કવિ નું શું કામ? પરાક્રમસિંહ જાડેજા હવે પી. એસ. આઇ. બનવાને આરે છે. હાલ હેડ કૉન્સ્ટેબલ છે. પણ પ્રભાવ કમિશનર જેટલો પડે છે. એક્સ્ટર્નલ ડિગ્રીની અને ખાતાની પરીક્ષાઓ આપીને તેણે પી. એસ. આઇ.ની પોસ્ટનું પાકું કરી નાખ્યું છે. તેણે જ મને વચન આપ્યું છે : 'ડિમ્પી, મારી કામગીરી અને લાયકાતથી હું સહુથી ઊંચા હોદ્દા પર પહોંચ્યા વિના નહિ રહું. ગરીબીમાંથી, આટલો ઊંચો આવ્યો છું. અહીં અટકવાનો નથી.' 'પણ અત્યારે તો તું જમાદાર કે હવાલદાર જ કહેવાય ને?' એમ હું માત્ર રમૂજમાં કહું છું તો યે તે તેનો ગુસ્સો રોકી શકતો નથી; મારું કાંડું આમળી નાખે છે. 'હું કાંઇ તારી આરોપી નથી!' મારા ખડખડાટ હાસ્યમાંથી માંડ શબ્દો ઊછળે છે.

એ નમતે પહોરે પણ તેણે આ જ રીતે ક્રોધથી આંખો રાતી કરી હતી ને? કાંડું આમળવાનું જ બાકી રાખેલું, ઘર પપ્પા બીમાર

હતા. કોલેજથી નીકળતાં મોડું થઇ ગયું હતું તેથી હું મારું કાઇનેટિક પૂરમાં ભગાવતી હતી. ટ્રાફિકની લાલ બત્તી થઇ ગઇ તેનો પણ મને ખ્યાલ ન રહ્યો. હું ધસી ગઇ. પરાક્રમ ત્યારે ટ્રાફિક બ્રાન્ચમાં હતો. તે સિસોટી વગાડતો, હાકોટા પાડતો, ડોળા કાઢતો કકડાવતો, હાથમાં ડાયરી-પેન્સિલ સાથે વાઘની જેમ ત્રાટક્યો. મારા બધા વેગને તેણે પળવારમાં મૂર્છિત કરી નાખ્યો, મુખ્યત્વે તો તેની આંખોની કરડાકીથી. બધું ભૂલી હું મારી સમગ્રતાથી તેના ભણી જોઇ રહી. પુરુષ. એક શબ્દ પડઘાયો મારાં અંતસ્તલમાં. એ શબ્દનો સાચો, સોયની અણી જેવો અર્થ પણ મને સમજાયો, એક ક્ષણમાં. મેં જોયા હતા નજીકથી, દૂરથી, શાણા, ઠાવકા, સજ્જન, વેવલા, વિનમ્ર, સંસ્કારી, વેદિયા, ઉધ્ધત, રોતલ, સોહામણા, બેડોળ, તંદુરસ્ત, માંદલા, નિસ્તેજ, નફ્ફટ, પ્રતિષ્ઠિત; પણ ખરો પુરુષ તો આ. ફિલોસોફી, સાથેની એમ.એ.ની પદવી, અધ્યાપિકાનું પદ, કાળજીભર્યો ઉછેર, ઘરનું વાતાવરણ, પપ્પા—બધું એમાં ઓગળી, વિખરાઇ જતું લાગ્યું...

છએક મહિના પછી પપ્પાને મેં તેનો પરિચય કરાવ્યો : 'આ મારો ખાસ દોસ્ત પરાક્રમસિંહ જાડેજા.' ત્યારે એ તેના ગણવેશમાં હતો. તેણે સેલ્યૂટ ઠોકી, અને ત્યારે પપ્પા...

પોલીસ ? હેડ કોન્સ્ટેબલ હોય અને પોલીસ કમિશનર થવાની ઇચ્છા રાખતો હોય તેથી શું? મારી ફિલોસોફીની અધ્યાપિકા દીકરીનો 'ખાસ દોસ્ત' પોલીસ? ('પપ્પા, આ તમારો પૂર્વગ્રહ છે!') 'ખાસ દોસ્ત' આ બે શબ્દોનો અર્થ હું ન સમજું તેવો ભોટ નથી. ('તે સારી વાત છે પપ્પા! મારે એટલો ખુલાસો કરવો મટ્યો.') ડિમ્પી જેવી ઊંચું ભણેલી, બુધ્ધિશાળી, સમજુ, શાણી, નમણી છોકરીની પસંદગી આવી હોઇ શકે? ('તમે કહ્યા તે બધા ગુણો હું ધરાવતી હોઉં તે મારો અપરાધ તો નથી ને પપ્પા?') એનો બરોબરિયો કોઇ પ્રોફેસર, પ્રિન્સપાલ, ડોક્ટર, ઍડ્વોકેટ ('હું આગળ ગણાવું પપ્પા? ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ, આર્કિટેક્ટ, બિઝનેસ એકઝિક્યુટિવ,બેન્કર... એમ જ ને? તમારી દુનિયા આટલામાં જ સીમિત છે કેમ પપ્પા?')... તેને બદલે આ પોલીસ! 'ગણવેશધારી ગુનેગાર' કે એવું જ કાંઇ કહે છે ને એને? ('પૂર્વગ્રહ પપ્પા, નર્યો પૂર્વગ્રહ! બધા કાંઇ તમે કહો છો તેવા નથી હોતા, મારો પરાક્રમ તો નથી જ.') મારા અણીશુધ્ધ ઉછેરનો આવો બદલો ? ('અચ્છા... તો તમે બદલાની આશા પણ રાખતા હતા પપ્પા!')... મેં આટઆટલા ભોગ આપ્યા તેનું ફળ આવું? ('એટલે હવે હું ભોગ આપું તો બધું સરખું થઇ જાય, એમ?') મારા ઉછેરમાં જ કશી ખામી હશે. ('તમારી વાત તમે જાણો, પણ હું એમ માનતી નથી હોં પપ્પા!') મારા પૂર્વજન્મનાં ક્યાં પાપોનું આ પરિણામ? ('નાહક શા સારું આટલા દુ:ખી થાઓ છો પપ્પા ?') આના કરતાં તો એ જન્મતાંની સાથે કે પછી એની મમ્મી ભેગી... ઓહ! ('આટલું જુનવાણી તમને શોભે છે પપ્પા ?')... ડિમ્પીને આટલી ભણાવી-ગણાવી, ઉત્તમ રીતે ઉછેરી, બધી વાતની સ્વતંત્રતા આપી... ('હું તે માટે હમેશાં તમારી ઋણી રહીશ પપ્પા!')... આના કરતાં તો ઉપરવાળો ઉપાડી લે... મારું મડદું જોઇને એ ભલે રાજી થતી ... ('પપ્પા, શા માટે લાગણીનું આવું બ્લેકમેલિંગ? તમે મને કેવી ધારી લીધી? જડ? પથ્થર? ઓહ પપ્પા!') આવી વિચારશીલ છોકરી ઊઠીને આવા માણસ સાથે.... ('મારી વિવેકબુધ્દિમાં વિશ્વાસ રાખો પપ્પા, પ્લીઝ.. મને ખોટો તો ખોટો પણ જાતે નિર્ણય કરવાની સ્વતંત્રતા તમે જ આપી છે, અને હવે...?') અંદર ને અંદર હું હોમાઉં છું, થીજી ગયો છું, મારઝૂડ, ગાળગલોચ, એ બધું મારા હેમન્તપણાથી સાવ વેગળું છે, એટલે જ... ('તમારે વિશે મને અઢળક માન છે પપ્પા !') હું હવે કેટલું જીવવાનો? બે, પાંચ વરસ... લાંબી જિંદગી તો ડિમ્પીની સામે પડેલી છે... મારી આંખ ગમે ત્યારે મીંચાઇ જાય... ('જુઓ, મારી આંખોમાંથી આ ખરખર આંસુ વહ્યાં જાય પપ્પા !') સ્મિતા આજે હોત તો અમે બંને પરસ્પરની વેદનામાં ભાગીદાર તો બન્યા હોત! આજે તો હું વગડામાંના ખંડેર જેવો. ('ખંડેર પરના ફુલ જેવી તો તમે મને મહોરાવી દીધી છે, અને હવે આટલી અમથી વાતમાં હું તમારે મન છેક પરાયી થઇ ગઇ? વેદના ક્યારેય એકાકી નથી હોતી મારા વહાલા પપ્પા! બે છેડે બળતી મીણબત્તી જેવી આપણી આ સહિયારી વેદના...')

ડિમ્પીનો ઉદાસ ચહેરો (અને તમારો, પપ્પા?)

અબોલ હોઠ ('અને તમારા, પપ્પા ?')

ભીની આંખો ('અને તમારાં કોરાં આંસુ, પપ્પા ?')

કશું સહન નથી થતું મારાથી ('અને હું? વેઠી શકું છું, એમ?')

થાય છે : આના કરતાં હું... હું જ સમેટાઇ જાઉં...

('અથવા હું જ વેરવિખેર થઇ જાઉં - રાખની જેમ, પપ્પા!')

અથવા...અથવા ડિમ્પીની ઇચ્છા પ્રમાણે...

કે પછી હું પપ્પાની ઇચ્છા મુજબ... □

(અનુસંધાન ૧૨૯થી ચાલુ)

ફાફડ નામનું હરણ શિકારીઓનું સંત્રી ગણાય છે. તે વાઘ-સિંહ જેવાં મોટાં હિંસક પ્રાણીને જુએ કે તરત જ કૂતરા જેમ ભૂંકવા માંડે છે. આ સાંભળતાં અન્ય પ્રાણીઓને પણ હિંસક પ્રાણીની હાજરીની જાણ થઈ જાય અને એ જીવ બચાવવા ભાગી છૂટે છે.

ઝરખ શિકાર કરવામાં નબળું છે. તેથી અનેક જાતના અવાજો કાઢી એ શિકારને છેતરે છે. જ્યારે કોઈ મોટું હિંસક પ્રાણી તેના પર હુમલો કરે ત્યારે એ પોતાની ગુહ્ય દુર્ગંધ છોડે છે. સામેનું પ્રાણી આ સહન કરી ન શકવાથી ભાગી છૂટે છે. આમ, એ પોતાનું રક્ષણ કરે છે. પ્રાણી-પક્ષીઓ અને કીટકોમાં કુદરતે કેવી યુક્તિઓ આપી છે ! એનું જેટલું નિરીક્ષણ કરીએ તેટલું ઓછું છે...

•॥ कथासरित्सागर ॥•

- કનુભાઈ જાની -

ભૂમિકા : હજારો વર્ષ પહેલાની વાત છે. ત્યારે આ દેશનું નામ 'હિન્દ' તો હોય જ ક્યાં ? 'ભારત' પણ નહિ. નામની જેમ ભૂગોળ પણ આજથી તદ્દન ભિન્ન. 'મત્સ્યપુરાણ'-અનુસાર તો બાર ટાપુઓ ને 'રુદ્રૈકાદશપત્તન' ('રુદ્ર' એટલે અગિયાર, અને 'એકાદશ' એટલે બીજી વાર અગિયાર) એટલાં નગરોનો બનેલો આ દેશ ત્યારે કહેવાતો 'નારાયણમહાપર્વ'. એટલે સાહસિકો, સાર્થવાહો, પ્રવાસીઓ સૌને પહાડો, જંગલો, ગ્રામો-નગરોની લાંબી ખેપો કરવાની આવે ત્યારે કાં તો કીચૂડ-કીચૂડ કરતાં, ધીમે-ધીમે ચાલતાં ગાડાંનો સહારો લેવો પડે, કાં હલેસાં-શઢવાળાં વહાણોનો. ત્યારે પંથ કાપવા કે પડાવોમાં થાક ઉતારવા ને સમય કાપવા દેશદેશાન્તરની વાતો મંડાતી, ને સંખ્યાતીત ચિત્તે સંઘરાઈ, પાછી ક્યાં ક્યાં ફેલાઈ જતી.

પેન્ઝર કહે છે ('ધી ઓશન...', ઈન્ટ્રોડક્શન. પૃ. ૩૯), આ દેશની આબોહવા જ એવી છે ! આળસ ચડે, થાક લાગે; એટલે વાતો મંડાય જ. ને એમાં એને અનુરૂપ એની કુટુમ્બરચના છે ! એ કારણે તો આ એક એવો દેશ છે જેમાં આદિકાળથી કેટલીક એવી જાતો જ વિકસી જેનો વ્યવસાય જ કથા કહેવાનો ! એ જાતો હજારો વર્ષથી વાતો વહેતી-કહેતી આવી છે. (ઘરમાં દાદા-દાદી માંડે એ તો જુદી !) તેમાંય, 'તિલકમંજરી'નો કર્તા ધનપાલ તો ત્યાં સુધી કહે છે કે, ગુણાઢ્યની તે જ કહેવાય 'કથા', બાકીની બધીઓ તો 'કન્થા'!

કોણ હતો આ ગુણાઢ્ય ? ન ખૂટે એટલી બધી વાતોની વાતોનો કાફલો આખો કેવી રીતે ઠલવાયો આ ગુણાઢ્ય પાસે? કો જાને! હા, એ સાતવાહનની ઉપાધિથી ઓળખાતા એક રાજાનો મંત્રી; પ્રતિષ્ઠાનપુરનો વાસી. (કે લાકોત કહે છે તેમ જન્મે મથુરાવાસી, ને પછી ઉજ્જયિની-કૌશામ્બી થતોથતો દક્ષિણે આન્ધ્રમાં ગયો?) રાજાએ પૈશાચી બોલીની સૂગ એના કથાસંગ્રહની અવગણના કરતાં, એણે વનમાં કથાસત્ર માડ્યું ; એક પછી એક પાનું કથાનું કહેવાતું જાય તેમ અગ્નિમાં હોમાતું જાય; સાંભળનાર પશુ-પંખીસહિત સૌ વનવાસી દિનરાત સ્તબ્ધ બનીને સાંભળ્યાં કરે ! રાજાને જ્યારે ભોજનમાં પશુઓના માંસની તંગીનું ભાન થયું, ત્યારે આ ગુણાઢ્યને પાછો બોલાવી, પેલો બચેલો એક ખંડ જાળવ્યો; પણ એ પહેલાં છ ખંડો તો હોમાઈ ચૂક્યા હતા! આવી દંતકથા છે. બીજી દંતકથા એવી છે કે કોઈ નાગરાજ વાસુકીનો ભત્રીજો કુમાર કીર્તિસેન, પૂર્વજન્મની અપ્સરા એવી બ્રાહ્મણકન્યા શ્રુતાર્થાને ગાંધર્વલગ્નથી વર્યો; એમનો પુત્ર તે આ ગુણાઢ્ય. આંતરજાતીય-આંતરજ્ઞાતીય લગ્નનું સંતાન એટલે નાગ-પરંપરા, બ્રાહ્મણપરંપાર ને અપ્સરાલોકની પરંપરા, એમ ત્રણેય લોકની વાતો એને સુલભ ! આને ઈતિહાસ માનવો કે દંતકથા? કો જાને! એ પહેલી સદીનો કે ત્રીજીનો? દક્ષિણનો કે ઉત્તરનો? કો જાને! પહેલી ને ત્રીજી વચ્ચે હતો એ નક્કી. એને આ વાતો ક્યાંથી મળી ?

જેનાં મૂળ ન મળે તેની ઉત્પત્તિ હિમાદ્રિના ઉચ્ચતમ શિખરે વસતાં શિવપાર્વતીમાં જોવાં એ ન્યાયે, નાટક જેમ નટરાજ શિવથી તેમ, કથા પણ પાર્વતીની વાર્તાથી ઊપજી. શિવે પાર્વતીને જે કથા કહી તે શિવગણ પુષ્પદન્તે છુપાઈને સાંભળી; તેથી શાપ પામી, એથી છૂટવા, માનવલોકે આવીને એને આ કથા કરવી પડી. આમ આ પાર્વતીપ્રસાદી!

જેનું 'બૃહત્કથા' એવું સંસ્કૃતનામ આપણે મોઢે ચડી ગયું છે તેનું મૂળ નામ તો, આઠમી સદીના ઉદ્યોતનસૂરિ આપે છે તેમ, 'બડ્ડકહા'. (અને 'કુવલયમાલાકહા'માં ઉદ્યોતનસૂરિ કહે છે તેમ 'બડ્ડકહા' એ તો સાક્ષાત સરસ્વતી.)

એ ક્યારે લેખાઈ ? કેવી હતી? કો જાને! પણ એ પૈશાચી નામની પ્રાકૃતમાં હતી. પશ્ચિમોત્તર ભારતની બે'ક હજાર વર્ષ પહેલાંની એ બોલી, પુશ્તુની બહુ વડી વડદાદી. (કે પછી મહાભારતમાં છે તે પિશાચ જાતિની એ ભાષા? કે પછી ગ્રિયર્સન કહે છે તેમ પૂર્વી પૈશાચી અને પશ્ચિમી પૈશાચી બે અલગ બોલીઓ હતી?) એ 'બડ્ડકહા' વિષેના ઉલ્લેખો મળે છે તે પરથી ઈ.સ.ની પહેલીથી ત્રીજી સદી વચ્ચે એ રચાઈ લાગે છે; અને બારમી સદી સુધી તો અનેકોએ જોઈ-માણી છે. એ હતી શુદ્ધ પ્રેમકથા. (સંસ્કૃત મુજબ 'દૃકામકથા'. 'કામ'નો મૂળ સંસ્કૃત પ્રમાણે 'દૃપ્રેમ' અર્થ જ લેવો પડે.) પણ ભારોભાર, પદેપદે વિસ્મયથી ભરેલી !

કહેવાય છે કે તેનાં મૂળ સાત ખંડોમાંથી માત્ર એક જ ખંડ બચેલો. તે પણ બારમી સદી પછી નામશેષ બન્યો ! કેમ? કદાચ સોમદેવના 'કથાસરિત્સાગર'નો એવો પ્રભાવ હોય. કદાચ પેલી પૈશાચી ભાષા બહુ દૂરની બનતાં ધીમેધીમે અણઉકલતી થઈ ગઈ હોય. કદાચ સંસ્કૃત પંડિતમાન્ય બનતાં, પેલી કૃતિ અવગણાઈ હોય. કદાચ હસ્તપ્રતો જે જૂજ હોય તે ધીમેધીમે દુષ્પ્રાપ્ય-અપ્રાપ્ય થતાં થતાં કાળગ્રસ્ત થઈ ગઈ હોય. કદાચ...કદાચ...કદાચ... પણ એ અનુમાનોની વણઝારને ક્યાંય નિશ્ચિત પડાવ મળે એમ નથી. ગઈ એ કથા !

પણ સાચ્ચી કોઈ કથા જતી નથી. જાય એ પહેલાં હજ્જારોને ચિત્તે એ ચડી ગઈ જ હોય છે. એમાંથી કોકને કોક પાછો રૂપાન્તર-અનુવાદ કરે. 'બડ્ડકહા'ની વાતો પણ હજી કાલિદાસના જમાના સુધી તો લોકકંઠે જીવતું વહેણ હતું. યક્ષ મેઘને કહે છે : અવન્તી સુધી પહોંચતાં પહોંચતાં તો તને ગામેગામ ઉદયનકથા સાંભળવા મળશે : 'પ્રાપ્યાવન્તીનુદયકથાકોવિદગ્રામવૃદ્ધાન્' (પૂર્વમેઘ ૩૧) મૂળ કથામાં આરંભે છે ઉદયન-વાસવદત્તાની અને પછી છે ઉદયનપુત્ર નરવાહનદત્ત-મદનમંજુકાની કથા. જેમ રાવણે હરેલી સીતાની પુનઃપ્રાપ્તિ અર્થે કરેલાં ભ્રમણો-પરાક્રમો તે રામાયણ, તેમ મદનમંજુકાને એક વિદ્યાધર હરી જતાં, નરવાહનદત્ત એની શોધે વિદ્યાધરલોક અને માનવલોક બંનેમાં ફરી વળે છે, અનેક પરાક્રમો કરે છે, અને અંતે પ્રેયસીને પાછી મેળવે છે, તે 'બડ્ડકહા'ની મૂળ સૂત્રરૂપ કથા. સ્ત્રીહરણને પછી નાયકનાં એની પ્રાપ્તિ માટેનાં પરિભ્રમણો-પરાક્રમો એ જગતભરનાં મહાકાવ્યોનું 'મોટિફ'. 'બડ્ડકહા' બેય રૂપે જીવે છે, દેશકાલાનુસારી કંઠોપકંઠ રૂપે અને શબ્દસ્થ સંગ્રહોમાં. (પહેલું રૂપ જે સ્મૃતિઆધારિત હતું તે, સમાજપરિવર્તનને કારણે ને સ્મૃતિશક્તિ પર યંત્રાદિના ઘસારા-ઘસારાને કારણે આજે જાણે જવા બેઠું હોય એમ લાગે છે.)

'બડ્ડકહા'ને લઈને ચાલેલા સંગ્રહોમાં સ્મરણીય આટલા :

(૧) બુધસ્વામીકૃત સંસ્કૃત પદ્યમાં લખાયેલો, ગુપ્તકાળના સુવર્ણયુગના પાસવાળો, બૃહત્કથાની નેપાળી વાચના રજૂ કરતો, નાયકનાં ૨૮ લગ્નોમાંથી ૬ની જ કથા હોવાથી અપૂર્ણ મળતો, પાંચમી સદીનો 'બૃહત્કથાશ્લોક સંગ્રહ'. ૧૯૦૮માં એનો ફ્રેન્ચ અનુવાદ લાકોતે કર્યો. અને એ નિમિત્તે પાયાનો અભ્યાસ પૂરો પાડ્યો.

(૨) પછી, બુધને જ કાળે કે એની પછીનાં સોએક વર્ષોમાં જ, મૂળની કથાને ધર્મપ્રચારાર્થે પ્રયોજતો પ્રાકૃત ગદ્યમાં (વચમાં ક્યારેક પદ્યવાળો) સંઘદાસગણિકૃત, (આપણા મૂર્ધન્ય વિદ્વાન ડૉ. સાંડેસરાએ જેનો પ્રથમ ખંડ ગુજરાતીમાં ઉપલબ્ધ કરી આપ્યો છે તે) 'વસુદેવહિંડી'. દોઢેક હજાર વર્ષ જૂનું !) એમાં નાયક બદલાઈ ગયો. મૂળમાંના નરવાહનદત્તને સ્થાને અહીં આવ્યો વસુદેવ. પ્રાકૃત ગદ્યમાં આ વસુદેવનાં ૨૯ પરાક્રમો છે. માત્ર 'પરાક્રમ' નહિ, 'લમ્ભક'! 'લમ્ભક' એટલે પરાક્રમાન્તે સ્ત્રીપ્રાપ્તિ ! (આપણો 'લાભ' શબ્દ પણ મૂળે આમ ઊતરી આવ્યો ! તોફાની શબ્દ ગણાય !) વસુદેવની, મુખે તો આવી શતપ્રાપ્તિઓ; જ્યારે અહીં તો છે ૨૯ જ!

(૩) એટલે, વચમાં ખૂટતી ૭૧ની કથા ધર્મદાસગણિએ એકાદ સૈકા બાદ સાતમી સદીમાં, ૧૭ હજાર શબ્દમાં પ્રાકૃત પદ્યમાં ગૂંથી. 'વસુદેવહિંડી'ના ૧૮મા લમ્ભક પછી વચમાં આ ૭૧ની કથા આવે છે. માટે કહેવાય 'મધ્યમ વસુદેવહિંડી' અથવા ટૂંકમાં 'મજ્ઝમકહા'.

આ 'વસુદેવહિંડી'માં વચમાં તદ્દન અલગ પડી જતી એક કથા મુકાઈ ગઈ છે, 'ધમ્મિલહિંડી'ની. ('ધર્મિલ') ધમ્મિલ લેવું 'ધર્મવાળો' એવા અર્થમાં કે દ્રમિલ તમિલ લેવું ? બંને પક્ષો છે. ત્રીજો એક અર્થ થાય છે 'અંબોડો'. વાસુદેવશરણ અગ્રવાલ 'ધમ્મિલ'ને તમિલ શબ્દ માને છે ; પણ જેમ 'હિંડી' આપણને 'હેંડવું'- ના રૂપમાં આજેય પરિચિત છે. એમ ધર્મિલ (ધમ્મિલ એટલે 'ધર્મવાળો' પણ લાગે. અને 'અંબોડો' લેતાં પણ એ પ્રથા અહીં જૂની છે જ.) આ ધમ્મિલકથામાં ધમ્મિલનાં ૩૨ લગ્નોની વાત છે, જોકે આખરે એ ધર્મ પ્રત્યે વળે છે. જૈન કથાઓમાં આ પરંપરા પણ આપણને સુપરિચિત છે.

(૪) પછીનાં ચારસો-પાંચસો વર્ષ કેમ ખાલી ગયાં હશે? છેક ૧૧મી સદીમાં મળે છે ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથામંજરી'. એ પદ્યમાં છે. મૂળ કથા તે ઘટાદાર વૃક્ષ ; ને આ તો તેની માત્ર મંજરી.

(૫) પણ આ જ કાળે સોમદેવની કૃતિ મળતાં 'બૃહત્કથા' સહિત આગલી બધી કૃતિઓ જાણે ભુલાઈ જાય છે.

(આ જ પરંપરામાં 'ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત' યાદ આવે. હેમચન્દ્રકૃત એ કથાગ્રંથમાંના નેમિનાથચરિત્રમાં પણ વસુદેવચરિત્ર છે. એમાં જૈન બૃહત્કથાની રૂપરેખા પણ અભ્યાસીને દેખાય. એ જૈન પરંપરા ઈ.સ.પૂર્વે ૩૦૦ વર્ષ જેટલી જૂની હોવાનું તારણ અભ્યાસીઓ કાઢે છે. તો, ૯બડ્ડકહા'નો કાળનિર્ણય પણ ફેર કરવો પડે !)

લાકોતે નષ્ટ બૃહત્કથાની રૂપરેખા કલ્પી આપી છે. વાસવદત્તા નિમિત્તે ઉદયનભ્રમણ નેં લમ્ભકો-; એમ મદનમંજુકાને એક વિદ્યાધર હરી ગયો એને મેળવવા નિમિત્તે નરવાહદત્તનાં ભ્રમણો ને 'લાભો'_'લમ્ભ'. (જૈન પરંપરામાં રોહિણીની પુનઃપ્રાપ્તિ માટેનાં વસુદેવભ્રમણો.)

આ બધાં રૂપાન્તરો/સંગ્રહોમાં શ્રેષ્ઠ તો 'કથાસરિત્સાગર' જ. આ કથા સોમદેવે કેવા સંજોગોમાં ક્યારે લખી એની વાત 'રાજતરંગિણી'માં મળે છે. કાશ્મીરના રાજા સંગ્રામનો પૌત્ર અને હરિરાજનો પુત્ર હતો રાજા અનન્ત. એનો રાજ્યાભિષેક ઈ.સ. ૧૦૪૨માં. લગ્ન જાલંધરના રાજા ઈન્દ્રચન્દ્રની નાની કુંવરી સૂર્યમતી(અપરનામ સુભટા) સાથે. સોમદેવ આ રાજા અનન્તનો દરબારી કવિ.

રાજા અનન્તને બે કુંવરો : કલશ અને હર્ષ. બેય માંડી-વાળ્યા જેવા ! તેમાંય કલશ તો જીવતો જાગતો કલેશ ! એ પાટવીકુંવરને રાજાએ ઈ.સ. ૧૦૬૩માં અને ઈ.સ. ૧૦૭૭માં એમ બે વાર, નિવૃત્તિ અર્થે ગાદી સોંપેલી. પણ આણે તો પિતા પર હુમલા કર્યા, ને પિતા-માતા તેમજ પ્રજા બધાંને પરેશાન કર્યા. એથી રાણી દુઃખીદુઃખી રહેતી. ત્યારે એ દુઃખ ભૂલે તે માટે સોમદેવે આ કથા માંડેલી. આ કથા ૧૦૭૦ના અરસામાં કહેવાઈ હોય એમ અનુમાનાય. (રાજાએ બીજી વાર રાજ્ય સોંપ્યા પછી તો કુમારે એટલો બધો ઉપાડો લીધો કે અનન્તે આત્મહત્યા કરી ને રાણી એની પાછળ સતી થઈ. એ

પરિવર્તનના પંથે

સ્વામી સચ્ચિદાનંદ

પરિવર્તનનો મારે મન અર્થ છે વધુ ને વધુ ઉન્નત માર્ગે આગળ વધવું. આ માનવ-સ્વભાવ પણ છે. આગળ વધવાનું પ્રેરકબળ 'અસંતોષ' છે. સંપૂર્ણ જીવસૃષ્ટિમાં માત્ર માનવને જ સીમારહિત અસંતોષ મળ્યો છે. પશુઓનો અસંતોષ બહુ નાની સીમા પૂરતો જ રહેતો હોય છે, એટલે પશુઓ વિકાસ નથી કરી શકતાં. હજારો વર્ષ પહેલાં વાઘ, દીપડા, સિંહ, હરણ, બગલાં વગેરે જયાં હતાં ત્યાં જ આજે પણ છે. માનવીય સંપર્કોમાં આવનારાં પશુપક્ષીઓમાં જે વિકાસ દેખાય છે તે તેમનો સ્વપુરુષાર્થી વિકાસ નથી, પણ માનવપ્રેરિત છે, જેમકે ઘોડાની રેવાલ ચાલ, ગાયોનું વધેલું દૂધ, પોપટ આદિનું 'રામ રામ' બોલવું વગેરે. જેને અસંતોષ હોતો જ નથી તેનો વિકાસ પણ હોતો નથી. જેનો અસંતોષ અસીમિત હોય છે, તેનો વિકાસ પણ અસીમિત હોય છે.

મૂળમાં પરમાત્માએ જ માનવ-સ્વભાવમાં અસંતોષ મૂક્યો છે, જેથી સતત પ્રગતિ થયા કરે. સંતોષ, ઉપદેશ વગેરેથી આવતો હોય છે, એટલે તે ટકતો નથી. કથા-પ્રવચનોનો પ્રભાવ સમાપ્ત થતાં જ માણસ હતો તેવો ને તેવો થઇ જાય છે, કારણ કે એ જ પ્રકૃતિ છે. કથાકારો શ્રોતાઓને વારંવાર ટોણો મારતા હોય છે કે "જો જો હોં, જે સાંભળ્યું તે બધું અહીં ને અહીં ખંખેરીને ના જતાં." શ્રોતાઓ ગમે તેટલું ચાહે તો પણ વકતાએ કહેલું ઘણુંખરું ખંખેરાઇ જવાનું છે, કારણ કે તે અસ્વાભાવિક છે. પશુઓને કશું ગ્રહણ કરવા ગીતા નથી સાંભળવી પડતી, એટલે ખંખેરવું પણ નથી પડતું. માનવને કોઇ ને કોઇ પ્રકારની ગીતાની આવશ્યકતા રહેવાની જ. માનવ ગીતા વિના જીવી નહિ શકે, કારણ કે તેણે પ્રકૃતિપ્રેરિત માર્ગે જીવન જીવવાની શકિત ગુમાવી દીધી છે. બીજી તરફ તે સ્વપ્રેરિત માર્ગે પણ જીવન જીવી શકવાનો નથી, કારણ કે તેનું 'સ્વ' જ ખોવાઇ ગયું છે, એટલે તે કોઇ ને કોઇ પ્રકારની ગીતા શોધ્યા કરે છે.

ગીતા એટલે પ્રેરણા-પુસ્તક. વિશ્વની મોટા ભાગની પ્રજા આજે પણ કોઇ ને કોઇ ધર્મ-પુસ્તકમાંથી જીવનની પ્રેરણા મેળવે છે. ધર્મપુસ્તકોમાં ન માનનારા પણ અંતે તો કોઇ ને કોઇ પુસ્તકને માનતા હોય છે. પ્રજાનું પ્રેરક પુસ્તક અને તેનો વ્યાખ્યાતા પ્રજાના વિકાસમાં તથા પતનમાં મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. ભારતમાં વૈદિક કાળ પછી જે આધ્યાત્મિક ચિંતન તથા ધાર્મિક મૂલ્યો પ્રસર્યાં તે ગતિશીલ સત્ય કરતાં સ્થગિત સત્યને ચોંટી રહેનારાં થયાં. વિશ્વ ગતિશીલ, એટલે વિશ્વના પ્રશ્નો પણ ગતિશીલ છે. તીવ્ર ગતિમાં વિશ્વના ભૌતિક, ધાર્મિક, સામાજિક, આધ્યાત્મિક, માનવીય, રાજકીય વગેરે તમામ પ્રશ્નોનો ઉકેલ લાવનારાં સાધનો-ચિંતનો પણ તેટલી જ ગતિથી દોડવાં જોઇએ. જો તેવું ના થાય તો ઘણા આગળ નીકળી ગયેલા પ્રશ્નોને ઘણાં પાછળ રહી ગયેલાં જૂના સાધનો દ્વારા ઉકેલી નહિ શકાય. જેમ જૂની ઢાલતલવારોથી આજે યુધ્ધ નહિ કરી શકાય તેમ સેંકડો-હજારો વર્ષો પહેલાં નિર્ધારિત કરાયેલાં સાધનો દ્વારા આજના પ્રશ્નો ઉકેલી નહિ શકાય.

પ્રશ્નોને દોડાવવા એ પ્રકૃતિનું કામ છે, અને તેના ઉકેલ માટેનાં સાધનોને પણ તેટલી જ ગતિએ દોડાવવાં તે ચિંતનનું કામ છે. આ જ ચિંતન વિજ્ઞાન બનીને બાહ્ય પ્રશ્નોનો ઉકેલ આપે છે, તો એ જ ચિંતન જ્ઞાન બનીને આંતર પ્રશ્નોનો ઉકેલ આપે છે. જ્ઞાન-વિજ્ઞાન બંનેમાં સતત નવીનતા, તાજગી અને સ્ફૂર્તિનો ઉમેરો કરવો એને હું પરિવર્તન કહું છું. સ્થગિતતાથી પ્રજા જડ બને છે, જયારે હેતુલક્ષી પરિવર્તનોથી તેને નવી ચેતના મળ્યા કરે છે.

બન્યું ૧૦૮૧માં.) આમ, આ કથા ૧૧મી સદીમાં રામના પુત્ર સોમદેવ દ્વારા રચાઈ એ નિશ્ચિત.

આમાં બાવીસ હજાર શ્લોકો, ૧૮ 'લમ્બકો'(પ્રકરણો) ને ૨૪ તરંગો (વિભાગો) છે. 'ઇલિયડ' અને 'ઑડિસિ' બંને ભેગાં કરો તો ય આનાથી માંડ અડધો ભાગ બને ! બ્લૂમફિલ્ડે કહ્યુંછે કે આનો તો જગતમાં જોટો નથી: 'Somdeva's Ocean has no equal or superior......in the fiction literature of the world.' આપણી સંસ્કૃતિ અને લોકવિદ્યા ('ફોકલોર')ના અભ્યાસ માટે તો આની જાણકારી અનિવાર્ય લેખાય.

પેન્ઝર-ટૉની કહે છે તેમ ભારત એ ખરે જ લોકકથાઓનો એક મોટો આદિ પડાવ. અહીંથી જ પર્શિયનોએ વાર્તા માંડવાની કલા શીખી અને આરબોને પહોંચાડી. મધ્ય-પૂર્વમાંથી આ કથાઓ ગઈ કોન્સ્ટન્ટિનોપલ ને વેનિસમાં. છેવટે બોકાશિયો, ચૌસર ને લાફોન્તેનની કલમો પર ચડી આમ અલિફ લૈલાથી આ પ્રાચીનતર. બેન્ફીની 'પંચતંત્ર'ની પ્રસ્તાવના પ્રસિધ્ધ નહોતી થઈ ત્યાં સુધી પશ્ચિમની કથાઓ પર પૂર્વની કથાઓનું કેવડું મોટું ઋણ છે તે કોઈ નહોતું જાણતું. આજે એ સ્પષ્ટ છે. પેન્ઝર જેવા તો ઉત્તાન સ્વરે જાહેર કરે છે : ('The Ocean......' ની પ્રસ્તાવના, પૃ.૩૪) 'India is indeed the home of story-telling.' જો કે આ વાત શાસ્ત્રીય ન ગણાય. તેમાંય 'કથાસરિત્સાગર' તો અદ્ભુત! ટૉની-પેન્ઝરે એનો દશ ગ્રંથો ભરીને કરેલ અંગ્રેજી અભ્યાસાત્મક, અનુવાદ; અને રાષ્ટ્રભાષા-પરિષદ, પટના પ્રકાશિત હિન્દી પદ્ય-અનુવાદ તેમજ આપણો ગુજરાતી ગદ્યાનુવાદ, બધાંની સહાયે આ અનુવાદ-યાત્રા આરંભી છે. ત્યારે, સોમદેવની બે શરતો યાદ આવે છે. પોતાની કૃતિ માટે એ બે વાતો ભાર દઈને કહે છે: 'યથામૂલં તથૈવૈતદ્,' અને જરાતરા કંઈ ફેર કરવો પડે તો.... તે કેવળ 'સ્મૃતિસૌકર્યસિધ્ધ્યે'. આપણે પણ આ બે વાતને વળગી રહેવું છે: 'મૂલાનુસરણ' અને હૈયે ઝટ ચડી જાય એમ કરવું. હા, ગદ્યમાં જ.

(ક્રમશ:)

ગાયત્રીમંત્ર

(પ્રાચીનકાળથી આપણે ત્યાં ગાયત્રીમંત્રનો મહિમા થતો આવ્યો છે. અનેક દૃષ્ટિથી એ મંત્રને આરાધાયો-ઉપાસાયો છે. અહીં આપણા અગ્રણી કવિ એને કઈ રીતે સમજે છે તે જાણવું રસપ્રદ થઈ પડશે.)

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે

(ૐ પૂર્ણ છે એ, પૂર્ણ છે આ, પૂર્ણથી પૂર્ણ ઉદ્‌ભવે; પૂર્ણનું પૂર્ણ લેતાં યે રહેતું પૂર્ણ શેષમાં.)

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

ગાયત્રીમંત્રના ઋષિ છે વિશ્વામિત્ર. મંત્રનું નામ એમાં રહેલા છંદ ઉપરથી રાખવામાં આવ્યું છે. એ છે ધ્યાનમંત્ર.

ગાયત્રીમંત્રનાં ત્રણ ચરણ નીચે મુજબ જુદાં છે.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ છે વ્યાહૃતિ. તે પછી છંદની શરૂઆત થાય છે :

ૐ તત્સવિતુર્વરેણ્યમ્, ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્.

આ મંત્ર શાન્તિપાઠના જ નૂતન દર્શન સમો, એનો ભાવાર્થ તપાસતાં, આપણને જણાય છે. ૐ એટલે બ્રહ્મ (તસ્ય વાચકઃ પ્રણવઃ) ભૂર્ભુવઃ સ્વઃ એટલે પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ ત્રણેય લોક. ત્રણે ય છે બ્રહ્મમય વ્યાહૃતિમાં જ આ ભૂમિકા આપી મંત્રની શરૂઆત કરવામાં આવી છે.

ૐ = બ્રહ્મ, તત્ = તે, સવિતુઃ = સર્જનહારના, દેવસ્ય = દેવના, વરેણ્યમ્ = અતિ સુંદર, ઉત્તમ, ભર્ગઃ = તેજનું, ધીમહિ = અમે ધ્યાન ધરીએ છીએ. ધિયઃ યઃ નઃ = જે અમારી બુદ્ધિને, પ્રચોદયાત્ = પ્રેરી રહો.

શાન્તિપાઠના મંત્રની સાથે આ મંત્ર સરખાવી જોઈએ. પ્રથમમાં પૂર્ણમદઃ = પૂર્ણ છે એ. એ દ્વારા પ્રત્યક્ષ નહિ એવા બ્રહ્મનો, જે અતીન્દ્રિય છે એનો સંકેત કરેલો છે. પૂર્ણમિદમ્ = પૂર્ણ છે આ દ્વારા ત્રણે લોક, નિખિલ બ્રહ્માંડ, જે ઈન્દ્રિયગોચર છે એનો સંકેત કરેલો છે.

બ્રહ્મ તો છે, નિષ્પંદ, નિરાકાર, નિષ્ક્રિય; પણ એ જ તો છે સ્રષ્ટા, સર્જન કરનાર, આ એમનું બીજું સ્વરૂપ તે સવિતાનું, ઈશાવાસ્યના ઈશનું. એનુ સર્જન, આખીયે સમષ્ટિ એ જ એનું તેજ. જે ઈન્દ્રિયગોચર છે. જે કંઈ આપણે આપણી જ્ઞાનેંદ્રિયો દ્વારા અનુભવીએ છીએ તે સર્વ, ચરાચર યત્કિંચિત્ જગત્યા જગત્. એ તેજનું અમે ધ્યાન ધરીએ છીએ : એ દ્વારા સર્વાત્મભાવ સ્ફુટ થયો છે. યસ્મિન્ સર્વાણિ ભૂતાનિ આત્મૈવાભૂદ્વિજાનતઃ (ઈશા. ૭) મુજબ, સાધકનું આ ભૂમિકાએ ઉત્થાન એટલે ભેદભાવની અવસ્થામાંથી ભેદાભેદની અવસ્થાએ આરોહણ. પરંતુ આ ચરમાવસ્થા નથી. અભેદની ભૂમિકાએ પહોંચવાનું છે. એટલે જે 'વ્યૂહ રશ્મિન્' ફેલાયેલાં કિરણો છે તેને 'રશ્મિન્ સમૂહ' સંકેલી લેવા પડશે. અહીં જ પરમની કૃપાની આવશ્યકતા અને એટલે પ્રાર્થના. ત્રીજું ચરણ પ્રાર્થનાનું છે. સ્થૂલે સ્થૂલની સાથેનો યોગ તો સાધ્યો તો પણ ગોચરતા હોવાથી ભેદ રહ્યો. એ તો ત્યારે ટળે જયારે અતીન્દ્રિય અતીન્દ્રિય સાથે યોગ કરે. ત્યાં તો ભિન્નતાની કોઈ રેખા નથી. ત્રીજા ચરણની પ્રાર્થના આ અંગેની છે. અહીં બુદ્ધિ, મેધાને એટલે ચિત્તને પ્રેરો એમ કહ્યું છે. કોની તરફ ? તો તે પરમ ચૈતન્ય તરફ, 'ચિત્‌બ્રહ્મ' તરફ. ઈશાવાસ્યમાં 'રશ્મિન્ સમૂહ' કહ્યા પછી જે અલ્પકાલીન પણ અનુભૂતિ 'સોઽહસ્મિ'ની થઈ તે પછી જ છેલ્લે પ્રાર્થના આવે છે, 'અગ્ને નય સુપથા' આ મંત્રમાં પણ એ જ રીતે ભૂમિકા સધાય છે.

કેટલું છે દાર્શનિકોના મંત્રશબ્દનું સામર્થ્ય ! શાન્તિપાઠનો અને સમગ્ર ભારતીય દર્શનોનો સાર જાણે આટલાં ત્રણ ચરણમા જ સંકેલાઈ ગયો ! આ છે આપણી સંસ્કૃતિનો મહાન ધ્યાનમંત્ર.

(નોંધ : સવિતાનો અર્થ સૂર્ય કરવાથી આ મૂળ મંત્ર ઉપાસના તરીકે સ્વીકારાયો છે.)

રાજેન્દ્ર શાહ

દૃષ્ટિની કમાલ !

સુશ્રુત પટેલ

વૈજ્ઞાનિક આલમમાં ઈ.સ. ૧૮૪૪માં એક અજીબોગરીબ ઘટના બની, જેનો સંબંધ ખગોળશાસ્ત્ર સાથે છે. થયું એવું કે ફ્રેડરિક બેસેલ (Friedrich Wilhelm Bessel : 1784 - 1846) નામના જર્મન ખગોળશાસ્ત્રીએ એક તારો શોધ્યો ખરો, પણ એને જ નહીં, બીજા કોઈને પણ એ 'જડ્યો' નહીં ! વાત આમ બની હતી:-

આખા નભોમંડળમાં વ્યાધ તારા જેટલો પ્રકાશિત બીજો એક પણ તારો નથી. આ તારો આપણાથી ૯ પ્રકાશવર્ષ જેટલા અંતરે આવેલો છે. એનો અર્થ એ થયો કે ત્યાંથી નીકળેલા પ્રકાશના કિરણને આપણા સુધી આવતા આશરે નવેક વર્ષ જેટલો સમય લાગે છે. આ તારાનું નિરીક્ષણ કરતાં બેસેલને લાગ્યું કે એની આકાશી ગતિ સંપૂર્ણતઃ એક સમાન નથી. પુરાણી નોંધો વગેરે જોતાં એણે શોધી કાઢ્યું કે લગભગ દર પચાસ વર્ષને ગાળે એ સૂક્ષ્મ પ્રકારની હિલચાલ કરે છે. આથી એણે જાહેર કર્યું કે વ્યાધનો એક સાથીદાર તારો પણ હોવો જોઈએ, જે એની આસપાસ ઘૂમતો હોવો જોઈએ. અથવા વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો આ સાથી તારો તેમના સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ ગતિ કરે છે એવું કહેવું જોઈએ. આ સાથી તારો પોતાની ભ્રમણકક્ષામાં ફરતાંફરતાં દર પચાસ વર્ષે વ્યાધની પાસે આવતો હોવો જોઈએ. અને એના જોરદાર ગુરુત્વાકર્ષણને કારણે વ્યાધની મૂળ ચાલમાં એક સૂક્ષ્મ થડકારો થતો હોવો જોઈએ.

બેસેલની વાત સૈદ્ધાંતિક રીતે ખોટી ન હતી, બલ્કે કહેવું જોઈએ કે સો વસા સાચી હતી. પણ પ્રત્યેક નિરીક્ષણ સાથે એ એટલી જ અસંગત હતી. ક્યાં તો એ જોડિયો તારો અત્યંત ઝાંખો હોય, જેથી કરીને વ્યાધના તીવ્ર તેજમાં ડૂબી જતો હોય અથવા એ જમાનાનાં ટેલિસ્કોપ (દૂરબીન) એને જોવા માટે અસમર્થ હોય. એ જે હોય તે, પણ 'બેસેલનો તારો' (કે 'બેસેલનો ઉપગ્રહ') એ પછી ખુદ બેસેલને પણ 'જડ્યો' નહીં ! ૧૮ વર્ષનાં વહાણાં વાયાં પછી અમેરિકાના અલ્વાન ક્લાર્ક (Alvan George Clark: 1808 - ૧૮૮૭) નામના ટેલિસ્કોપ બનાવનારને હાથે એ અનાયાસ જ ઝડપાઈ ગયો ! શિકાગો વેધશાળા માટે તૈયાર કરેલા ૪૫ સેન્ટિમીટરના ટેલિસ્કોપને ૧૮૬૨ની એક સ્વચ્છ રાત્રિએ ચકાસણી માટે વ્યાધ તારાની સામે તાકતાં જ આ ભાઈસાહેબ એક નાનકા તેજબિંદુરૂપે પ્રકટ થયા!


વ્યાધના તારાને અંગ્રેજીમાં 'સિરિયસ' (Sirius)કહે છે, એટલે એના સાથી તારાને 'સિરિયસ-બી' નામ આપવામાં આવ્યું. આ તારો વ્યાધ - એટલે કે સિરિયસ-એ-ના હિસાબે દસ વર્ગ ઊતરતા તેજવાળો જણાયો છે અને કદમાં અતિ નાનો છે, પણ એનું દળ સૂર્યના દળ જેટલું છે. મતલબ કે આ અતિ નાના તારાનું દળ એના કદના હિસાબે ઘણું વધારે છે. સરળ ઉદાહરણરૂપે કહીએ તો દિવાસળીના ખોખામાં ભરાય એટલા એના દ્રવ્યનું વજન લગભગ પોણા ત્રણ ટન થાય અને એને ઊંચકવા મોટો ઊંટડો વાપરવો પડે! આવા તારાને 'શ્વેત-વામન' (White Dwarf) કહેવાય છે. હકીકતે, 'સિરિયસ-બી' તારાની શોધ એ શ્વેત-વામન પ્રકારના તારાઓ પૈકીનો પ્રથમ સાક્ષાત્કાર હતો. એ પછી તો આવા બીજા શ્વેત-વામનો પણ શોધાયા. વ્યાધનો આ સાથી શ્વેત-વામન એટલો બધો નિસ્તેજ છે કે એને ફોટોમાં ઝડપવા માટે એની શોધ પછી આશરે એક સદીથી પણ વધુ સમય રાહ જોવી પડી - છેક ૧૯૭૦માં એનો પહેલવહેલો ફોટો ઉતારી શકાયો !


આવો સાવ જ નિસ્તેજ તારો કે જેને જોવા માટે ખગોળશાસ્ત્રીઓને પણ નાકે દમ આવી ગયો હતો તેવો આ 'સિરિયસ- બી' નામનો તારો આફ્રિકામાં વસતી એક તદ્દન- જેને આપણે ગમાર કે પછાત કહીએ તેવી- આદિવાસી કોમની પૌરાણિક કથાઓ, આખ્યાયિકાઓ કે અનુશ્રુતિઓમાં ઉલ્લેખાએલો જોઈએ ત્યારે આ આશ્ચર્ય બેવડાઇ જાય તેમાં શી નવાઈ?

આ આદિવાસી જાતિ ડોગોન (Dogon) તરીકે ઓળખાય છે. એમની આશરે ચારેક પેટા-જાતિ વસે છે, પણ બધી આ નામે જ ઓળખાય છે. આફ્રિકામાં આવેલા સહરાના રણની દક્ષિણે આ જાતિ વસે છે. ઇ.સ. ૧૯૪૬માં ત્યાં ગયેલા ફ્રાન્સના બે નૃવંશશાસ્ત્રીઓએ આ જાતિનો પ્રેમ એટલી હદે સંપાદન કર્યો કે આ ચારેય જાતિઓના વડા ધર્મગુરુઓએ પરંપરાથી ચાલ્યાં આવતાં પોતાનાં અનેક રહસ્યો આ લોકો સમક્ષ છતાં કર્યાં. કેટલીક આકૃતિઓ માટીમાં દોરીને પણ બનાવી પેઢી-દર-પેઢીનાં આ ઉપાખ્યાનો કહેતાં હતાં કે 'ગુરુ'ને ચાર ચંદ્રો છે, શનિની આસપાસ પ્રભામંડળ (halo) છે. (જે કદાચ શનિનાં વલયો સૂચવે છે), આકાશગંગા જેવું કશુંક છે અને એનો આકાર સર્પિલ છે, પૃથ્વી ગોળ છે અને પોતાની ધરી પર ફરે છે! એમના પૂર્વજો આ વ્યાધ તારાના સાથી અંગે પણ માહિતગાર હતા, એટલું જ નહીં, એનાં કેટલાંક આગવાં લક્ષણો અંગે પણ જાણતા હતા! અમેરિકાના ઈતિહાસવિદ્ રૉબર્ટ ટેમ્પલે આ અંગે એક પુસ્તક - "The Sirius Mystery"- લખ્યું છે, તે આ સંદર્ભમાં વાંચવા જેવું છે.

આવી એક બીજી જાતિ આફ્રિકા ખંડની મધ્યમાં આવેલા ઇતુરી જંગલમાં વસે છે અને ઇતુરી પિગ્મીઝ(Ituri Pygmies) નામે ઓળખાય છે. એમના પુરાવૃત્તો શનિને 'નવ ચંદ્રોનો તારો' તરીકે ઓળખાય છે. શનિને નવ ઉપગ્રહો (ચંદ્રો) છે, એની ખબર આ લોકોને કેવી રીતે પડી હશે ?

ન્યૂ ઝીલેન્ડમાં વસતી એક આદિવાસી જાતિ જે માઓરીસ (maoris) તરીકે ઓળખાય છે, તેમને પણ સદીઓથી ખગોળ અંગે સારી એવી જાણકારી છે. એમના કોઇ પૌરાણિક આખ્યાનમાં એક ગ્રહનું નામ પણ આપ્યું છે જેને ફરતું એક વલય છે. વલયવાળો ગ્રહ શનિ છે કે પછી ગુરુ-ગ્રહની અંદર દેખાતા પટ્ટા છે, એ બહુ સ્પષ્ટ થતું નથી , પણ એક વાત તો બહુ સ્પષ્ટ છે કે આજે ન તો શનિનાં વલયો કે ન તો ગુરુના પટ્ટાઓ નરી આંખે દેખી શકાય છે. અરે, શનિનાં વલયો તો, બાયનોક્યુલર્સમાંથી પણ નથી દેખાતા તો પછી આવું જ્ઞાન આ આદિવાસી પ્રજામાં આવ્યું ક્યાંથી? વળી, જે





જમણી બાજુ છેડે : ઇ. ૧૯૭૭માં કેવળ ૯ ઇંચના દૂરબીન વડે શનિનાં વલયો જોઈને સ્ટિફન ઓ'મિઆરાએ કરેલા આલેખનમાં એણે પૈડાના આરા જેવા આકારો પણ નોંધ્યા હતા. તે પછી છેક ૧૯૮૦ના નવેમ્બરમાં અમેરિકન અવકાશયાન 'વોયેજર-૧' જ્યારે શનિની નજીકથી પસાર થયું ત્યારે તેણે તેના જે ફોટો લીધા તેમાં એવા જ આકારો જોવા મળ્યા હતા. નાનકડા દૂરબીન દ્વારા ઓ'મિઆરા જે સૂક્ષ્મ નિરીક્ષણ કરી શક્યો તે તેની દૃષ્ટિની કમાલ જ ગણાય.

અવકાશી પિંડો વસ્તુતઃ અદૃશ્ય જ નહીં, નિતાન્ત અદૃશ્ય હોય એ કેવી રીતે 'જોઇ' શક્યા હશે?

આ અંગે વિદ્વાનો અનેક તર્કો કરે છે. જેમ કે પુરાણકાળમાં પૃથ્વીનું હવામાન વધુ સ્વચ્છ હશે, આકાશી પિંડો કદાચ વધુ નજદીક હશે, અમુક જાતિઓની આંખો વધુ જોઇ શકતી હશે, કોઇ વધુ સુધરેલી જાતિઓ પાસેથી આ જ્ઞાન એમને પ્રાપ્ત થયું હશે વગેરે તર્કો રજૂ કરવામાં આવે છે. આ સંદર્ભમાં બેબીલોન, મિસર, ભારત વગેરેની પ્રાચીન પ્રજાને પણ યાદ કરવી જોઇએ. જેમ કે શુક્ર આપણા ચંદ્રની જેમ કળાઓ દાખવે છે એ સત્ય ટેલિસ્કોપના આવિષ્કાર પહેલાં કોઇ જાણતું ન હતું. ગેલિલિયો ગેલિલી(૧૫૬૪-૧૬૪૨) એ જ સર્વપ્રથમ જાહેર કર્યું કે શુક્ર આવી કળાઓ કરે છે. પણ સંસ્કૃતિનું પારણું જ્યાં ઝૂલ્યું તે બેબીલોનવાસીઓ શુક્રની કળા અંગે જાણકારી ધરાવતા હતા. અલબત્ત, શનિને નવ નહીં, પણ સાત ચંદ્રો હોવાનું એ લોકો માનતાં હતાં. ભારતની પ્રાચીન પ્રજાને શનિનાં વલયો અંગે ક્યારે જાણકારી પ્રાપ્ત થઇ તે સંશોધનનો વિષય છે. દુનિયાની અન્ય પ્રાચીન પ્રજાઓ પણ ખગોળ અંગે ઊંડું જ્ઞાન ધરાવતી હોવાની સાબિતીઓ સાંપડી છે.

એક શક્યતા એવી છે કે આ પ્રાચીન પ્રજાઓએ ટેલિસ્કોપ જેવા સાધનનો ઉપયોગ કર્યો હોય. ટેલિસ્કોપને ખગોળશાસ્ત્રમાં એક ઉપયોગી ઉપકરણ તરીકે પહેલપ્રથમ પ્રયોજનાર ગેલિલિયોએ પોતે પણ નોંધ્યું છે કે પ્રાચીન લોકો પાસે 'ટેલિસ્કોપ જેવું સાધન હોવું જોઈએ. અને આમ જોવા જાઓ તો કાચનો ઇતિહાસ ઈસુના જન્મ પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાંના કાળમાં દોરી જાય છે. એ કાળના ઇજિપ્તમાં માનવ-સર્જિત કાચ જોવા મળે છે. ક્રેટ (Crete) અને એશિયા માઈનોર વગેરેમાંથી ઇ. સ. પૂર્વે આશરે ૨૦૦૦માં કાચના અણઘડ—આદિમ 'લેન્સ' (દૃગકાચ) જોવા મળે છે. આવા બે લેન્સ એકમેકની આગળપાછળ યોગ્ય અંતરે રાખીને એમાંથી જોતાં દૂરની વસ્તુ નજદીક આવી જાય કે વર્ધિત થાય એ જ્ઞાન મળ્યા પછી ટેલિસ્કોપ બનાવવું અઘરું નથી. સંભવ છે કે આવી રીતે આદિમ ટેલિસ્કોપ બન્યું હોય. વળી, ઇ. સ. પૂર્વે ત્રીજી સદીમાં યુકિલડ પ્રકાશના વક્રીભવન (refraction) અને, આવર્ધન (Magnification)ના સિદ્ધાંતો પ્રસ્થાપિત કરી ચૂક્યો હતો અને ગ્રીક નાટકોમાં કાચના ચંબુઓમાં પાણી ભરીને એના આવર્ધકકાચ (લેન્સ) તરીકે ઉપયોગ કરવાના પ્રસંગોની નવાઇ ન હતી. પાછળથી, રાજા નીરો પણ રોમની રમતો જોવા માટે મરકત કે પન્ના (emerald)માંથી બનાવેલા લેન્સના બનેલા ટેલિસ્કોપ જેવા ઉપકરણનો ઉપયોગ કરતો હતો, કારણકે એ દૂરનું જોઈ શકતો ન હતો, એટલે કે અદૂરદર્શિતા (shortsightedness)થી પીડાતો હતો. ઇ. સ. પૂર્વે આશરે ૮મી સદીનો આવો એક ઘસેલો કાચ બ્રિટિશ મ્યૂઝિઅમમાં જોઈ શકાય છે, જે કદાચ લેન્સ તરીકે પ્રયોજાતો હોવાનું માનવામાં આવે છે.

પણ પ્રાચીન સંસ્કૃત પ્રજાઓએ કે આદિવાસી પ્રજાઓએ ધારો કે નરી આંખે જ નિરીક્ષણો કર્યાં હોય એમ માની લઈએ, તો મહત્ત્વનો સવાલ એ રહે છે કે કોઈપણ પ્રકારના ચાક્ષુષીય સાધન વગર માનવીની આંખ કેટલુંક જોઈ શકે? ચાક્ષુષી સાધન વગર એટલે બાયનોક્યુલર્સ (દ્વિનેત્રી-દૂરબીન) તેમજ ટેલિસ્કોપ વગર. નરી આંખે ચાક્ષુષી સાધનની વ્યાખ્યામાં ચશ્માં આવી શકે, પણ એને આમાંથી બાકાત જ રાખીએ. વળી, આપણો સવાલ એ છે કે આંખ 'કેટલુંક ઝીણું' જોઈ શકે, કેટલુંક દૂરનું 'કેટલુંક આઘે' એ પ્રશ્ન નથી. અને આનો જવાબ પણ પ્રમાણમાં સહેલો છે, કારણ કે દેવયાની તારાવિશ્વ આપણાથી આશરે બાવીસ લાખ પ્રકાશવર્ષ દૂર આવેલું છે, અને નરી આંખે દેખી શકાય છે. ટેલિસ્કોપની શોધના ૭૦૦ વર્ષ પહેલાં અલ-સૂફી (ઇ. સ. ૯૦૩ - ૯૮૬)નામના ઈરાનના ખગોળશાસ્ત્રીએ એને જોયાની નોંધ કરી છે, અને એ પહેલાં ઇસુની ચોથી સદીમાં રોમના એક કવિ (Rufus Festus Avienus)પોતાના લખાણમાં એનો આડકતરો ઉલ્લેખ કરે છે. એટલે એવું કહી શકાય ખરું કે માનવી નરી આંખે ૨૨ લાખ પ્રકાશવર્ષ જેટલા અંતર સુધી જોઈ શકે ખરો. પણ આવી ગેરસમજ ન થાય એટલે આપણા મૂળ સવાલને બીજા શબ્દોમાં આ રીતે મૂકીએ : કોઈ પણ માનવીની દૃષ્ટિની તીક્ષ્ણતા (acuity of vision) કેટલી?

જેના નામ પરથી આપણા કારતક માસનું નામ પડ્યું છે તે કૃત્તિકા નક્ષત્ર (Pleiades) આપણાથી આશરે ૫૪૧ પ્રકાશવર્ષના અંતરે આવેલું છે. એમાં ઘણા બધા તારાઓ આવેલા છે. સામાન્ય દૂરબીન વડે એમાં ૧૦૦ જેટલા તારા દેખી શકાય છે. નરી આંખે તે દ્રાક્ષના લૂમખા જેવું જણાય છે. સાધારણ દૃષ્ટિવાળી વ્યક્તિ એમાં સાતેક તારા સહેલાઈથી જોઈ શકે છે, અને એટલે જ પશ્ચિમમાં એમને 'સાત-બહેનો' એવું ઉપનામ મળ્યું છે. આપણે ત્યાંય એ દરેકનાં અલગ-અલગ જનાનાં નામો આપવામાં આવ્યાં છે. તીક્ષ્ણ

લઘુકથા

બરાબર ઈકોતેર

વિનોદ ભટ્ટ

ગુજરાતી સાહિત્યના નાક, કાન, આંખ એવા કવિ અને નાટ્યકાર ચંદ્રવદન ચીમનલાલ મહેતા ઊર્ફે ચં. ચી. મહેતા યાને સી.સી. ઊર્ફે ચાંદામામા વગેરે....વગેરે......વગેરે.....એણે એકવાર મને બહુ રડાવેલો. સીરિઅસલી. એ વખતે હું સાતમા ધોરણમાં ભણતો. ચંદ્રવદનનું 'ઈલા સ્મરે'થી આરંભાતું 'ઈલાકાવ્યો' માંનું એક કાવ્ય અમારા અભ્યાક્રમમાં ચાલે. આ કાવ્ય અમારે મોઢે કરવાનું. મુખપાઠ. ચોપડીમાં જોયા વગર કડકડાટ બોલી જવાનું. પછી ગુજરાતીના શિક્ષક પરીક્ષા લે.

નાનપણમાં મારી જીભ થોથવાય. બોલતાં લોચા વળે. લઘુતાગ્રંથિને લીધે કદાચ આમ થતું હશે ! ગુજરાતીના શિક્ષકે મને ક્લાસ વચ્ચે કાવ્ય બોલવા ઊભો કર્યો. જાહેરમાં હંમેશા ક્ષોભ થાય. કાવ્યપઠનમાં બે વાર ભૂલ પડી, તતપપ થઈ ગયું. ક્લાસ હસી પડ્યો. સાહેબે મને ફુટે ફુટે ઝૂડી નાખ્યો. આંખમાંથી બોરબોર જેવડાં આંસુ ખરી પડ્યા. કવિ પર ગુસ્સો આવી ગયો. કવિ ચન્દ્રવદનની ઈકોતેર પેઢીઓને 'બરાબર ઈકોતેર પેઢીને' એકે ઓછી ય નહિ અને વધુ પણ નહિ, હીબકાં સાથે મનોમન ગાળો ભાંડી.

વખત જતાં હું લખવાના ચાળે ચડી ગયો. ચંદ્રવદનભાઈ સાથે આત્મીય સંબંધો બંધાયા. તેમનાં 'ગઠરિયા' શ્રેણીનાં પુસ્તકોમાંથી ચૂંટીને 'પ્રસન્ન ગઠરિયા' નામે મેં એક સંપાદન કર્યું. પુસ્તક પ્રકટ થયું. એટલે પહેલી નકલ તેમને જોવા મોકલી. વળતી ટપાલે તેમનો પત્ર આવ્યો. એક જ લીટીનો પત્ર. વાંચતાં આંખને ભીની થવાનું મન થયું. સી.સી.એ લખ્યું હતું : 'ભાઈ વિનોદ, તમે મારી ઈકોતેર પેઢી તારી છે....' □

નજર ધરાવતી વ્યકિત એમાં સાતથી પણ વધુ સંખ્યામાં તારા જોઈ શકે. આવા વધુમાં વધુ તારા જોવાનો વિક્રમ ૧૯નો છે ! ગઈ સદી એટલે કે ૧૯ મી સદીમાં થઈ ગએલા હેઈસ (Eduard Heis: 1806-1877)નામના જર્મન ખગોળશાસ્ત્રીને નામે આ 'રેકોર્ડ' આજ સુધી કાયમ રહ્યો છે!

આવું બીજું ઉદાહરણ સપ્તર્ષિ તારામંડળમાં છે. એમાં વસિષ્ઠ (Mizar) નામનો એક તારો છે, જે સહેલાઈથી નરી આંખે દેખી શકાય છે. પણ એની નજદીક દેખાતો 'અરુંધતી' (Alcor) તારો જેની દૃષ્ટિ તીક્ષ્ણ હોય તેની જ નજરે ચડે છે. આપણે ત્યાં જૂના વખતમાં વસિષ્ઠની સાથે અરુંધતીને પણ જોઈ શકનારની આંખો સારી ગણાતી.

આંખોની પરીક્ષાનું આવું અન્ય દ્દષ્ટાંત અથવા કહો કે દૃષ્ટિની તીક્ષ્ણતાનો સૂચકાંક શુક્ર ગ્રહની વધતી-ઘટતી, ચંદ્ર જેવી કળાઓ ઓળખી કાઢવાનો છે, અને એમાંય એ જ્યારે બાલ-અવસ્થા (crescent-phase)માં હોય યા અમાસની કળા દાખવતો હોય ત્યારે તો ખાસ. અલબત્ત, આ પરીક્ષા નરી આંખે કરવી ઘણી કપરી છે, અને આવી અવસ્થામાં નરી નજરે તો એ 'અદૃશ્ય' જ રહે છે (શુક્ર કળાની એક ખાસિયત એ છે કે દૂરબીનમાંથી જોતાં તે ક્યારેય અદૃશ્ય રહેતો નથી. સૂર્ય અને પૃથ્વીની વચ્ચે એ હોય ત્યારે એની અમાસ-કળા હોય છે, પણ તે વખતે પણ એની ધાર તો ચમકતી હોય છે) આ સંદર્ભમાં પેટ્રિક મૂર (Patric Moore : જન્મ ૧૯૨૩)નો ઉલ્લેખ કરવો જોઈએ. આ બ્રિટિશ ખગોળશાસ્ત્રીએ ખગોળને લોકભોગ્ય કરતાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત ૨૪ એપ્રિલ ૧૯૫૭ ના રોજ 'બીબીસી-૧' ટીવી-ચેનલ પરથી ખગોળ તેમજ અંતરિક્ષવિજ્ઞાનને લગતો "ધ સ્કાય એટ નાઈટ" પ્રોગ્રામ આજદિન સુધી અવિરત આપતા આવ્યા છે. આ પ્રોગ્રામ દર મહિને નિયમિત આવે છે અને તે પણ છેક ૧૯૫૭થી! આટલો લાંબો ટીવી પ્રોગ્રામ અને એ પણ પાછો ખગોળ ઉપરનો તે પોતે જ એક મોટો વિક્રમ છે. જેનો જોટો જડે નહીં તેવા દુનિયાના આટલા લાંબા ખગોળ પ્રોગ્રામમાં પેટ્રિક મૂર અવારનવાર દર્શકોની આંખોની પરીક્ષા ખગોળીય પિંડોને રજૂ કરીને તથા એ અંગેના કોયડા (quiz) પૂછીને કરતા રહે છે! આવા જ એક પ્રોગ્રામમાં પેટ્રિક મૂરે શુક્રની કળાવાળો ફોટો મોટો કરીને દેખાડ્યો ત્યારે મોટા ભાગના દર્શકોએ એ ચંદ્રનો ફોટો છે એવું જણાવેલું! બીજી એક વાર જાણી જોઈને કળા દાખવતા શુક્રનાં શૃંગ ઊંધાં મૂકેલાં અને દર્શકોને એ સમયે આકાશમાં દૃષ્ટિગોચર થતા શુક્રનાં શૃંગ કઈ દિશામાં વધેલાં (કે ઢળેલા) છે તે લખી જણાવવા કહેલું, ત્યારે આવેલા સંખ્યાબંધ ઉત્તરોમાં માત્ર ત્રણ જ દર્શકોએ સાચો જવાબ આપેલો, એટલું જ નહીં, ટીવી ઉપર દર્શાવાએલા કળાધારી શુક્રના શૃંગમાં અને પ્રત્યક્ષ દેખાતા શુક્રના શૃંગની દિશાનો સૂક્ષ્મ ફરક પણ શોધી કાઢ્યો હતો!

આપણે જાણીએ છીએ કે ૧૬૧૦માં ગેલિલિયોએ આયો, યૂરોપા, ગેનીમીડ અને કેલિસ્ટો નામના ગુરુના ચાર ઉપગ્રહો (ચંદ્રો) શોધી કાઢ્યા. આ પૈકી ગેનીમીડ સહુથી મોટો છે. બલ્કે સૂર્યમાળાના તમામ ચંદ્રો પૈકી એ મોટામાં મોટો છે. અને એટલે જ જેની દૃષ્ટિ તીક્ષ્ણ હોય તે નરી આંખે ગેનીમીડને જોઈ શકે ખરો. પણ બાકીના આ ત્રણ ચંદ્રો નરી આંખે જોઈ શકાય નહીં. ગેલિલિયોએ પોતે તો આ ચારે ઉપગ્રહોને ટેલિસ્કોપ દ્વારા જ શોધેલા. સામાન્ય બાયનોક્યુલર્સ વડે ગુરુના આ ચારે ચાર ચંદ્રો જોઈ શકાય છે.

પણ ઈતિહાસમાં એવા પણ કિસ્સા નોંધાયા છે કે આ ચારે ચાર ચંદ્રો નજરે જોઈ શકાયા હોય! આવો એક વિચક્ષણ ખેડૂત યોહાન્ન જ્યોર્જ પાલિચ (Johann Georg Palitzsch: 1723-1788) હતો. આ પાલિચનું નામ હેલીના ધૂમકેતુ સાથે સંકળાયેલું છે. ઈ. સ. ૧૭૫૮માં આ ધૂમકેતુના પુનઃ આગમન વખતે એને સૌપ્રથમ જોનાર આ જર્મન ખેડૂત હતો. આ પાલિચ ગુરુના ચારે-ચાર ચંદ્રોને નરી આંખે જોઈ શકતો હતો !

ઈતિહાસમાં આવો બીજો પ્રમાણભૂત દાખલો ગાન ડે (Gan De) નામના ચીની વૈજ્ઞાનિકનો છે. એવું માનવામાં આવે છે કે ઈસુના જન્મ પૂર્વે ૩૬૪ વર્ષ પહેલાં આ વૈજ્ઞાનિકે ગુરુના એક ચંદ્રનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. આમ તો ગાન ડે અંગે ઝાઝી માહિતી સાંપડતી નથી, પણ ઈ. સ. ૭૨૦ની આસપાસ પ્રસિદ્ધ થએલા એક

ગ્રંથમાં ગાન ડેની આ શોધનો ઉલ્લેખ જોઈ શકાય છે. આ ગ્રંથના રચયિતા Qutan Xida નામના એક અન્ય ચીની વિદ્વાન છે. આઠમી સદીમાં પ્રસિદ્ધ થએલા જ્યોતિષના આ ગ્રંથમાં આ મતલબનું લખાણ છે : 'ચાન યાનના વર્ષમાં..ગુરુ સવારે ઊગે છે..એ ઘણો મોટો અને પ્રકાશિત છે. એની બાજુમાં એક બીજો નાનો લાલ તારો, એની સાથે જોડાએલો હોય તેવો સ્પષ્ટપણે જોઈ શકાય છે. આને 'ટોન્ગ મેન્ગ' કહેવાય છે.' ચીની ભાષામાં 'ટોન્ગ મેન્ગ' એટલે ગાઢ સગપણ યા મૈત્રીથી જોડાએલો (a close alliance - 'Tong meng') ગુરુ સાથે સંબંધ ધરાવતો આ 'તારો' ક્યો હોઈ શકે?

ખગોળશાસ્ત્રમાં એક સુખ છે. કોમ્પ્યુટર સંચાલિત ખાસ કેમેરા કે જે પ્લેનેટોરિયમ(તારાઘર)માં વપરાય છે, તેની મદદથી તેમજ કેટલાંક વિશિષ્ઠ ઉપકરણોની મદદથી ચોક્કસ ગણતરીઓના તેમજ સ્થળકાળના આધારે ગમે તેટલાં વર્ષ પહેલાંનું કે હવે પછી દેખાનારા આકાશી ગુંબજનું હૂબહૂ ચિત્રણ ખડું કરી શકાય છે. આ રીતે આ ચીની ખગોળશાસ્ત્રીએ જોએલા આકાશી ગુંબજનું ચિત્ર ઉપસાવતા એની વાત સાચી સાબિત થઈ. તેમ છતાંય, વૈજ્ઞાનિકો હજુ એકમત નથી કે એણે ગેનીમીડ જોયો હશે કે પછી કેલિસ્ટો. પણ કેલિસ્ટોનું કદ આપણા બુધ જેટલું છે અને તે અત્યંત ઝાંખો હોઈ, આ ચીની વૈજ્ઞાનિકે ગેનીમીડ જ જોયો હશે તેવું માની શકાય. પણ એથી મૂળ વાતમાં કશો ફેર પડતો નથી. ગેલિલિયોથી આશરે બે હજાર વર્ષ પહેલાં ચીનનાં ગાન ડે નામના ખગોળશાસ્ત્રીએ ગુરુના ચંદ્રને નરી આંખે જોયો એમાં કોઈ શંકા નથી.

સૂર્યની સામે જોવું એટલે આંખ કાયમ માટે ગુમાવવી. તેમ છતાંય ગાન ડે તેમજ એના સમકાલીન શી શેન (Shi Shen) તેમજ વૂ ઝિઆન (Wu Xian)નામના પ્રાચીન ચીની વૈજ્ઞાનિકોએ સૂર્યકલંકો જોયાની નોંધો કરી છે! સૂર્યકલંકો અંગેની આટલી પ્રાચીન નોંધો આ પહેલી જ છે.

આપણે માનવીની દ્દષ્ટિની તીક્ષ્ણતાની વાત કરતા હતા. એમાં આપણે ચાક્ષુષીય સાધનોને બાકાત રાખ્યાં. પણ હવે તે એવી વ્યકિતઓ અંગે જોઈશું કે જેમણે ટેલિસ્કોપ દ્વારા એવી ઝીણી વિગતો જોઈ કે જે કદાચ અન્ય કોઈ વ્યકિત એ જ કે એનાથી પણ મોટા ટેલિસ્કોપમાંથી પણ ન જોઈ શકી હોત.

આવી એક વ્યકિત છે અમેરિકન ખગોળશાસ્ત્રી એડવર્ડ એમર્સન બર્નાડ (Edward Emerson Barnad : 1857-1923) એણે ૧૪ જેટલાં ધૂમકેતુઓ શોધેલા, તો ગુરુનો પાંચમો ચંદ્ર - એમાલિથિયા પણ એણે શોધેલો. આ ઉપરાંત ખાસ્સી ઝડપથી ખસતો એક તારો સર્પધર-તારામંડળમાં આ વૈજ્ઞાનિકને નામે ઓળખાય છે. બીજી પણ કેટલીક મહત્ત્વની શોધો એણે કરેલી છે. આ ખગોળશાસ્ત્રીએ એ સમયના મોટામાં મોટા ટેલિસ્કોપમાંથી મંગળ-ગ્રહનું અવલોકન કરતાં જોયું કે એની સપાટી ઉપર આપણા ચંદ્રના જેવાં જ્વાળામુખો છે. આની નોંધ એણે કરી ખરી, પણ પોતાની વાત કોઈ માનશે નહીં એમ માનીને એણે એ પ્રસિદ્ધ ન



બ્રિટિશ મ્યુઝિયમમાં એક દડાકાર (લેન્સ) સંઘરાયેલો છે. ઈ.સ. પૂર્વે આશરે ત્રીજી સદીમાં એ બન્યો હોવાનું મનાય છે. ઘસીને બનાવેલો આ કાચ કદાચ લેન્સ તરીકે વપરાતો હશે.

કરી. પાછળથી ૩૦ વર્ષ બાદ. અમેરિકાએ જ મોકલેલા મરિનર તેમજ વાઈકિંગ અંતરિક્ષ-અન્વેષી યાનોએ એની વાતના સચોટ પુરાવાઓ છબીઓ દ્વારા પૂરા પાડ્યા. એ જ ટેલિસ્કોપમાંથી અન્ય કોઈને ન દેખાયું ને બર્નાડને દેખાયું!

આવી બીજી વ્યકિત સ્ટિફન ઓમિઆરા (Stephen O' Meara) છે. અમેરિકાના પ્રખ્યાત ખગોળસામયિક "સ્કાય એન્ડ ટેલિસ્કોપ"ના તે સહાયક તંત્રી છે. આ યુવાન ખગોળરસિયાએ પોતાના ૯ ઈંચનાં ટેલિસ્કોપ વડે શનિના વલયોનું નિરીક્ષણ કર્યું ત્યારે એના મધ્યના એક વલયમાં સાયકલના સ્પોક જેવા આકારો જોયા. આનાં ચિત્રો પણ એમણે દોર્યાં. એ ૧૯૭૭નું વર્ષ હતું. પછી વાત ભુલાઈ ગઈ. એ પછી જ્યારે અમેરિકાનું "વોયેજર-૧" યાન નવેમ્બર ૧૯૮૦માં શનિની પાસે પહોંચ્યું અને એના નજદીકથી લીધેલા ફોટાઓ પાડીને મોકલ્યા ત્યારે ઓમિઆરાએ દોરેલા ચિત્રની જાણે કે આબેહુબ નકલ જ જોઈ લો! ટેલિસ્કોપમાંથી આટલું બધું સૂક્ષ્મ નિરીક્ષણ કેવી રીતે કરી શકાયું હશે? અલબત્ત, અહીં એ નોંધવું જોઈએ કે ૧૯મી સદીમાં અન્ય ખગોળશાસ્ત્રીઓએ શનિનાં વલયોનું નિરીક્ષણ કરીને આવા સાયકલના સ્પોક જેવા આકારો અંગેની નોંધો અને ચિત્રો કર્યાં છે ખરાં, પણ આ આકારો એમણે બહારના વલયમાં દર્શાવ્યા છે અને એમાં અનેક ભૂલો અને ક્ષતિઓ હોઈ, એ માન્ય કરવામાં આવ્યા નથી.

ખગોળના ઈતિહાસમાં આવાં અન્ય ઉદાહરણો પણ છે જ. આ બધું દર્શાવે છે કે મનુષ્યની દ્દષ્ટિની શકિતનું મૂલ્ય ઓછું આંકવા જેવું નથી. ક્યારેક કોઈ સુપરહ્યુમનની સુપર દ્દષ્ટિ - સંજયદ્દષ્ટિ કુદરતનાં આવાં રહસ્યોને અનાયાસ જ ખોલી દે છે! અને જો એમ હોય તો ડોગોન, ઈતુરી પિગ્મીઝ કે માઓરી જેવી આદિવાસી જાતિઓની પુરાણકથાઓ સાવ વજૂદ વિનાની કહી શકાય નહીં.

□

મનાય છે કે ક્રિકેટની રમતના ઉદ્‌ભવ ઈંગ્લૅન્ડમાં થયો હતો બ્રિટિશ શાસનની સાથેસાથે એ દુનિયાના બીજા દેશોમાં પ્રસાર પામી. આ રમતને ક્રિકેટ નામ કેવી રીતે અપાયું તે અંગે પણ અનેક માન્યતાઓ છે. પ્રારંભમાં તો એ, દડા અને વિવિધ પ્રકારના દંડુકા વડે રમાતી બીજી અનેક રમતોની જેમ એક રમત હશે અને પછી ઉત્તરોત્તર વિકાસ પામી તેનું આગવું સ્વરૂપ ઘડાયું હશે. તેના પ્રાથમિક સ્વરુપના ઉલ્લેખ તો છેક ૧૩મી સદીથી મળે છે. અને ૧૭મી સદીમાં તો આ રમત શાળાઓમાં રમાવા સુધી પ્રચલિત બની ગઈ. હિન્દુસ્તાનમાં પણ એ અંગ્રેજોની સાથે જ આવી, અને અંગ્રેજી સૈનિકો દ્વારા તથા મુંબઈના ગવર્નર લૉર્ડ હેરિસ જેવા ઉત્સાહી ક્રિકેટ રસિયાના ઉત્તેજનથી આ દેશમાં યે તેનો ઘણો પ્રચાર-પ્રસાર થયો. એટલું જ નહિ, હિંદવાસીઓએ પણ તેમાં પ્રવીણતા મેળવી. કલકત્તામાં એક ક્રિકેટ-કલબ પણ સ્થપાઈ હતી. અને આ સદીના પહેલાં દાયકામાં યુરોપીઅનો, પારસીઓ અને હિંદુઓ વચ્ચે ટ્રાયએન્ગ્યુલર મેચ પણ રમાવા માંડી હતી. ૧૯૨૬-૨૭ના અરસામાં એમ.સી.સી. ઈલેવને દેશભરમાં ઘૂમીને અનેક મેચ જીતી ખ્યાતિ મેળવી હતી. વેસ્ટ ઈન્ડિઝમાં પણ અંગ્રેજી સૈનિકો જ આ રમત લઈ ગયેલા. અમેરિકા, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા વગેરે દેશોમાં પણ ક્રિકેટનો આ જ રીતે પ્રસાર થએલો. સાથોસાથ ધીરેધીરે તેનું આગવું સ્વરૂપ પણ ઘડાયું અને કેવળ રમત મટી ક્રિકેટ આજે કયા તબકકે છે તેનાથી સૌ વિદિત છે. આ લેખમાળામાં ક્રિકેટની રમત અને તેના નિયમો વગેરેની વિગતે સમજણ આપવાની નેમ છે.

- સં.

ક્રિકેટનું પરોઢ

કુમારપાળ દેસાઈ

રાષ્ટ્રસમૂહના દેશોમાં જાણીતી અને વ્યાપકપણે ખેલાતી આ ક્રિકેટની રમતનો પ્રારંભ કયારે થયો તેને વિશે અનેક અટકળો મળે છે. એક ધારણા એવી છે કે બકરાં ચરાવનારાઓ વૃક્ષની એક ડાળી કાપીને બૅટ બનાવતા હતા, જે બૅટ આજની 'હૉકિસ્ટિક'ને મળતું આવતું હતું. કોઈ કાપેલા વૃક્ષના થડને સ્ટમ્પ બનાવતા અથવા તો ઘરના નાનકડા દરવાજાને સ્ટમ્પ રૂપે રાખતા હતા. એ સમયે ચામડાનો જ દડો ઉપયોગમાં લેવાતો.

બીજી એક અટકળ એવી છે કે દોઢ કે બે ફીટની લંબાઈવાળા નીચા સ્ટૂલને ઈંગ્લૅન્ડમાં 'ક્રિકેટ' કહેવામાં આવતું. ક્રિકેટના પ્રારંભકાળમાં જે ઓછી ઊંચાઈવાળી વિકેટ જોવા મળે છે તેની સાથે આનો સંબંધ હોઈ શકે. ઈંગ્લૅન્ડના સસેક્સ પરગણાની એ સમયની બોલીમાં સ્ટૂલ શબ્દ ઝાડના ઠૂંઠા માટે પ્રચલિત હતો.

ત્રીજી માન્યતા એ છે કે આ રમત 'ક્લબ-બૉલ' નામની રમતમાંથી ઉદ્‌ભવી છે. જેમાં સ્ટ્રાઈકર જમીનમાં પાડેલાં કાણાંમાં જતા દડાને અટકાવતો હતો. અઢારમી સદીના ઈતિહાસકાર જોસફ સ્ટ્રટ માને છે કે ક્રિકેટની રમત એ 'કલબ-બોલ' રમતમાંથી ઉદ્‌ભવી છે. છેલ્લાં દોઢસો વર્ષમાં તો ક્રિકેટની રમત કયાં ઉદ્‌ભવી એ વિશે કેટલીય ધારણાઓ રજૂ થઈ છે. એક મત એવો છે કે આ રમત ભારતમાં શરૂ થઈ હતી. પરંતુ એને વિષે કોઈ પ્રમાણભૂત હકીકતો મળતી નથી. આ અંગે એન્ડ્રયુ લૅંગ જેવા તો લખે છે, કોઈએ ક્રિકેટની રમત શોધી નથી. બીજી બધી બાબતોની જેમ એ આપોઆપ ઉદ્‌ભવી છે.

આ રમત આરંભકાળે અવિકસિત સ્વરૂપમાં હશે અને ક્રમશઃ એમાં સુધારા-વધારા થતા રહ્યા હશે એમ માનવામાં આવે છે. પરંતુ આરંભથી જ આ રમતની ત્રણ આવશ્યક્તાઓ રહી છે. એક તો સ્ટમ્પ કે વિકેટ, બીજું બૅટ અને ત્રીજું દડો. વળી, ક્રિકેટમાં આજે વપરાતા ઘણા શબ્દોનાં મૂળ ઈતિહાસમાં મળી આવે છે. ક્રિકેટમાં અમ્પાયર એની આગવી વિશેષતાઓથી ફુટબોલના રેફ્રિ કરતાં જુદો પડે છે. આ અમ્પાયર શબ્દ non-pair જેવા ફ્રેન્ચ શબ્દમાંથી ઊતરી આવ્યો છે. અને આરંભમાં એક બાજુ જ સ્ટમ્પ રખાતા હોવાથી એક અમ્પાયર રાખવામાં આવતા. બંને બાજુ સ્ટમ્પ ખોડવાની શરૂઆત થતાં બે બાજુ અમ્પાયરો રાખવાની પ્રથાની શરૂઆત થઈ.

તેરમી સદીમાં ક્રિકેટની રમત પ્રચલિત હોવાના ઉલ્લેખો મળે છે. એનો પહેલો નિશ્ચિત પુરાવો ઈ.સ. ૧૪૭૮ના ડિસેમ્બરનો છે. આમાં એક દસ્તાવેજમાં Criquet શબ્દનો ઉલ્લેખ છે. ક્રિકેટનો શકય ઉલ્લેખ ઈંગ્લૅન્ડના રાજવી એડવર્ડ પ્રથમ (ઈ.સ. ૧૨૯૯થી ઈ.સ. ૧૩૦૦) ના સમયનો મળે છે. જેમાં રાજાના પુત્ર Creag નામની રમત ખેલતા હોવાનો ઉલ્લેખ છે. ઈંગ્લૅન્ડમાં આ રમત ખેલાતી હોવાનો પાકો પુરાવો ઈ.સ. ૧૫૯૮ની ૨૬મી જાન્યુઆરીએ કરવામાં આવેલા એક દસ્તાવેજમાં મળે છે. આમાં એક જમીનના ઝઘડા બાબતે ૫૯ વર્ષના જ્હોન ડેરિકે જુબાની આપતાં કહ્યુ હતું કે નિશાળમાં એ અને એના સાથીઓ Krickett નામની રમત ખેલતા હતા. આનો અર્થ એ થયો કે ઈ.સ. ૧૫૫૦ની આસપાસ એટલે કે મહારાણી એલિઝાબેથ(પ્રથમ)ના રાજ્યકાળ પૂર્વે ઈંગ્લૅન્ડમાં ક્રિકેટ રમાતું હતું. ઈંગ્લેન્ડમાં વસતા ગીઓવની ફ્લોરિઓ નામના એક ઈટાલિને ૧૫૯૮માં ઈટાલિઅન-અંગ્રેજી ભાષાનો શબ્દકોશ બહાર પાડ્યો, તેમાં આ રમતનો ઉલ્લેખ મળે છે.

ઈંગ્લૅન્ડનાં નાનાં શહેરો અને ગામડાંઓમાં ધીરેધીરે આ રમત ફેલાતી ગઈ અને સસેક્સ, કેન્ટ, સરે અને હેમ્પશાયર જેવાં પરગણાઓમાં રમાતી ગઈ. શરૂઆતમાં કેન્ટ પરગણામાં ઘણા કુશળ ખેલાડીઓ હતા, પરંતુ છેક ઈ.સ. ૧૭૪૪માં ક્રિકેટનું પહેલું સ્કોરબોર્ડ મળે છે. આથી એના પ્રારંભકાળના ઘણા ખેલાડીઓનો કોઈ ઉલ્લેખ મળતો નથી. આ મૅચના પરિણામ પર જુગારનો દાવ ખેલવામાં આવ્યો હતો. આજે પણ ઈંગ્લૅન્ડમાં ટેસ્ટ-મથકો પર આવી 'બેટિંગ' લેવાય છે.

ક્રિકેટના પહેલા સ્કોરબોર્ડમાં કેન્ટ અને ઑલ ઈંગ્લૅન્ડ ટીમ વચ્ચે ઈ.સ. ૧૭૪૪ની ૧૮મી જૂને ખેલાયેલી મૅચની વિગત છે. આ મૅચ લંડનના આર્ટિલરી ગ્રાઉન્ડ પર ખેલવામાં આવી. આમાં પ્રથમ દાવમાં ઑલ-ઈંગ્લૅન્ડની ટીમે માત્ર ૪૦ રન કર્યા, જેમાં એના છ ખેલાડીઓ શૂન્ય રન કરી આઉટ થયા હતા. બીજા દાવમાં ઑલ-ઈંગ્લૅન્ડની ટીમે સિત્તેર રન કર્યા. જો કે એનો એક પણ ખેલાડી શૂન્ય રને આઉટ થયો ન હતો. આના જવાબમાં કેન્ટની ટીમે પ્રથમ દાવમાં ત્રેપન અને બીજા દાવમાં નવ વિકેટના ભોગે અઠ્ઠાવન રન કર્યા. કેન્ટની ટીમનો એક વિકેટે વિજય થયો.

આ અત્યંત ઓછા જુમલાવાળી મૅચમાં સૌથી વધુ રન કરનાર ઑલ-ઈંગ્લૅન્ડની ટીમનો આર. ન્યૂલૅન્ડ હતો. એણે અણનમ રહીને અઢાર રનનો જુમલો કર્યો હતો. એ સમયે કેન્ટની ટીમની સૌથી પ્રબળ પ્રતિસ્પર્ધી સરેની ટીમ હતી.

ક્રિકેટની રમતમાં બે સ્ટમ્પ રાખવામાં આવતા હતા. બેની વચ્ચેનો ગાળો એટલો મોટો રહેતો કે દડો એમાંથી નીકળી જતો. ઈ.સ. ૧૭૭૫માં ફાઈવ ઑવ હેમ્બલ્ડન અને ફાઈવ ઑવ કેન્ટ વચ્ચે એકબાજુ સ્ટમ્પવાળી મૅચ ખેલાતી હતી. આ મૅચમાં હેમ્બલ્ડનની ટીમને વિજય માટે ૧૪ રન કરવાના હતા. એનો છેલ્લો ખેલાડી જ્હૉન સ્મૉલ ખેલતો હતો. વિરોધી ટીમના ગોલંદાજ લુમ્પીનો દડો ત્રણ વખત વિકેટ વચ્ચેથી પસાર થઈ ગયો. બંને બાજુના સ્ટમ્પને કશું ન થયું. હેમ્બલ્ડનના છેલ્લા ખેલાડી જ્હૉન સ્મૉલે જરૂરી રન કરીને વિજય મેળવ્યો. પરંતુ એ પછી હેમ્બલ્ડનના ખેલાડીઓએ વિરોધી ગોલંદાજ લુમ્પીને આશ્વાસન આપ્યું. આ બનાવને પરિણામે તરત જ ક્રિકેટની રમતમાં બે સ્ટમ્પને બદલે ત્રણ સ્ટમ્પ રાખવામાં આવ્યા. આવી જ રીતે સરેનો ખેલાડી થૉમસ વ્હાઈટ એના સાથીઓમાં 'શૉક' વ્હાઈટના નામે ઓળખાતો હતો. એણે ૧૭૭૧માં ખેલાયેલી એક મૅચમાં ૧૯૭ રન કર્યા હતા. આ 'શૉક' વ્હાઈટે ખરો આંચકો તો ત્યારે આપ્યો જ્યારે હેમ્બલ્ડન વતી એ બૅટિંગ કરવા આવ્યો ત્યારે ત્રણે સ્ટમ્પ જેટલું પહોળું બૅટ લઈને એ રમવા આવ્યો. પરિણામે ચપ્પા વડે એ બૅટ છોલવામાં આવ્યું. અને બૅટની પહોળાઈ અંગેનો નિયમ ઘડવામાં આવ્યો. એ સમયની મૅચોમાં ક્રિકેટમાં દાવ લગાવવાની વાત ઘણી સામાન્ય હતી. એક સો કે બસો ગીનીઓનો દાવ લગાવવો એ તો હંમેશની વાત હતી. ૧૭૫૧માં ખેલાયેલી એક મૅચ ૧૫૦૦ પાઉન્ડ માટે ખેલાતી હોવાની વાત હતી. પરંતુ એના પરિણામ પર વીસ હજાર પાઉન્ડ જેટલી રમત દાવમાં ખેલાઈ હતી. પ્રેક્ષકોને આકર્ષવા માટે મૅચ પર મોટી રકમનો દાવ લગાવવામાં આવ્યો છે એવી જાહેરખબર પ્રકટ થતી. ઓગણીસમી સદીના આરંભકાળ સુધી ઘણી મોટી મૅચો પર ઘણા મોટા દાવ લગાવવામાં આવતા હતા. ક્રિકેટની રમત પર જુગારના દાવ ખેલાવાથી રમતને કોઈ લાભ થવાને બદલે હાનિ વિશેષ થઈ, કારણ કે એટલી મોટી રકમનો દાવ લગાવવામાં આવતો કે જેથી મૅચ 'વેચાઈ' જતી.

ક્રિકેટની મૅચનું સૌપ્રથમ સંપૂર્ણ વર્ણન કાવ્યમાં મળે છે. અને તે પણ લૅટિનમાં લખાયેલી In Certamen Pilae નામની વિલિયમ ગોલ્ડવિને લખેલા આ કાવ્યમાં ક્રિકેટમૅચનું બયાન મળે છે. ક્રિકેટના પરોઢના સમયમાં ડ્યૂક ઑવ રિચમન્ડ (દ્વિતીય) અને સર વિલિયમ ગાગેનું પ્રદાન મહત્ત્વનું ગણાય. આ બંને વચ્ચે મૈત્રીભરી સ્પર્ધા રહેતી. છેક ૧૭૨૫માં આ બંને એકબીજાને જાહેરમાં પડકાર ફેંકતા અને સર વિલિયમ પોતાના હરીફને શુભેચ્છા પાઠવતા કહેતા કે તમને બધે જ સફળતા મળો. એક માત્ર ક્રિકેટની મૅચ સિવાય ડ્યૂક પોતાની ટીમમાં સારા ક્રિકેટરોને રાખતા, કારણ કે તેઓ આ ક્રિકેટરોને પોતાને ત્યાં નોકરીમાં રાખી લેતા. બે જુદાંજુદાં પરગણાં વચ્ચે ખેલાયેલી મૅચનો પહેલો પ્રમાણભૂત અહેવાલ કેન્ટ અને સરે વચ્ચેનો મળે છે. ડર્ટફર્ડ બ્રેન્ટમાં ૧૯૦૭ની ૨૯મી જૂને આ બંને કાઉન્ટિ ટીમો વચ્ચે મૅચ ખેલાઈ હતી.

ક્રિકેટના પ્રારંભકાળના સગડ પરથી એટલું તો દેખાય છે કે આ રમતનું સ્વરૂપ સતત વિકસતું રહ્યું છે. ઈંગ્લૅન્ડના દક્ષિણ ભાગમાં ખેલાતી રમતના કાયદાઓને ૧૭૪૪માં પહેલીવાર લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું. આ રમત સોળમી સદીમાં ખેલાતી હોવાના પ્રમાણભૂત પુરાવા મળે છે. અને એની અગાઉ ત્રણ સદીથી એનું સ્વરૂપ બંધાતું આવતું હશે એમ લાગે છે. ઈંગ્લૅન્ડના હેમ્પશાયર પરગણાના હેમ્બલ્ડન ગામે ક્રિકેટમાં એક અનોખી નામના મેળવી હતી. □

સૂચના

લેખકોને : લખાણ કાગળની એક જ બાજુ, છૂટું અને સુવાચ્ય હોવું જરૂરી છે. લેખમાં આવતા અન્ય ભાષાના શબ્દો મૂળ ભાષામાં કૌંસમાં દર્શાવવા. કૃતિની સાથે જવાબી ટપાલ ખર્ચ બીડવું નહિ. સ્વીકૃતિની જાણ એકાદ માસમાં કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી.

ગ્રાહકોને : 'કુમાર'નું લવાજમ મ.ઓ.થી કે કુમાર કાર્યાલય લિમિ.ના નામે ડ્રાફ્ટ અથવા ચેકથી મોકલવું. બહારગામના ચેકમાં બૅંક કમિશનની રકમ ઉમેરવી, અન્થા બૅંક કમિશન જેટલી રકમ લવાજમમાંથી બાદ ગણી એના પ્રમાણમાં અંકો ઓછા મોકલાશે.



રાધાની આંખમાં કાજલ લગાડતા શ્રીકૃષ્ણ. ૧૯મી સદીના ઉત્તરકાળનાં નાથદ્વારાના એક સુંદર ચિત્રનો અંશભાગ


નાથદ્વારા ચિત્રશૈલીનો પ્રેરણાસ્રોત

* અમિન અંબાલાલ *

રાજસ્થાનની વિવિધ ચિત્રશૈલીઓમાં નાથદ્વારામાં બનેલાં ચિત્રો તેની કેટલીક લાક્ષણિકતાઓને કારણે અલગ તરી આવે છે. ઉદેપુરથી વાયવ્યે લગભગ ૪૩ કિ.મી. દૂર બનાસ નદી પાસે નાથદ્વારા એક વિખ્યાત વૈષ્ણવ ધામ છે. પૂર્વે અરવલ્લીની પહાડી અને પશ્ચિમે મેલા નદીને લીધે આ ધામની આસપાસનું નૈસર્ગિક સૌંદર્ય ચિત્તપ્રભાવક છે. સૌરાષ્ટ્રમાં જેમ દ્વારકા તેમ રાજસ્થાનમાં નાથદ્વારાનું મહત્ત્વ છે. પુષ્ટિમાર્ગના પ્રધાન ઉપાસ્ય દેવ શ્રીકૃષ્ણના શ્રીનાથજી સ્વરૂપનું અહીં સ્થાપન હોઈ આ સ્થાન નાથદ્વારા તરીકે ઓળખાય છે. વૈષ્ણવો આ ધામને શ્રીનાથજી તરીકે પણ ઓળખે છે. શ્રીનાથજી એ ગોકુળમાં દહીંદૂધ ખાનારા ગોવર્ધનધારી શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે.

વલ્લભાચાર્ય જ્યારે પોતાના ધર્મસંપ્રદાયના પ્રસાર અર્થે આજના ઝારખંડ કહેવાતા વિસ્તારમાં હતા ત્યારે સ્વપ્નમાં શ્રીનાથજીએ તેમને ગોવર્ધન પર્વત પર જવા, અને ત્યાં તેમને ભગવાનની જે પ્રતિમા મળે તેની આરાધના કરવા કહ્યું. આ રીતે એમને જે મૂર્તિ મળી તેની ત્યાં ગોવર્ધનમાં જ પ્રતિષ્ઠા કરી તેમણે તેની અષ્ટયામ સેવા કરવા માંડી. પોતાના સંપ્રદાયના એ જ ઉપાસ્યદેવ માન્યા.

કાલાંતરે ઈસ્વી સનના સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં ઔરંગઝેબે હિંદુ દેવસ્થાનોનું જે ઉચ્છેદન આદર્યું તેમાંથી શ્રીનાથજીના રક્ષણ માટે તેમનું સ્થળાંતર કરવાનું વિચારાયું. ઉદેપુરનો રાજા રાજસિંહ શ્રીનાથજીનો ભક્ત હોઈ તેણે આ કામ ઉપાડી લીધું. એક ગાડામાં મૂર્તિ પધરાવીને ભક્તમંડળ સહિત સૌ ઉદેપુર આવવા નીકળ્યા. આ ગાડું ઉદેપુરથી થોડે દૂર સિંહદ ગામે પહોંચ્યું ત્યારે તેનાં પૈડાં ત્યાંની ભૂમિ સાથે ચોંટી જઈ ત્યાંથી કોઈ પ્રકારે આગળ ખસ્યાં નહિ. શ્રીનાથજીને કદાચ આ જ સ્થાન ગમી ગયું છે તેમ સમજી ભક્તોએ અંતે ત્યાં જ મહોત્સવપૂર્વક તેમની વિધિવત સ્થાપના કરીને મોટું મંદિર બંધાવ્યું અને સિંહદ ગામનું બધું ઉત્પન્ન આ મંદિરને સમર્પિત કર્યું. સમય જતાં સિંહદ નામ વિસરાઈ જઈ આ ધામ નાથદ્વારા કે શ્રીનાથજીના નામે પ્રસિદ્ધિ પામ્યું. હજારો ભાવિક યાત્રીઓની અહીં આવનજાવન થવા લાગી અને એથી આ ધામમાં જે બહુવિધ વિકાસ



શ્રીકૃષ્ણ, બલરામ અને ગોધન. નાથદ્વારાનું એક લાક્ષણિક ચિત્ર

થયો તેમાં અહીંની સ્મૃતિ રૂપે તથા પોતાના ઘરમાં પૂજામાં રાખવા શ્રીનાથજી તથા બાલકૃષ્ણની લીલાનાં ચિત્રોની માગ પણ ઊભી થઈ. ચિત્રકારોનો એક વર્ગ અહીં પોષાવા લાગ્યો અને ખાસ અહીંની જ એક આગવી ચિત્રશૈલી વિકસી. આ નાથદ્વારા ચિત્રશૈલીનાં ચિત્રાલેખનોમાં અહીંના સંપ્રદાયનો જે વિવિધ પ્રભાવ પડ્યો છે તે પર એક દૃષ્ટિપાત કરીએ.

નાથદ્વારામાં પ્રધાન ઉપાસ્ય દેવ શ્રીનાથજી હોઈ સ્વાભાવિક રીતે જ અહીંનાં ચિત્રોમાં શ્રીનાથજીનું જ પ્રાધાન્ય જોવા મળે છે. અલબત્ત, પુષ્ટિમાર્ગમાં જાણીતાં એવાં અન્ય અનેક સ્વરૂપો અને પાત્રોનું આલેખન પણ તેમાં હોય છે જ. આ ચિત્રોમાં શ્રીનાથજીને રોજનાં એમનાં આઠ સમાનાં 'દર્શન'ના અથવા આ સંપ્રદાયના વાર્ષિક ઉત્સવોના પરિધાનમાં દર્શાવવામાં આવે છે. ક્યારેક તેમાં શ્રીનાથજીને ખાસ 'શૃંગાર' સાથે પણ દર્શાવાય છે. ક્યારેક આ શૃંગાર ગોસ્વામી સ્વયં પોતાની અંતરેચ્છા કે 'મનોરથ' પ્રમાણે પણ સજાવે છે.

પુષ્ટિમાર્ગનાં અન્ય ધામોની જેમ નાથદ્વારામાં પણ પ્રતિમાને જીવંત ગણી તેને 'સ્વરૂપ' નામે ઓળખે છે. આથી, સ્વાભાવિક રીતે એ સ્વરૂપને બહુ જ ચોકસાઈપૂર્વક શણગારવામાં આવે છે. પૂજા ભક્તિને પુષ્ટિમાર્ગમાં 'સેવા' કહે છે. નિષ્કામભાવે પ્રેમ-ભક્તિપૂર્વક આ સેવા થવી જરૂરી છે. આથી ભક્ત કે પૂજારી દેવસ્વરૂપને ચીવટથી શણગારવા સાથે તેની આજુબાજુ પણ જે હોય તે નિમિત્ત અનુસાર સમગ્ર રચના પણ એટલી જ કલામય રીતે કરે છે કે જેથી દેવ પ્રસન્ન રહે. આ સમગ્ર શૃંગાર સાથે સાંકેતિક અર્થસભર અનેક ભાવનાઓ સંકળાયેલી છે, અને તેની એક આગવી પરિભાષા પણ રચાઈ છે. તેના દ્વારા આ સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન, દેવતાના વિધવિધ મિજાજ (મૂડ) યા એની અમુક ચોક્કસ 'લીલા' તથા ઋતુ અનુસારનો ઉલ્લાસ તેમાં વ્યક્ત થાય છે.

સમગ્ર વર્ષ દરમિયાન આ શૃંગારોમાંથી પ્રસન્નતાનો ભાવ પ્રસરતો રહે છે. આમાં લહેરાતો ખેસ, ફરફરતી ઙકાછની (પીતાંબરી કે કછોટી) તથા ઝૂલતી કેશલટો તેની દ્યોતક છે. કથક-નર્તકની નૃત્યગતિની જેમ તે એક પ્રસન્નકર ગતિલય રચે છે. આ સ્વરૂપોમાં તેની કમલાકાર તેમજ આબદાર આંખો પણ શરણે આવેલા ભક્ત પર કૃપા (પુષ્ટિ) વરસાવતી હોય તેવી લાગે છે.

વલ્લભ સંપ્રદાયમાં એમના દેવસ્થાનને મંદિર નહિ પણ 'નંદાલય' યા 'નંદજીનું ઘર' કે હવેલી કહે છે. તેના ઉપર શિખર નથી હોતું. એમાં દિવસમાં આઠ વાર વિધવિધ પ્રકારે પૂજાઅર્ચના થાય છે. જેને 'અષ્ટયામ સેવા' કહે છે. એમાં સવારે મંગલા, શૃંગાર, ગ્વાલ અને રાજભોગ તથા બપોર પછી ઉત્થાપન, ભોગ, સાયંઆરતી અને શયન, એમ કુલ આઠ પ્રકારે સેવા અને દર્શન થાય છે. આ દર્શન સમયે અષ્ટછાપ કવિઓએ રચેલાં પદોનું વાદ્યો સાથે ગાન થાય છે. શ્રીકૃષ્ણની લલિત લીલાઓ વર્ણવતી આ પદરચનાઓથી પુષ્ટિમાર્ગના પ્રસારને તો વેગ મળ્યો જ છે, તે ઉપરાંત, વ્રજભાષાને પણ ઘણી પુષ્ટિ મળી છે અને તેને સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો છે. આ પદોના શબ્દો તથા તેના રાગની પસંદગી પણ શૃંગારની ભાવનાને બળ આપે તેવી હોય છે. વૈદિક મંત્રો જેટલાં જ પવિત્ર ગણાતાં આ પદો સ્વયંસ્ફુરિત, સરળ, સાદાં અને ગેય છે. શ્રીકૃષ્ણનો મહિમા વર્ણવવા ઉપરાંત પક્ષી-પ્રાણી અને પ્રકૃતિના ગૌરવને પણ તે પ્રકટ કરે છે. પુષ્ટિમાર્ગનાં પદગાન અને કીર્તનોમાંથી સંગીતમાં 'હવેલી સંગીત'નો એક આગવો પ્રકાર વિકસ્યો છે. અમુક ખાસ પદરચનાઓને લક્ષમાં રાખીને નાથદ્વારામાં અઢાર પ્રકારના વિશિષ્ટ શૃંગાર તથા સંખ્યાબંધ પિછવાઈઓની રચનાઓ થઈ છે.

શ્રીનાથજીની સેવાને પણ વર્ષના ચાર ભાગમાં વહેંચવામાં આવી છે. વર્ષના આ દરેક ભાગના ત્રણત્રણ માસ શ્રીનાથજીની પ્રિય સખી રાધિકા, લલિતા, ચંદ્રાવલિ અને યમુનાજીને અર્પિત છે. આ મુજબ શ્રાવણ, ભાદ્રપદ અને અશ્વિન રાધિકાના છે. આ સમયગાળામાં જન્માષ્ટમી, નંદમહોત્સવ અને શરદપૂર્ણિમાનાં પર્વો આવે છે. વળી, શ્રાવણમાં હરિયાલી અમાવાસ્યાનો ખાસ ઉત્સવ ઉજવાય છે. ત્યારે શ્રીનાથજીનાં વસ્ત્રાભૂષણો, ગાદીતકિયા, પિછવાઈ, 'દીવાલગીરી' અને 'ડોલતીબારી'માં ચંદરવો વગેરેમાં લીલો-હરિત રંગ અગ્રસ્થાને હોય છે. ઠાકુરની ત્રીજ - શ્રાવણ સુદ ત્રીજના પર્વે ડોલતીબારીની દીવાલો

મોટી દીવાલગીરીથી ઢાંકી દેવાય છે અને તેમાં વ્રજની લતાકુંજોમાં રાધા-કૃષ્ણને હિંડોળે ઝૂલતાં દર્શાવાય છે. ઉપર ચંદરવામાં ઘનઘોર વાદળો તથા પિછવાઈઓમાં વીજ-વૃષ્ટિથી ભયભીત રાધાને શ્રીનાથજી (શ્રીકૃષ્ણ) પાસે આશ્રય શોધતી દર્શાવાય છે. શ્રાવણની સુદ સાતમે 'બગીચા'ના શૃંગાર સજાવાય છે ત્યારે ડોલતીબારીમાં અનેક કદલીવૃક્ષો વચ્ચે ઝૂલો અને સાથે આનંદોલ્લસિત મયૂરવૃંદ દર્શાવતી પિછવાઈઓની સુંદર રચના કરવામાં આવે છે.

લલિતા સખી સાથે કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ માસ સંકલિત છે. દિવાળી, અન્નકૂટ, ગોપાષ્ટમી વગેરે તહેવારો આ સમયમાં આવે છે. તેમાં માર્ગશીર્ષ માસથી માંડીને આગળના દિવસોમાં અમુક ખાસ રંગઝાંયવાળી 'ઘટા'ની રચનાઓ કરવામાં આવે છે. જેમ કે શ્યામઘટા વેળા મુખ્યત્વે શ્યામ રંગનું જ આયોજન હોય, તો કેસરીઘટા વેળા કેસરી તથા સફેદઘટામાં શ્વેત વર્ણને પ્રાધાન્ય અપાય.

માઘ, ફાલ્ગુન અને ચૈત્ર એ ચંદ્રાવલિ સખીના વસંતપંચમી, પાટોત્સવ, કુંજ એકાદશી, હોલી, દોલોત્સવ અને રામનવમી એ આ સમયનાં મુખ્ય પર્વો. આમાં યે ચૈત્ર સુદ પાંચમનો ગુલાબી ગણગોરનો તહેવાર ઉલ્લેખનીય છે. એ વખતે શ્રીનાથજીના શૃંગારની પ્રત્યેક સામગ્રી ગુલાબી રંગની જ પ્રયોજાય છે. આમાં વસ્ત્રાભુષણો અને પિછવાઈ જ નહિ, ભગવાનને ધરવાની શીરા ને કતરી જેવી મિષ્ટ વાનગીઓમાં ગુલાબની પાંખડીઓનો ઉપયોગ કરીને તેને પણ ગુલાબી ઝાંય અપાય છે. શ્રીનાથજીની આજુબાજુ ગુલાબનો જ મંડપ રચાય છે.

ઉનાળામાં વૈશાખ, જયેષ્ઠ અને આષાઢ માસ યમુનાજીના. જયેષ્ઠ વદ દશમ યમુના-દશમીનું પર્વ. ત્યારે ડોલતીબારી અને મણિકોઠામાં પાણી ભરી કમળ, રમકડાંની માછલી અને તરતી હોડીઓ મુકાય છે. 'ધીરે સમીરે યમુના તીરે વસતી વને વનમાલી' જેવી ગીતગોવિંદની રચનાનાં ગાન-સંગીત સાથે ગોસ્વામીજી એ જળમાં તરે-રમે છે.

શ્રીનાથજીનાં ચિત્રોમાં ચિત્રકાર જે દર્શાવવા મથે છે તે આ આધ્યાત્મિક અને દૃશ્ય-શ્રાવ્ય અનુભૂતિઓ છે. એમાં નર્યું વાસ્તવિક ચિત્રાંકન ન તો કલાકારને જચે છે કે ન તો કલાભોક્તા ભાવિક વૈષ્ણવને. કારણ તેઓ મુખ્યત્વે તો ભક્તો છે. આ જ પ્રકારની અનુભૂતિ તેમણે સ્વયં અનુભવી ને માણી હોય છે. નાથદ્વારાનાં શ્રીનાથજીનાં ચિત્રોનો પ્રેરણાસ્રોત આ અનુભૂતિઓમાં રહેલો છે, અને એટલે જ અન્યત્ર દોરાયેલાં ચિત્રો કરતાં નાથદ્વારાનાં ચિત્રો વધુ અધિકૃત અને જીવંત લાગે છે.

આ ચિત્રોની સંરચના બહુધા સમપ્રમાણ હોય છે. કારણ તે હવેલીઓ અને દેવસ્થાને સેવાપૂજામાં મુકાતાં હોય છે. ક્યારેક પ્રતિમાચિત્રની પશ્ચાદ્ભૂમાં કોઈ ખાસ વિષયની પિછવાઈ તેમજ પૂજા-વિધિની કેટલીક સામગ્રી પણ જરૂરી મનાય છે. કલાકાર આ બધું એવી ચાતુરીથી ગોઠવે છે કે જોનારની દૃષ્ટિ એ સમગ્ર રચનાના કેન્દ્ર-સ્થાને જ એટલે કે શ્રીનાથજી પ્રતિ દોરાય.

પુષ્ટિમાર્ગમાં 'માધુર્યભક્તિ' કે મધુરા ભક્તિ એ ભક્તિનો સર્વોચ્ચ પ્રકાર ગણાય છે. વ્રજની ગોપીઓનો એ શ્રીકૃષ્ણ પ્રતિનો પ્રેમ છે. પ્રેમભક્તિનો સ્ત્રૈણ ભાવ શ્રીનાથજીની આજુબાજુ આલેખાતા નિલકાયત કે ગોસ્વામીની કમળ જેવી આંખો અને લાલિત્યભરી દેહભંગિ દ્વારા દર્શાવાય છે. આ ગોપીભાવને ઘણીવાર વધુ ચોટ આપવા આરતી ઉતારતા ગોસ્વામીના આલેખનમાં તેમના હાથમાં સુવર્ણકંકણ તેમજ માથા ઉપર સાડીની જેમ શાલ ઓઢાડીને આલેખાય છે.

આમ, નાથદ્વારાનાં ચિત્રોમાં શ્રીનાથજી સ્વરૂપના આલેખનમાં કલાકારો વિધવિધ કલાચાતુરી દ્વારા, અન્યથા જડ અને સીમિત બની જાય તેવા વિષયને જીવંત બનાવે છે. આ રીતે પુષ્ટિમાર્ગના લાક્ષણિક સંસ્કારોને નાથદ્વારાની આગવી ચિત્રશૈલીના વિકાસનો યશ ઘટે છે.

નાથદ્વારાના ચિત્રકારોનો બીજો પ્રિય ચિત્રવિષય છે 'કૃષ્ણ-લીલા'. કૃષ્ણલીલાનાં ચિત્રોમા બાલકૃષ્ણનાં નટખટ તોફાનો, રાધા તથા ગોપીઓ પ્રતિનો તેમનો પ્રેમ, કે પછી તેમનાં પાલક નંદયશોદા સાથેની નિર્દોષ ચેષ્ટાઓનું આલેખન હોય છે. આ ચિત્રોમાં આલેખાએલાં માનવપાત્રોનું બટકું કદ પહેલી જ નજરે ધ્યાન ખેંચે છે. આ ચિત્રાલેખનનું મૂળ લોકકળામાં હોવાથી કદાચ આમ ચિતરાતું હશે. છતાં એનું એક મુખ્ય કારણ એ પણ હોઈ શકે કે તેમને કૃષ્ણના દૈવી સ્વરૂપને જાળવીને તેનું બાલસ્વરૂપ દર્શાવવું હોય. કૃષ્ણની આસપાસનાં પાત્રો, વયમાં મોટાં હોવાં છતાં કૃષ્ણ કરતાં તેમને ઊંચાં કે મોટાં બતાવાય નહિ. જયારે સ્ત્રીપાત્રો આલેખવામાં આ ચિત્રકારોએ ગ્રામપ્રદેશની સ્ત્રીઓના ભરાવદાર દેહાકારમાંથી પ્રેરણા લીધી હોય. રાજદરબારની નૃત્યાંગનાઓના નાજુક દેહ જોવાની એમને તક મળી ન હોઈ તેઓ પોતાનાં સ્ત્રીપાત્રોના આલેખનમાં તેવું નાજુક દેહલાલિત્ય ઉતારી શક્યા નથી.

નાથદ્વારાનાં ચિત્રોની એક ઉલ્લેખનીય લાક્ષણિકતા એ છે કે તેમાં કૃષ્ણને શ્રીનાથજી સ્વરૂપે જ આલેખાય છે. તેમાં તેની બીજચંદ્રાકાર આંખો, બટકું કદ, ઘનશ્યામ દેહવર્ણ, પુષ્ટિમાર્ગમાં રૂઢ એવું વસ્ત્રપરિધાન વગેરે પણ એને શ્રીનાથજી તરીકે ઓળખાવી દે છે. જયાં અગાઉ પુષ્ટિમાર્ગનું પ્રચલન હતું તે પ્રદેશોની ચિત્રશૈલીમાં પણ આ પ્રકારનું નિરૂપણ ક્યારેક જોવા મળે છે. ખાસ કરીને કોટા, દેવગઢ અને કિશનગઢનાં કૃષ્ણનાં આલેખનમાં એ નોંધનીય છે.

જો કે અષ્ટછાપ કવિઓનાં પદોમાંથી આ ચિત્રકલ્પનાઓ પ્રેરણા પામી જ છે, છતાં ચિત્રકારો રાસલીલા કે મથુરાના કૃષ્ણની બાલક્રિડાના પ્રસંગોને પણ પોતાની કલ્પનાનો મૂળ સ્રોત ગણે છે. પુષ્ટિમાર્ગને સમર્પિત એવાં રાસમંડળો પણ રચાયાં છે. તેમાં કૃષ્ણના પાત્રનું વેષપરિધાન શ્રીનાથજીના સ્વરૂપ સાથે સામ્ય ધરાવે છે. મોટે

અનુ. પૃષ્ઠ-૧૪૧

પક્ષી પ્રાણીની આત્મરક્ષાની યુકિતઓ

કનૈયાલાલ રામાનુજ

માણસને કુદરતે સૌથી વિશેષ વિચાર—શકિત આપી છે. તે પોતાનું સારું-નઠારું સહજ રીતે વિચારી શકે છે. સ્વ-રક્ષણ અંગેની સૂઝ જાણે તેને વારસામાં જ મળી છે. ત્યારે આપણને સહેજે વિચાર થાય કે આટલી મોટી જીવસૃષ્ટિનાં નાના-મોટા જીવો કે પ્રાણી-પક્ષીઓ પોતાનો બચાવ કેવી રીતે કરતાં હશે?

આવાં અનોખાં પ્રાણીઓનાં રમૂજ પેદા કરે તેવાં થોડાં ઉદાહરણો જોઈએ. ઓસ્ટ્રેલિયામાં કાંગારુંને મળતું એક નાજુક પ્રાણી થાય છે. તેને 'ઓપોસમ' કહે છે. આ પ્રાણીના નહોર તીક્ષ્ણ હોય છે, છતાં મોટા પ્રાણીની સામે રક્ષણ કરવામાં તે અસમર્થ છે. જયારે તેની ઉપર કોઈ દુશ્મન હુમલો કરે ત્યારે તે ડરનું માર્યું ભાગી યે શકતું નથી. એ વખતે પોતાનો બચાવ કરવા એ પોતાનું મોં ફાડી, તીણા અવાજો કરવા સાથે પંજા ઉછાળી દુશ્મનને ડરાવવા કોશિશ કરે છે. એ દશ્ય ખરેખર રમૂજ ઉપજાવે તેવું હોય છે. એ એટલું નાટક કરવા છતાં તેને લાગે કે દુશ્મન હજુ ભાગ્યો નથી ત્યારે તે ગડથોલાં ખાતું તેની સામે ગબડી પડે છે, અને મરી ગયું હોય તેમ શ્વાસ રોકી અચેત જેમ પડ્યું રહે છે. તેનું મોં એવું તો અધખુલ્લું રહી જાય કે બસ.....સાચે જ ભગવાનને ત્યાં પહોંચી ગયું!! જાણે પ્રાણાયામ કરી કોઈ યોગી સમાધિ લગાવે, તેવી યુકિત એ અજમાવે છે.

દુશ્મન ધીરેથી તેની તરફ આવે, તેને સૂંઘે...પછી મરેલું ધારી ત્યાં જ છોડી ચાલ્યું જાય છે; કારણ કે કોઈ પણ શિકારી પ્રાણીને મરેલા પ્રાણીનું ભોજન કરવામાં મજા આવતી નથી. તેને તો જીવતાનો શિકાર કરીને જ આરોગવામાં મજા આવે છે.

મરી જવાનો ડોળ કરીને જીવ બચાવતા બીજા પ્રાણીમાં 'ટાઈગર મોથ'ની પણ ગણના થાય છે. આ કીટક વર્ગનો જીવ તેના વર્ણના નારંગી અને સફેદ રંગની ઉપર લીલાશ પડતાં કાળાં ટપકાંથી અત્યંત સુંદર લાગે છે, અને એની સુંદરતા જ એના માટે જીવલેણ બને છે. તેને ભય જેવું જણાય ત્યારે તે પોતાની બંને પાંખોને ઊંચી કરીને શિથિલ બનાવી દે છે. જેથી કોઈને પણ એમ જ લાગે કે એ મરી ગયું છે. આટલું ઓછું હોય તેમ એ પાંદડા પર એક બાજુ ઢળી પડે છે. જેથી તેની પીઠ પરનો નારંગી રંગ દેખાય નહિ. તેને ખાવા આવનાર શિકારી પક્ષી સફેદ રંગ જોઈ, માની લે કે આ પતંગિયું ખાવામાં બે-સ્વાદ હશે. (સફેદ રંગ પક્ષીઓ માટે સ્વાદમાં ફિકકો, સ્વાદ વગરનો મનાય છે.)

કેટલાક સાપને પણ આવી કળા આવડે છે. એક સાપ એવો થાય છે કે ભય વખતે આડો અવળો ગૂંચાઈને પોતાનું મોં એવી રીતે ખોલી નાખે કે તે જોતાં મરેલો જ લાગે. ઘણીવાર સુધી તે આમ પડ્યો રહે છે. જો તેને ઉથલાવવામાં આવે અથવા સ્પર્શ કરીએ તો સાવ શિથિલ લાગે. આમ, મરેલાનો ડોળ કરીને તે ઊગરી જાય છે. પ્રાણી-વિજ્ઞાનિકો એમ માને છે કે આ સાપ પોતાના શિકારને ફસાવવા માટે પણ આવી રીત અજમાવે છે.

પોતાના રક્ષણ માટે શરીરમાં ફેરફાર કરતાં પ્રાણીઓની વાત કરીએ ત્યારે આપણને કાચીંડા પહેલા યાદ આવે. કાચીંડા માત્ર રંગ જ નથી બદલતા, પરંતુ કોઈ શિકારી પ્રાણી આવી ચડે ત્યારે મોં પહોળું કરીને શરીરમાં પુષ્કળ હવા ભરી લે છે. પરિણામે તેનું શરીર ફુલીને નાનકડા ફુગ્ગા જેવું બની જાય છે. આથી તેનું રૂપ બિહામણું બની જાય છે. સામેના પ્રાણીને લાગે કે તે હુમલો કરવા તૈયાર થઈ ગયો છે. આમ, બહુરૂપી બન્યા પછી લાગ મળતાં એ છટકી જાય છે. રંગ બદલવામાં કાચીંડો એક્કો છે. રંગ બદલી શકતા જીવો ખાસ પ્રકારના રંગકોષો ધરાવતા હોય છે. આ રંગકોષો બે પ્રકારે સ્પષ્ટ થાય છે. એક સીધો જ પ્રકાશ પડતાં કાર્યરત બની જાય છે, જયારે બીજા અતિપ્રકાશમાં ઘેરો રંગ પ્રાપ્ત કરે છે, અને મંદ પ્રકાશમાં તે રંગ આછો પડી જાય છે.


પોતાનું શરીર ફુલાવવાની કળામાં 'પફર' માછલી પણ વિખ્યાત છે. જયારે તેને ભય જેવું લાગે ત્યારે પુષ્કળ પાણી પીને એ પોતાના શરીરને દડા જેવું બનાવી દે છે. એ વખતે તેની ચામડી ઉપરનાં અણીદાર ભીંગડાં કાંટાની માફક ઊભાં થઈ જાય છે. આવો કાંટાળો દડો જોઈને શિકારી માછલીઓ પફરનો શિકાર કરવાનું જોખમ ન લેતાં નાસી જાય છે.

માછલીના શિકારની વાત આવે ત્યારે આર્કર ફિશનો ઉલ્લેખ પણ કરવો પડે. આ માછલી સમુદ્રના કિનારે કે સમુદ્રની અંદર ઊગતી વનસ્પતિ પર ઊછરતા કીડાઓનું ભોજન પસંદ કરે છે. એ સતત આવું ભોજન શોધતી જ હોય છે. આવું કંઈક નજરે ચડે એટલે આજુબાજુમાં આંટા મારી આવે. પછી શિકારથી ચોકકસ અંતરે સ્થિર થઈને પોતાના મોંમાં પાણી ભરી લે......પછી રિવોલ્વરમાંથી ગોળી છૂટતી હોય તેમ એ કીડાઓ પર ઉપરાઉપરી પાણીના પરપોટાનો જોરદાર મારો ચલાવે છે. આથી પેલો કીટક વનસ્પતિ પરથી પાણીમાં જઈ પડે છે કે તરત જ આર્કર ફિશ દોડી જઈ તેને ઝડપી લે છે.

ચિમ્પાન્ઝી વાનર બહુ બુધ્ધિશાળી ગણાય છે. ઊધઈનો રાફડો જુએ ત્યારે તે તેમાં ઘાસની લાંબી સળી નાખે છે. એ સળી પર અસંખ્ય ઊધઈ ચીપકી જાય. પછી સળીને ધીરેથી બહાર ખેંચી તેના ઉપર લાગેલી ઊધઈ ખાઈ જાય.

(અનુ. પૃ. ૧૨૧ પર)

ઉત્તર અમેરિકામાં લેક ઓન્ટારિયો એક વિશાળ સરોવર છે. તેમાંથી નીકળતી સેન્ટ લોરેન્સ નદીના મૂળ પાસે ૧૭૯૩ જેટલા નાનામોટા સુંદર ટાપુઓ છે. તેમાંના આ બે ટાપુઓની વચ્ચેથી કેનેડા અને યુ.એસ.ની જળસીમારેખા પસાર થાય છે. આ ટાપુઓને—આ બે દેશોને— જોડતો પુલ સૌથી નાનો આંતરરાષ્ટ્રિય પુલ છે.



અમેરિકન દૃશ્યાવલી : ૧

સહસ્ર દ્વીપ-ઉદ્યાન

ભોળાભાઈ પટેલ

કોઈ ભુલાઈ ગયેલા સ્વપ્નનો સ્મૃતિમાં રહી ગયેલો અદ્‌ભુત જળ-ભૂમિ-મય લેન્ડસ્કેપ!

હજાર ટાપુ અધરલોકમાં જાણે જોયા છે. અદ્‌ભુત, થોડા રહસ્યમય. હજાર ટાપુ, હજારથી પણ વધારે ટાપુઓનો એક પુંજ, એક વિરાટ નદીમાં. ના, આ ટાપુ દરિયાના નથી, અયુત વર્ષો પહેલાં ત્યાં દરિયો અવશ્ય હતો, પણ આજે તો નદી છે. સેન્ટ લોરેન્સ નામે રાક્ષસી નદીમાં આ હજાર ટાપુઓ આવેલા છે. બ્રહ્મપુત્રમાં એક વિરાટ માઝુલી ટાપુ છે, જે ટાપુ પર નાનીમોટી અનેક વસ્તીઓ છે. માઝુલી ટાપુ પર ચાલતાં એકદમ લાગે નહિ કે આપણે સરિતાના જળથી વીંટળાયેલા કોઈ ટાપુ પર છીએ. પણ એ તો એક ટાપુ, પણ આ તો હજાર ટાપુ.


હજાર ટાપુની વાત જુદી છે. જાણે ટાપુની જ વસ્તી! ભાતભાતના આકારોથી શોભતા, એકબીજાના નજીક છતાં એક બીજાથી અસ્પૃષ્ટ, આધુનિક મુનષ્યની નિયતિ જેવા. 'નદી કે દ્વીપ' નામની અજ્ઞેયજીની નવલકથામાં એવું આવે છે, એકએક મનુષ્ય, એક એક અલગ ટાપુ જેવો.


એકદમ વાત સ્પષ્ટ થઈ ગઈ આ હજાર દ્વીપ જોતાં. આ દ્વીપ અને આ સેન્ટ લોરેન્સ નદીનાં જળ એક સ્થળે અમેરિકા-કેનેડાને જોડે છે. એમ પણ કહેવાય કે છૂટાં પાડે છે. અમેરિકા-કેનેડાની સીમારેખા સેન્ટ લોરેન્સના આ હજાર ટાપુઓ વચ્ચે થઈને જાય છે. આ બે રાષ્ટ્રો વચ્ચે એવી સંવાદિતા છે. સરહદની અથડામણો નથી. દુનિયાનો સૌથી ટૂંકો આંતરરાષ્ટ્રિય પુલ અમેરિકાની હદના એક નાવિકોન ટાપુને અને કેનેડાની હદના એક ટાપુને જોડે છે.

નાયગરા જોતાં જેમ માત્ર એક ઉદ્‌ગાર નીકળે : અદ્‌ભુત! ગ્રાન્ડ કેન્યન જોતાં જેમ એક ઉદ્‌ગાર નીકળે : અદ્‌ભુત! તેમ અમેરિકામાં આ હજાર ટાપુઓ જોતાં બોલી પડાય : અદ્‌ભુત! બસ અદ્‌ભુત! સાચે જ આ બધી પ્રકૃતિની અદ્‌ભુત લીલાઓ છે, જેમ આપણો હિમગિરિ.

ન્યૂ યોર્ક નગરની આભઊંચી અટ્ટાલિકાઓ અને ત્યાંની ચહલપહલ જોયા પછી ન્યૂ યોર્ક રાજ્યની ઉત્તરપૂર્વમાં લગભગ ૨૦૦ માઈલ દૂર સસ્કોહાના (આદિવાસી અમેરિકન નામ લાગે છે) નામની રમણીય નદીને કાંઠે વસેલા વેસ્તાલ ગામમાં અમે થોડા દિવસ આરતી અને પુલિન શાહને ત્યાં રહ્યાં. આરતીએ અગાઉથી કહી રાખેલું કે તમે આવશો એટલે આપણે થાઉઝન્ડ આઈલેન્ડ્ઝ જઈશું જ જઈશું. નાયગરા તો અહીં આવનાર બધાં જ જાય છે, પણ થાઉઝન્ડ આઈલેન્ડ્ઝ બહુ જણા જતા નથી. આપણે જઈશું. એક શનિરવિએ નાયગરા જોઈ એવું લાગેલું કે આ ઈશ્વરનું જ એક વિરાટ દર્શન છે. જળની કેવી તો લીલા ! હજાર ટાપુ પણ જળની જ લીલા.

જુલાઈ મહિનો હતો. વહેલી સવારે અમે વેસ્તાલથી નીકળ્યાં. એ વખતે ઘણું ધુમ્મસ હતું. હવામાન ખાતાની આગાહી તો સ્વચ્છ આકાશની હતી, પરંતુ સસ્કોહાના તો જાણે ધુમ્મસ ઓઢીને વહેતી હતી. બીંઘમટન નગર વટાવી આગળ નીકળ્યા પછી થોડીવાર તડકો નીકળ્યો. ત્યાં વળી ગાઢ ધુમ્મસ જોયું. પુલિને ગાડીના વાઈપર્સને ચાલુ કર્યા. એ ધુમ્મસ નહિ, વરસાદ હતો. અનેક મોટરગાડીઓ, સમાહાન્ત માટે જતી હતી. અમને ચિંતા થઈ કે હજાર ટાપુઓમાં નૌકાયાત્રા થશે કે નહિ. મોટરગાડીની ગતિ પણ ધીમી કરવી પડી. અમે સુરદાસની કવિતાની વાતો કરતાં હતાં, ત્યાં બાલકૃષ્ણની નટખટ લીલાનું પદ આવતાં જ આરતીને રાજ (એનો ત્રણ વર્ષનો પુત્ર, ભારતમાં એની નાની પાસે હતો.) યાદ આવ્યો અને એની આંખમાંથી આંસુ વરસ્યાં, પણ થોડીવાર.





હજાર ટાપુઓમાંના બે ટાપુ. ડાબી બાજુ સ્વાતંત્ર્ય દેવીની પ્રતિમા સાથે આલીશાન આવાસ સાથેનો એક ટાપુ, તથા જમણી બાજુ એક નિવૃત્ત અફસરનો ટાપુ. આમ આ બધા જ ટાપુઓ સાથે એકએક આગવી કથા કે વિશિષ્ટતા જોડાએલી છે.

ટેકરીઓનો વિસ્તાર, પછી ખેતરોનો વિસ્તાર. સિરેકુયસના પાદરેથી પસાર થયાં. વરસાદ અહીં નહોતો. હવે અમે હજાર ટાપુઓના વિસ્તાર પાસે પહોંચવામાં હતાં. પુલિન કહે : પહેલાં જમી લઈએ. એક પાર્કમાં અનેક પ્રવાસી વિખરાયેલાં હતાં. અમે પણ એક સ્થાન શોધી લીધું.

પછી જેવાં એલેક્ઝાન્ડ્રિઆ પહોંચ્યાં કે વિશાળ જળવિસ્તાર અને એમાં તરતી નાનીમોટી નૌકાઓ અને હોડીઓ. હજાર ટાપુઓનું સૌન્દર્ય તો આ જળ-વચ્ચે કલાકો સુધી નૌકાવિહાર કરીએ તો પ્રકટે. આરતી-પુલિને કહ્યું કે અમે તો થોડાં અઠવાડિયાં પહેલાં એકવાર આખો દિવસ આ પાણી પર વિતાવ્યો છે. તમે બંને જાઓ.

અંકલ સામ કંપનીની એક બોટ ઊપડવામાં હતી. હું અને અનિલાબહેન બેસી ગયાં. અનેક યાત્રીઓ. મોટા ભાગનાં આ તરફનાં લોકો. નાયગરા જેવા સ્થળે ભારતીયો દેખાય, પણ અહીં અમને કોઈ દેખાયું નહિ.

થોડીવારમાં તો બોટે લંગર ઉપાડ્યાં. એ સાથે ગાઈડની વાક્ધારા પણ શરૂ થઈ. જેવી પ્રવાહ વચ્ચે બોટ આવી કે આ સેન્ટ લોરેન્સનો વિરાટ જળરાશિ જોઈ ચકિત. નદીનાં આટલાં જળ ! વાત એમ છે કે વિશાળ ઓન્ટારિઓ સરોવરમાંથી આ નદી નીકળે છે. અને ત્યાં એ વહેતી રહેલી છે. અને ત્યાં જ આ હજાર ટાપુ છે.

આ નદીનું સેન્ટ લોરેન્સ નામ કંઈ એનું ખરું નામ નહિ હોય. એ નામ તો એક જાક કાર્ટિઅરે ઈ. ૧૫૩૪માં આપેલું. કોઈ સસ્કોહાના જેવું રેડ ઈન્ડિયન નામ જરૂર હશે. છેક ૧૪૯૨માં તો કોલમ્બસે અમેરિકા પર પગ મૂકેલો, પછી તો આ બધા વિસ્તારનો ઈતિહાસ, ખાસ તો હજાર ટાપુઓ પરના અધિકારનો ઈતિહાસ, અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચેની લડાઈઓનો છે. ભારતમાં પણ અઢારમી સદીનો ઈતિહાસ એ જ છે ને? પરંતુ અમેરિકાની આ ભૂમિ પરની એ લડાઈમાં આદિવાસી ઈન્ડિયનો સાફ થઈ ગયા. ('ઈન્ડિયન' નામ પણ ભ્રાન્તિમાંથી નહિ કે પોતે 'ઈન્ડિયા' માં પગ મૂકયો છે?) અનેક ટાપુઓનાં નામ ફ્રેન્ચ છે. હવે મૂળ નામોની શોધ કયાં કરવી?

કારણ કે આ ટાપુઓનું નિર્માણ હજાર-બે-હજાર વરસની વાત નથી. લાખો-કરોડો વરસનો સમય-વિસ્તાર છે. ભૂગોળ-શાસ્ત્રીઓએ હિસાબ કાઢેલો છે, સમયનો અને રચનાનો. કરોડ વર્ષ પહેલાં હજાર ટાપુઓનો પાયો રચાયેલો ! આપણી તો કંઈ કલ્પના પણ ન પહોંચે. પહેલાં સમુદ્ર હતો, પછી ખસી ગયો, પછી આવ્યો, વળી પાછો બરફ જામી ગયો. બરફના ગ્લેસિઅર ખસતા ગયા અને એમણે જ બધા ભૂખંડ કોરી કાઢ્યા. પછી પાણી હટતું ગયું, વળી વધતું રહ્યું પણ ટાપુ રહ્યા. સામાન્ય રીતે નદીના ટાપુ ધોવાઈ જતા હોય છે, કાંપરેતીમાંથી બનેલા હોય છે. પણ હજાર ટાપુ તો જાણે અડગ, અવિચલ છે.

અમારી નૌકા આ ટાપુઓ વચ્ચે ફરી રહી છે. ગાઈડ ટાપુઓનાં નામ કહેતા જાય છે, પણ નામ યાદ રહે ? એ સમજાવે છે કે આ ટાપુનો આકાર ડેવિલની ભઠ્ઠી જેવો છે, એનું નામ 'ડેવિલ્સ ઓવન,' આ ટાપુનો આકાર હૃદય જેવો છે, એનું નામ 'હાર્ટ આઈલેન્ડ', આ ટાપુ પર એક કેસલ છે, 'કેસલ આઈલેન્ડ', આ હનિમૂન આઈલેન્ડ ! જમણી બાજુ નજર કરીએ, ત્યાં ડાબી બાજુ ટાપુ. ડાબી બાજુ જોઈએ ત્યાં જમણી બાજુ. હર્યાભર્યા ટાપુઓ વચ્ચે કોઈ ભૂલભુલામણીનો મારગ.

એક ટાપુ - કમ્ફર્ટ આઈલેન્ડ. એક નાનકડું મકાન છે,અને આજુબાજુ થોડી હરિયાળી છે. પછી ચારેકોર પાણી. આવા ટાપુ પર રહી પડીએ તો? આપણે પણ ટાપુ બની જઈએ, લોકાન્તરથી અસ્પૃષ્ટ. કેટલીય બોટો અને સ્પીડબોટોમાં પ્રસન્ન માનવીઓના

આરોગ્ય- સૂત્ર

'પુનર્વસુ'

* 'ચરકસંહિતા'ના સૂત્રસ્થાનના પચીસમા અધ્યાયમાં ભગવાન આત્રેયે કહ્યુંછે કે શરીરનું શોષણ કરનારાં કારણોમાં શોકનો ક્રમ પ્રથમ છે; 'શોક: શોષણાનાં શ્રેષ્ઠ:'. માટે શોક કરવો નહિ. શોકનાં મૂળ કારણોને બરાબર ધ્યાનપૂર્વક જોવા-સમજવાથી તેનાથી મુકત થઈ શકાય છે.

* જેમને ખાટી ઊલટીઓ થતી હોય તેમનામાં પિત્તની અમ્લતા (ખટાશ) વધી ગઈ છે તેમ સમજીને દહીં, છાશ, ટામેટાં, આમલી ઈત્યાદિ તમામ ખાટા પદાર્થો તથા ઢોકળાં, હાંડવો, ઈડલી-ઢોંસા, પાંઉ વગેરે આથાવાળા પદાર્થોનો ત્યાગ કરવો.

* દાંતમાંથી લોહી આવવું તે વિટામિન 'સી'ની ઓછપ સૂચવે છે. આમળાંમાં વિટામિન 'સી' ભરપૂર છે. શિયાળામાં રોજ ત્રણચાર લીલાં આમળાં ખાવાં. બાકીની ઋતુમાં સવાર-સાંજ સૂકાં આમળાંનું ચૂર્ણ બેબે ગ્રામ જેટલું પાણી સાથે ફાકી જવું.

* બધા રોગો મંદાગ્નિથી થાય છે, માટે પ્રમાણસર અને સમયસર જમવું. અગ્નિને પ્રદીપ્ત કરવા માટે ભોજનના આરંભમાં ત્રણચાર ગ્રામ જેટલી આદુની કતરણ પર જરાક નમક ભભરાવીને તે ચાવી જવી. એનાથી અગ્નિ પ્રદીપ્ત થઈ ભૂખ ઊઘડશે.

* વર્ષાકાળમાં શરીરમાં પિત્તનો સંચય થઈ શરદઋતુમાં તે પ્રકોપ પામે છે, માટે પિત્તના રોગોથી પરેશાન હોય તેમણે શરદઋતુમાં ખાટા, આથાવાળા અને તીખા પદાર્થો ત્યજી દૂધનું વિશેષ સેવન કરવું. દૂધ પરમ પિત્તશામક છે. શરદઋતુમાં આવતાં શ્રાદ્ધપક્ષમાં શ્રાદ્ધ-નિમિત્તે ખીર ખાવાની પરંપરામાં આ રીતે આહારમાં દૂધનો વપરાશ વધારવાની જ નેમ છે.

* મોટેમોટેથી વાયુના ઓડકાર આવતા હોય તો રોજ સવાર-સાજ નાગરવેલનું એક કોરું કપૂરી પાન લઈ, તેનું દીંટિયું તથા મુખ્ય નસ કાઢી નાખી, પાનમાં ત્રણ દાણા કાળાં મરી, એક દાણો એલાયચી તથા થોડી ખાંડ નાખી બીડું બનાવી ચાવી જવું. આ પ્રયોગથી ચઢતો વાયુ નીચે ઊતરી સ્વાભાવિક ગતિનો થવાથી ઓડકાર આવવાં બંધ થશે.

* હેડકી ન મટતી હોય, ન બેસતી હોય તો ચલમમાં નાળિયેરનાં છોતરાં ભરી, પેટાવીને થોડા દમ ખેંચી મોં અને નાકમાંથી ધુમાડા કાઢવા. ગણતરીની ક્ષણોમાં હેડકી બેસી જશે.

* પગે કે હાથે વાઢિયા-ચીરા પડ્યા હોય તો રોજ અનુકૂળ સમયે 'જાત્યાદિઘૃત'નું તેના પર દસદસ મિનિટ માલિશ કરવી. શિયાળામાં તો ખાસ આ માલિશ કરતાં રહેવું.

ચહેરા. રૂમાલ ફરકાવે, અભિવાદન કરે કપડાં તો ઓછાં પહેરવાનાં.

ટાપુઓ વચ્ચે ભૂરા જળની આ નદી કેમ શોધવી ? ટાપુને કાંઠે ઘર હોય, અંદર ઘર હોય, હરિયાળી વચ્ચે ઘર હોય. દરેક ટાપુનો ઈતિહાસ હોય પાછો. હજાર ટાપુ, હજાર ઈતિહાસ; ના હજાર નહિ એક હજાર સાતસો અને ત્રાણું ટાપુઓનો એટલી જ સંખ્યામાં ઈતિહાસ. આ દરેક ટાપુ જાણે ગ્રીનલેન્ડ, ક્યાંક ચારપાંચ ટાપુઓ પડોશીઓ જેમ નજીક હોય. બોટ જરા ધીમી થઈ. અમેરિકા-કૅનેડાની જળસરહદ અને દુનિયાનો ટૂંકામાં ટૂંકો આંતરરાષ્ટ્રિય પુલ. જાણે રમકડાંનો પુલ ! આ ટાપુને કાંઠે જો નૌકા નાંગરે તો ત્યાં પહોંચી જવાની ઇચ્છા થાય.

છેવટે એક ટાપુ પર અમે ઊતર્યાં. એ ટાપુ તે બોલ્ટ કાસલ ટાપુ. જ્યોર્જ બોલ્ટ નામના એક માણસે પોતાની પત્નીને ભેટ આપવા આ ટાપુ પર ઈ.સ. ૧૯૦૦માં એક કિલ્લો ચણાવવો શરૂ કરેલો, પણ પત્નીનું અવસાન થતાં એ અધૂરો રહી ગયો છે. માણસને કેવીકેવી ખ્વાહેશો હોય છે? પણ ઈશ્વરનીય ખ્વાહેશો હશે ને? માણસને નમ્ર બનાવવાની! અનેક ચમકતા ચહેરા આમતેમ જોવા મળતા હતા, આ ટાપુ ઉપર! અમને તો માનવસર્જિત ઈમારતોમાં એટલો રસ નહોતા, જેટલો પ્રકૃતિસર્જિત સૌન્દર્યના ટાપુઓમાં. ટાપુ અને જળ.

વાદળછાયો દિવસ રહ્યો, પણ વરસાદ પડ્યો નહિ એ સારુ હતું. સ્વચ્છ તડકો હોત તો વળી જુદો મિજાજ હોત આ સૌન્દર્યલોકનો. મેઘલા દિવસમાં મિજાજ જુદો. એવું થાય દુનિયાનાં બધાં કામકાજ છોડી એકાદ ટાપુ પર રહી પડીએ. શું રૉબિન્સન ક્રુઝો.....

પણ કયાં ? ઇન્દુ અને અશોક મોન્ટ્રિઅલથી આવી ગયાં હશે અને કિનારે રાહ જોતાં હશે. અહીંથી હું બારોબાર મોન્ટ્રીઅલ જવાનો હતો અને અનિલાબહેન, આરતી, પુલિન, સૌ પાછાં વેસ્તાલ. બોટમાં બેસી જ્યાં ટાપુ પર રહેવાની કલ્પના આવી કે આ વિચારે નક્કર ભોય પર લાવી દીધાં.

એ વખતે તો નક્કર ભોય પર ઊતાર્યાં. પણ પછી દિવસો વીતી ગયા છે, અને મહિના પણ. સમયને આટલે અંતરે ઊભા પછી હવે હજાર ટાપુનો લોક કલ્પનાલોક જ લાગે છે. એક સ્વપનલોક. સ્વપ્ન જાણે ભુલાઈ ગયું છે, એ લોકની ભૂલભુલામણીમાં મારી નૌકા ઘણીવાર વહેતી હોય છે. કોઈ ટાપુ પર કેમ એ નાંગરતી નથી?

'ક્રિકેટ મરી ગયું રે લોલ'

* ચન્દ્રવદન મહેતા *

ગુરુવર્ય નરસિંહરાવ દીવેટિયાની કાવ્યપંક્તિ 'મૃત્યુ મરી ગયું રે લોલ'માં મેં શબ્દફેર કરીને આ શીર્ષક બાંધ્યું છે. એ બદલ માફી માગું છું. હિન્દુસ્તાનમાં જામ રણજી, પટૌડીના નવાબ, જામસાહેબના ભત્રીજા કે ભાણેજ દિલીપસિંહ, પતિયાલા અને રાજકોટના રાજામહારાજા તેમજ રેલવેમાં કારકુની કરનારા વિઠ્ઠલ, શિવરામ, ગણપત એવા પાંચ પાંડવો જેવા ભાઈઓમાં અંગ્રેજી જિમખાનાની પાછલી કોટડીમાં રહેતા ગ્રાઉન્ડ્સમેન મિ. બાલુ, ડોલી કાપડીઆ, નાગપુરના ફોજી અમલદાર કેપ્ટન નાયડુ, રાંદેરના માલેતુજાર વેપારી બોટવાલા અને એના બબરચી શેખ જેવા અનેકોએ દુનિયામાં જે હિન્દી ક્રિકેટનું નામ ઝળકાવ્યું હતું એ ક્રિકેટની રમતનાં આજના હિન્દી ક્રિકેટરોના હાથે ઊઠમણાં-બેસણાંની ક્રિયા જોવા મળે છે એ દુઃખદ હકીકત હવે તો સુરતના સામ ભેસાનિયા પણ કબૂલે છે.

સંગીતમાં જયપુર, આગરા, ગ્વાલિયર, ઈંદોર, લખનૌ, મીરજ વગેરેનાં જેમ જુદાંજુદાં ઘરાણા પ્રખ્યાત હતાં તેમ ક્રિકેટની રમતમાં યે જુદાંજુદાં ઘરાણા પ્રચલિત હતાં. પતિયાલાના પ્રખ્યાત ઓસ્ટ્રેલિયન ટેરંટે જમાવેલું પતિયાલા ઘરાણું, કાશ્મીરમાં ફિરોઝખાને શરૂ કરેલું કાશ્મીર ઘરાણું, વઝીરઅલી અને આમીરઅલીનું મુસ્લિમ ઘરાણું, અને વૉર્ડન વજીફદારનું પારસી ઘરાણું, એમ કંઇક ઘરાણા આ ક્રિકેટની રમતમાં ત્યારે ચાલતાં. એમાંનું કંઇ આજે જોવા મળતું નથી. વિનુ માંકડે લોર્ડ્સની જમીન ઉપર ટેસ્ટમાં બોલિંગ તેમજ દાવમાં તરખાટ મચાવી જે રંગત જમાવી હતી એથી તો અંગ્રેજી છાપાંઓએ મથાળાં બાંધ્યાં 'માંકડ વિરુદ્ધ ઈંગ્લૅન્ડ'. પણ તેહિનો દિવસાઃ ગતાઃ

પારસી તરફથી ક્વોડ્રેંગ્યુલર રમવામાં વજીફદાર અમને ક્રિકેટની તાલીમ આપતા. ૧૯૨૦ના એ દિવસો. જામસાહેબની જ્યુબિલી બુકનો દળદાર થોથો વંચાવે, તેના ફોટા પ્રમાણે બેટ પકડાવે, અમુકમાં ફકરા ગોખાવે અને ભાતભાતની વાતો ને ટુચકા સંભળાવે. ક્વોડ્રેંગ્યુલર મેચો જોવાનો ૧૯૧૮થી અમને રસ હતો. બારબાર દિવસ લાગલાગટ પાંચ-છ કલાક તાલિયારખાનની રનિંગ કોમેન્ટ્રીના એ દિવસો, રેડિયાની મારી નોકરીને લીધે ૧૯૫૦ સુધીમાં હોબ્સ, સેન્ડામ, કાઉડ્રી જેવા નામાંકિત ખેલાડીઓ અને જેની બોલિંગ પરથી ૩૪-૩૫ના અરસામાં સ્પેન્સેનીઅર સ્ટાન્ઝા કહેવાય એવાં કાવ્યો લખાયાં, છપાયાં, ભણાવાયાં એ મશહૂર વૉઈસ જેવા બોલરના રેડિયો ઈન્ટરવ્યૂ લેવાના અને છક થઇ જવાય એવી વાતો જાણવાના એ દિવસો પણ હતા. વૉઈસ મુંબઇમાં એક ટેસ્ટ રમવા આવેલા. જબરદસ્ત બોલર. કરામતવાળો, હાડકાંભાંગુ નહિ. મને કહે, સીસી. જોજો, આ મેચમાં હું જેટલી વિકેટ લઇશ તે બધી બોલ ઝિલાવીને એમને આઉટ કરીશ, અને બીજી ઈનિંગ્સમાં જેટલી લઇશ તે બધી દાંડી ગુલ કરીને. પહેલીમાં છ અને બીજીમાં પણ છ. અને ખરેખર એણે એ પ્રમાણે જ વિકેટો લીધેલી તે ચોપડે જમા છે. આંગળીઓ ઉપરનાં અજબ કાબૂકરામતવાળો એ બોલર. વજન, મિજાજ, વળાંક નક્કી કરવામાં ઉસ્તાદ. છએ છ તો શું દસબાર જુદીજુદી તાસીરના દડા ફેંકનાર. એકવાર રેડિયો પર નાયડુનો ઈન્ટરવ્યૂ લેતાં મેં પૂછેલું, લ્સી. કે.! બહુ રમ્યા તમે. બહુ રન કર્યા. તમારા રમવામાં અઘરામાં અઘરો બોલર કોણ ભટકાયો તમને?' દૂર્વૉઈસ. તુરત જવાબ, અને એણે એની બોલિંગની જે તારીફ કરી! મુંબઇના રેડિયોમથકે એ રેકોર્ડ આજે મળવી અશક્ય, પણ એ ધારેલ જગ્યાએ ધારેલા વળાંક પર બોલ ઉછાળે, અને ધારે તે દિશામાં વળાંક આપે. એનો બોલ હાથમાંથી છૂટે ત્યારે કે અરધે આવે ત્યારે ય ગમ ન પડે. એવો ઊતરચઢ કરતો હવામાં અમળાતો હોય તે. એને ફટકાર્યે જ છૂટકો. ચૂકી ગયા તો તંબૂભેગા.

એ જમાનામાં ક્રિકેટને એક વિજ્ઞાન જેટલું મહત્ત્વ અપાતું હતું. આજની વાત કોણ જાણે! આજે એક દિવસની મેચોએ એનું ગૌરવ હણી નાખ્યું છે. પૈસા લઇને જ રમવા જવાની તૈયારીને કારણે આ એક ધંધો થઇ ગયો છે. પણ પોતાની ખાસ દેખરેખ હેઠળ રાંદેરમાં બોટાવાલા ભાઇએ પોતાની રાંદેર ટીમ ઊભી કરલી તેણે ટીમ સ્પિરિટની નામના મેળવી હતી. સદીની શરૂઆતમાં પી. બાલુ ઈંગ્લૅન્ડ જનારા પહેલા બોલર, અને એના પાંચ છ ભાઈ—પી. વિઠ્ઠલ, પી. શિવરામ વગેરે—અડધી ટીમ જ એમની. પ્રામાણિક પણે ખંતથી રમે. બોટાવાલાના મિત્રો અને નોકરચાકરો પણ એમની ટીમમાં. રાંદેરની એ બોટાવાલાની ટીમ ભાગ્યે જ પરાજિત થઇ હશે. વળી, એમની ખેલદિલી પણ એવી કે ભલભલી ટીમ રાંદેર જિમખાનામાં રમવા આવે. એ જમાનાની ખેલદિલીનાં યે કંઇક દષ્ટાંતો ક્રિકેટના થોકડેબંધ ગ્રંથોમાં વાંચવા મળશે. દુલિપસિંહનો એક કિસ્સોઃ "ગિલ્લી ભલે ન પડી પણ બોલ અડ્યો. 'મોરલી' હું આઉટ ગણાઉં એટલે હવે મારાથી નહિ રમાય", કહી એમણે ચાલવા માંડેલું.

દુલિપસિંહને મેં ઠીકવાર રમતા જોયા છે. એમની રમતમાં બે મુખ્ય સિદ્ધાંતો. એને વફાદારીથી વળગીને એ રમે. કહે, 'દડો ફેંકનાર દડો ફેંકે, એ દડો ગમે તેવો જટિલ, ઝેરીલો, લેભાગુ, અધ્ધર, દંશીલો, છેતરામણો હોય પણ એને માન આપી એ રમવો જ જોઇએ.' એને એળે તો જવા દેવાય જ નહિ. અને બીજો સિદ્ધાંત એમની ફટકાબાજી. ના, ફટકાબાજી નાયડુ કે જેસપ જેવી નહિ, એ પ્લેસિંગના રાજા. પ્લેસિંગ એટલે ઓછામાં ઓછા જોરે દડાને બે

ખાલીપો

લાભશંકર ઠાકર

નગરજીવનમાં વર્ષોથી વસું છું, કલ્લાકો સુધી પ્રદૂષણ શ્વસું છું. આમ કલમ પકડીને બેઠો છું, 'કુમાર' માટે લખવા ખાસ. ત્યારે કૌમાર્યમાં પગ મુકાયો નહોતો એવો કિશોર મારામાં જ, પંચાવન વર્ષના પ્રૌઢમાં જ, નખશિખ છવાઇ જાય છે. પાટડી ગામ(વાયા વીરમગામ)માં કિશોરવયમાં જે જીવન ગાળ્યું છે તે અરે ક્યાં ગયું ? માત્ર હવે એ આમ સ્મૃતિશેષ? ખેર.

આ ક્ષણે સ્મૃતિની એક દાબડી ખૂલે છે અને વગડામાં બોરડી દેખાય છે. અમે કિશોરો વગડામાં રખડીએ, બોરડીને જોઇ રહીએ. ક્યાંકક્યાંક લાલચોળ બોર, ચણીબોર જોઇને રાજી થઇ જઇએ. એને ચૂંટવા સિફતથી હાથને વાંકો-ચૂંકો લંબાવીએ. વાગે જ, કાંટા વાગે જ. પણ લાલ પક્વ ટબ્બા જેવા બોરને ચૂંટી લઇએ. આવું ગળચટું અને ઈષત્ અમ્લ, વળી કંઇક તૂરું બોર મોમાં મૂકીને ગર બધો ખાધા પછી પણ ગોળ ઠળિયો મોંમાં મમળાવ્યા કરીએ. વેચાતાં બોરની ઢગલી ગજવામાં ભરી હોય તે ખાતાં જે આનંદ આવે તે આનંદ કાંટા ખાઇને મળતાં બે-ચાર બોરના સેવનથી મળતો. હજુ ટેરવા પર કાટાં વાગ્યાની વેદના કંઇક છે, અને બોરનો લીસો સ્પર્શ પણ, અંગૂઠા, તર્જનીનાં ટેરવાં પર સળવળે છે. હા, હા, સળવળે છે, અને 'રસકીય' અનુભવ, ચર્વણા, ઠળિયા મમળાવવાની ક્રિયા બધું જ જીભ પર, મુખમાં સ્ફુર્ત થાય છે આ સ્મૃતિની ક્ષણોમાં. હવે, વાચક મિત્રો, રસકીય અનુભવોની ડબ્બીઓ જ ખૂલું ખૂલું થઈ રહી છે.

કમળકાકડી ખાધી છે લીલીલીલી? કમળનાં ફુલ મારા ગામના તળાવમાં લખલૂટ થાય. કમળને 'ડાભલા' બેસે. આ લીલાછમ ડાભલામાં કમળકાકડી ગોળાકાર ગોઠવાયેલી હોય. સાવ નાનો ડાભલો વિકસતો મોટો થાય. એ ડાભલા આખા વેચાય. અથવા કમળકાકડી કાઢેલી વેચાય. ડાભલો પોચોપોચો હોય. આમ જરાક બે આંગળીથી ખેંચીએ એટલે તૂટી જાય. એને તોડતા જઇએ અને રાયણ જેવા આકારની લીલી કમળકાકડી કાઢીએ. એનું લીલું કવચ તોડીએ એટલે અંદરથી મીંજ નીકળે. મીઠું મીઠું હોય. બહુ ભાવે મને તો કમળકાકડી. કમળનાં મૂળ પણ ભાવે. કુમળાં મૂળ તો પાતળાં લાંબાં હોય કૂણાં લબરક જેવા. કેડ કેડ લાંબું મૂળ ટટકાવી જઈએ. પછી મૂળ જરઠ થાય ત્યારે ય ખાવાલાયક તો હોય, પણ એમાં છિદ્રો હોય. કાદવ ભરાયેલો હોય. સાફ કરીને, બરાબર ધોઈને ખાવા પડે.

વાડીમાં જઈને મૂળા ખાવાની મઝા, કાકડી ખાવાની મઝા, ચીભડાં-મતીરાં છાનાંમાનાં વાડીમાંથી ચોરી કરીને, દોડીને ભાગી જઈને ખાવાની મઝા. પણ મિત્રો 'ઝીતેલાં' ખાધાં છે. ? આ માસિકના તંત્રી શ્રી ધીરુભાઈએ તો જરૂર ખાધાં હશે. કેમકે એ વીરમગામના છે. અમે પાસે—પાસેનાં ગામના છીએ. 'ઝી' એટલે 'ઘી' અને 'તેલ્લાં' બન્યું તેલ પરથી. વર્ષાનાં પાણી રેલવેના પાટાની બન્ને બાજુના ખાડાઓમાં ભરાઈ જાય. અઃ સંચિત જલમાં ઝીતેલાંના છોડ ઊગે. એને જે ફળ બેસે તે ઝીતેલાં. કાલાની સાઈઝ લગભગ કાંઈક મોટાં. પક્વ થતાં કંઈક ફાટી જાય. એમાં બે પ્રકાર હોય. એક કંઈક શ્વેત વર્ણના ગર્ભવાળાં હોય, જે ઘી જેવા સ્વાદમાં લાગે. બીજા આછા રક્તિમ વર્ણના ગર્ભવાળાં હોય, જે કંઈક તેલી સ્વાદવાળાં લાગે. મઝા તો ઘી જેવા સ્વાદવાળાં 'ઘીતેલાં' ખાવામાં આવે. અંદરનો અનેક બીજવાળો ગર્ભ ખાઈ જવાનો. અરે ક્યાં ગયાં રે ઝીતેલાં ?

કંઈ કંઈ સ્વાદો રસના ઉપર સળવળે છે, જેનાથી આજે હું વંચિત છું. પીલુડીના મોતી જેવા તીખા-મધુર પીલુ તમતમે છે. જીભ પર પાછા વિવિધ રંગનાં પીલુનાં લૂમખાં બાઝે. વિવિધ પીલુડી પર શ્વેત હોય, જાંબુડી જેવા હોય, લાલ હોય—અરે રંગો પણ ભૂલી ગયો છું. એક મધુર તમતમાટ જીભ પર.

સરકે છે રસકીય સ્મૃતિ રૂપે આ પીલુડીનાં જાડાં પાન પણ તીખાં હોય. ઝાડ પર બેઠા હોઈએ, ગપ્પાં મારતા કિશોરમિત્રો. પીલુની સિઝન ન હોય. પણ અમે શાખામૃગો પાન તોડીને વચ્ચે ચાવતા હોઈએ. અમારા ઝાલાવાડનું આ વહાલું કિશોરપ્રિય વૃક્ષ. આમલીનો ખટમીઠો કોર(મોર) યાદ કરું. કૂણાંકૂણાં કાતરાં યાદ કરું. એમાંય કાતરા નમક પર જરાક દબાવીને ખાવાની મઝા ઓર અને અમ્બરસપ્રિય કન્યાઓને આમલી પર ચઢીને કાતરા પાડી દેવાના પરાક્રમમાં અનુભવાતા વીરત્વ અને ફૂટુંફૂટું થતા, વ્યક્ત નહીં, અવ્યક્ત એવા કામનો સંચાર પણ સ્મૃતિરૂપે ચેતનામાં કંઈક ઓછો, કદાચ, ઝનઝન થતો અનુભવાય છે. અથવા એવું આ ક્ષણે લખવું ગમે છે. નથી પકડાતું ખરેખર શું છે તે? ચેતનામાં ઝનઝન જેવું કંઈ છે ? નિશ્ચય નથી થઈ શકતો. ગયુ તે ગયું.

હવે માત્ર આમ યાદ કરવું રહ્યું કાલાનાં જીંડવાં કૂણાં ખાવાની મઝા આવે. ગળ્યાં ગળ્યાં લાગે. હજુ તો ગર્ભરૂપે હોય. રૂપાન્તર થવાની વાર હોય. એવા કૂણાં જીંડવાં કાલાંનાં તક મળી છે ત્યારે ખાધાં છે. શૈશવમાં-કિશોરાવસ્થામાં. અને સાંઠા? જાર-બાજરીના લીલા સાંઠા ચાવવાની મઝા? અરે ગળ્યા ગળ્યા લાગે લીલા સાંઠા અને રીતસર ગાય-ભેંસની જેમ ચાવીએ અને રસ ગળા નીચે ઉતારીએ. માણસ એટલે કૂચા થૂ કરીને ફેંકી દઇએ.

એક હોંશ રહી ગઈ છે. મગફળીના ખેતરમાંથી બધું જ ખોદીને લઇ જવામાં આવ્યું હોય. આવા ખાલીખમ ખેતરમાં ચતુષ્પાદ થઇને જમીનમાં સંશોધન કરીએ તો પુરુષાર્થને પરિણામે ક્યાંક ક્યાંક

કોઇ મગફળીનું લીલું ફોફું મળી આવે. સંશોધનના મૂલ્યવાન ફલરૂપે એનું સેવન અતિશય આનંદ આપે. પીએચ. ડી. કરતાં કરતાં ઉપર લખ્યું છે તેવું સંશોધન કરવાની તક મળે તો એમાં કાલક્ષેપ કરવાની હોંશ છે. શીંગોડાં યાદ આવે છે. ટપ નીચે પડતી પક્વ લીંબોળી યાદ આવે છે. એને ઘોળીને રીતસર કેરીની જેમ ચૂસી જઇએ, પકવ લીંબોળીનો રસ મધુર હોય, યેસ. અરે મીઠી પક્વ લીંબોળી! તું હૈ કહાં ? મૈં તડપતા યહાં.

ટેટા ખાવા છે મારે. ટેટા વડના પાન ખાવાં છે મારે પીપળાનાં કૂંણાં, તામ્રવર્ણનાં. વળી, પીપળાના પાનને ગોળ વાળીને એનું પિપૂડું બનાવીને વગાડવું છે. સૂની બપોરને એ પિપૂડું વગાડીને જગાડવી છે. સૂની બપોર જ નહીં સૂની સાંજ, સૂની રાત, સૂનું થઇ ગયેલું આ આયખું જગાડવું છે રે!

પિપૂડું બનાવીને આ સૂનકારને ભરી દઉં? પીપળા સુધી જઇ શકીશ, કદાચ. હાથ લંબાવીને પાન તોડી શકીશ, કદાચ. ગોળ વાળીને પિપૂડું બનાવી શકીશ, કદાચ. મોંમાં મૂકીને ફુંક મારી શકીશ, કદાચ. પિપૂડું વાગશે, કદાચ. સૂનકાર, ખાલીપો (વૉઇડ) ભરાશે ? આઇ ડાઉટ. તેથી તો બેઠો છું આમ કાગળમાં એક સભર, રસમય, ઝાંખી થઇ ગયેલી સૃષ્ટિને તાકવાની, કાચ જેવી કીકીથી તાકવાની, મથામણ કરતો. □

અનુ. પૃ. ૧૩૪-થી

ભાગે ભાદ્રપદ માસમાં ભકતો વ્રજની યાત્રાએ જાય છે ત્યારે આ રાસ-મંડળો નાટકો ખેલે છે. માર્ગમાં દરેક ખાસ સ્થળે મુકામ કરીને જે તે સ્થાન સાથે સંકલિત કૃષ્ણલીલાના પ્રસંગો ભજવવા સાથે તેઓ રાસલીલા પણ રજૂ કરે છે. આ રાસમંડળો માટે સૂરદાસનાં પદો તેમાંની નાટ્યાત્મકતાને કારણે વિશેષ અનુકૂળ છે. આમાંનાં ઘણાં પદ તો અર્ધા સંવાદ રૂપે હોઈ અભિનેતાઓને તખ્ના ઉપર તેની રજૂઆતમાં ઘણી ફાવટ રહે છે. આ રાસની રજૂઆતમાં વચ્ચેવચ્ચે અમુક પળે રાધા-કૃષ્ણ બહુ સુંદર દેહભંગિમાં એકાએક થંભી જાય—સ્થિર થઈ જાય—છે. સમગ્ર દશ્ય એ પળે તખ્ના ઉપર સ્થિર બની જાય. પ્રયોગના સમાપનમાં પણ બનાવાતી આવી 'ઝાંકી' ભાવુક પ્રેક્ષકો માટે એક પ્રસન્નકર દશ્ય બની રહે છે. રાજસ્થાનમાં આવી રાસલીલાઓ ઘણીવાર વૈષ્ણવ હવેલીઓ તેમજ રાજદરબારોમાં પણ ભજવાતી હતી.

આમ, નાથદ્વારા સદાય પુષ્ટિમાર્ગીય પર્વ-ઉત્સવોથી ધમધમતું રહેતું હોઈ તેના વિધવિધ પ્રભાવ-સંસ્કારોથી પ્રેરણા પામતા રહેતા અહીંના ચિત્રકારોની એક આગવી શૈલી ઘડાઈ છે. પદ, ભજન, કીર્તન વગેરેમાંથી મળતાં વર્ણનો, આખ્યાયિકાઓમાંનાં કથાનકો, અષ્ટયામ પૂજાના વિધવિધ શૃંગારો ઈત્યાદિમાંથી પ્રેરણા ઝીલીને અને રોજેરોજ આવતાંજતાં યાત્રિકોથી પોષણ પામતી રહેવાથી નાથદ્વારામાં ત્યાંની એક આગવી જ ચિત્રશૈલી વિકસી છે. □

અનુ. પૃ. ૧૩૯-થી

ફીલ્ડરોની વચ્ચે એવી રીતે કાતરવો કે પેલા બે ફીલ્ડરો અને દડો ત્રણેય બાઉન્ડરી પર આમ કે તેમ એકઠા થઇ જાય. દોડે તો ચાર, નહિ તો બાઉન્ડરીના ચાર રન સાચા. ઓછામાં ઓછા થાકે એ બેટિંગ કરતા. આંખ, બુદ્ધિ, શકિતનું નિયંત્રિત માપ, અને ફટકો મારવાની કળાના એ ઉસ્તાદ.

એ જમાનાની ખેલદિલીની એક સદાય યાદ રહી જાય એવી વાત કહેલી. ઑસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ રમાતી હતી. દાવ લેવા આવનાર બ્રેડમેન તો નહિ, પણ એવો જ નિષ્ણાત ખેલાડી. મેદાનમાં આવી પ્રથમ તો પોતાની આસપાસનું આખું ફીલ્ડ જોઇ લે, યાદ કરી લે અને પછી જ્યાં ક્યાંક ગાળો પડતો હોય તે ખ્યાલ રાખી દડાને ફટકારે. આમ એક રમતમાં બોલરે સ્લિપ—એટલે સામી છાતીના ફીલ્ડર સાથે સંતલસ કરેલી કે ત્રીજો દડો ફેંકાય ત્યારે એણે સ્લિપ પરથી લેગ—વાંસાની તરફ તુરત ખસી જવું. રમનારે પેલાને સ્લિપમાં ઊભેલો જોયેલો એટલે એણે લેગ ગ્લાસ કાઢી. અને પેલા ફીલ્ડરે બૉલ ઝીલી લીધો. રમનાર આઉટ તો થયો, પણ આ ચાલાકી ઈંગ્લિશ કેપ્ટનની નજરમાં આવી જતાં એણે બૂમ મારી અને અમ્પાયરને કહી એને દાવમાં રખાવ્યો. અલબત, આવા દાખલા બહુ ઓછા મળે, પણ મળે. આજે તો અમ્પાયરો જ બગડ્યા છે, અને એટલે હવે તટસ્થ દેશોના લવાદો નક્કી કરવાનો નિયમ ઘડવામાં આવ્યો છે.

એ જમાનો હતો સ્લિપ કે દૂરથી કોઇ ફીલ્ડરે ખૂબ નીચેથી ફટકો ઉઠાવ્યો હોય અને તે દડો જમીનને અડતાં જ ઊંચકેલો હોય તો ફીલ્ડર તુરત જ જાતે જ કબૂલ કરી દેતા.

દુઃખની વાત છે. ક્રિકેટ જેમ જ હવે, ખુલ્લે પગે રમાતી હોકી યા ફુટબોલની મૅચોમાંથી ભારતની બાદબાકી થવા માંડી છે. પોલો તો જયપુરથી બ્રાઝિલ જઈ રમતા એ તો સ્વપ્નું થયું. ગિલ્લીદંડા કે ખોખો તો જયારે ઈંગ્લેન્ડ, રશિયા કે અમેરિકા જેવું પ્રકીર્તિત સ્થાન સર કરે ત્યારે એની હરીફાઇ ગોઠવાય. એટલે આપણા આવડા મોટા દેશોમાં વધતી જતી વસ્તીમાં પણ એક ધ્યેયથી, ભેરુબંધીથી, દેશની કીર્તિ ઉજાળે એ રીતે રમનારા ક્રિકેટના પૂરા અગિયાર રમનારા યે નથી મળતા એ આપણી શરમ છે. હા, જયાં એક જ હરીફ હોય—બિલિયર્ડમાં દેશનું નામ રોશન કરનાર ફેરેરા જેવા, તો તેની વાત અલગ છે. પણ જયાં રમતમાં બે થયા, અગિયાર થયા કે આપણા સંપમાં ફ્રાચર પડવાની—ક્યાંક પૈસાથી, ક્યાંક લાગવગથી, સંબંધ-સગપણથી કે રાજકીય વગ યા ચાલબાજીથી અથવા મોટીમોટી શરતોનો જુગાર ખેલવાથી. આ વાત હવે નિર્વિવાદ બનતી જાય છે. □

સાહિત્યસંપર્ક



કુર્રતુલ ઐન હયદર

ઇ.સ. ૧૯૮૯નો જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ૬૩ વર્ષની વયનાં હયદર ઉર્દૂનાં ખ્યાતનામ લેખિકા છે. આ પૂર્વે ૧૯૬૯માં ઉર્દૂના જાણીતા કવિ ફિરાક ગોરખપુરીને જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયેલો.

બિજનોરનાં જાણીતાં લેખક દંપતીના એઓ પુત્રી છે. એમના પિતાનું નામ સજજદ હયદર યાલદ્રામ અને માતાનું નામ સજજદ હયદર. એમણે પાંચ નવલકથા, ચાર લઘુનવલ અને ચાર ટૂંકી વાર્તાના સંગ્રહો પ્રકટ કર્યા છે. ૧૯૫૯માં પ્રકટ થયેલી 'આગ કા દરિયા' એમની ખૂબ જાણીતી નવલકથા છે. આ નવલકથા આત્મકથાત્મક છે, પરંતુ એમાં પ્રાચીન કાળથી અર્વાચીન કાળ સુધીની ભારતીય વ્યકિતત્વની ઉત્ક્રાન્તિની કથા આકર્ષક રીતે નિરૂપવામાં આવી છે. ભારતના ભાગલા પછી એઓ પાકિસ્તાનમાં રહેલાં, પરંતુ ત્યાંથી તેઓ પાછાં ફરી ભારતમાં સ્થિર થયાં છે. પાકિસ્તાનથી પાછા ફર્યાં બાદ ૧૯૬૫માં એમણે 'પતઝર કી આવાઝ' નામક ટૂંકી વાર્તાનો સંગ્રહ પ્રગટ કર્યો, જેને દિલ્હીની સાહિત્ય અકાદમીએ પુરસ્કાર્યો હતો. જેઓ મૂળસોતાં ઊખડી ગયાં છે એવાં માનવીઓ આ સંગ્રહની વાર્તાના કેન્દ્રમાં છે. બે ભાગમાં પ્રકટ થયેલી એમની નવલકથા 'કાર-એ-જહાં દરાઝ હૈ' તથા 'આખિર-એ-શબ કે હમસફર' કંઈક અંશે ઐતિહાસિક ઢંગની છે.

આરંભમાં એમના પર એવો આક્ષેપ મુકાતો કે તેઓ પશ્ચિમનાં લેખકો વર્જિનીઆ વુલ્ફ, હેનરી જેમ્સ અને બર્ગસાંથી પ્રભાવિત થઈ લખે છે. એમની રચના 'કાર-એ જહાં દરાઝ હૈ' પર યુરોપમાં પ્રસિદ્ધિ પામનાર 'રૂટ્સ' ગ્રંથની અસર છે એમ કહેવાવા લાગ્યું ત્યારે એમણે ખુલાસો કરેલો કે એમની પોતાની કૃતિ તો 'રૂટ્સ'ના પ્રભાવ તળે આવ્યા વગર જ લખાવાની શરૂ થઈ હતી. વળી, બર્ગસાંનો તો એમણે અભ્યાસ સુધ્ધા કર્યો નથી. એમણે તો ૧૯૫૦ પછી જ આધુનિક અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો. આથી એમની નવલકથા 'મેરે ભી સનમ ખાને' એપ્રિલ ૧૯૪૯માં પ્રકટ થઈ ત્યારે એમાં વર્જિનીઆ વુલ્ફની નવલકથા 'ટુ ધ લાઈટ હાઉસ'નો પ્રભાવ જોવો તે હકીકતથી પર છે. અલબત્ત, ૧૯૫૦ પછી લખેલી નવલકથા 'સફીન-એ ગમે દિલ' માં વર્જિનીઆ વુલ્ફનો પ્રભાવ એઓ સ્વીકારે છે.

સામાજિક ઈતિહાસમાં તથા ઈતિહાસના ભૂતકાલીન અને પ્રવર્તમાન પ્રશ્નોમાં એમને ઊંડો રસ છે. આની ઝાંખી એમની કૃતિઓમાં થાય છે. ઇકબાલ અને એલિયટ એમના પ્રિય સર્જકો છે. પાકિસ્તાન અને ભારતમા એમણે પત્રકારત્વના ક્ષેત્રે પણ કામગીરી બજાવી છે. ફૈઝસાહેબના સૂચનથી એમણે 'પાકિસ્તાન ટાઇમ્સ'માં જયોર્જ બર્નાર્ડ શૉ ઉપર જે અવસાનનોંધ લખી તે પ્રસંશા પામી હતી. ભારત પાછા ફર્યાં બાદ એઓ મુંબઇમાં 'ધી ઇલસ્ટ્રેટેડ વીક્લી' સાથે આઠેક વર્ષ સંકળાયેલાં રહ્યાં. ત્રણ વર્ષ સુધી 'વીકલી'માં એમણે ચલચિત્રોનાં જે અવલોકનો લખ્યાં તેણે તેમને ખૂબ પ્રસિદ્ધિ અપાવી. એઓ 'સેન્ટ્રલ બોર્ડ ઓવ ફિલ્મ સેન્સર્સ'નાં સભ્ય પણ નિમાયેલાં.

પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીની જે અવહેલના થાય છે તે પ્રત્યે તેમને ભારે રોષ છે. આથી તેઓ સ્ત્રીમુકિતની ચળવળમાં માને છે. અલબત્ત, એ સ્વચ્છંદતાનો સ્વીકાર કરતાં નથી. એઓ એમ પણ કહે છે કે પશ્ચિમની સ્ત્રીસ્વતંત્રતાની ઝુંબેશને નામે સ્વચ્છંદી બનવું તેના કરતાં તો મૌલવી બની જવું વધારે સારુ. એમનો અભિપ્રાય એવો પણ છે કે જો તેઓ મુસ્લિમ ઘરાનામાં જન્મ્યાં ન હોત તો ભરત નાટ્યમ શૈલીનું નૃત્ય શીખ્યાં હોત. સૌંદર્યાનુરાગિતા એમના જીવન અને લેખનની લાક્ષણિકતા છે.

એમનાં કથાસાહિત્યમાં ચરિત્રચિત્રણની બાબતમાં એઓ મેદાન મારી જાય છે. એમનાં પ્રમુખ પાત્રો સમાજમાં મૂલ્યોનો જે વિનિપાત થઈ રહ્યો છે તેના ભોગ બને છે. આ મૂલ્યહ્રાસની સામે એમની કથાઓ જેહાદ જગાવે છે. એમણે પોતાની સર્જકતાની પ્રતીતિ પોતાની રચનાઓમાં કરાવી આપી છે. તે ઉપરાંત હેનરી જેમ્સની કૃતિ 'પોર્ટ્રેટ ઓવ અ લેડી'નો તથા ટી. એસ. એલિયટના પદ્યનાટક 'મર્ડર ઈન ધ કથીડ્રલ'નો અનુવાદ આપી પોતાની જીવન અને સાહિત્યની વિભાવના સાથેસાથે અનુવાદક તરીકેની શકિતનો પણ પરિચય કરાવી આપ્યો છે. આરંભનાં લખાણોમાં પારંપરિક વલણ સ્પષ્ટપણે વર્તાય છે, તો પછીની કૃતિઓમાં પશ્ચિમની ઢબે પ્રયોગશીલતા જોવા મળે છે. આમ છતાંય એ એક એવાં લેખિકા છે કે જેમને તમે સ્પષ્ટપણે પારંપરિક કે પ્રયોગિક એવા ચોકઠામાં બાંધી શકશો નહિ. આખરે તો માનવતાની મહેકથી એમની કોઈપણ કલાકૃતિ ફોરી રહે છે. મનુષ્ય એ જ એમની પ્રથમ નિસબત છે.

આજના ઉર્દૂ સાહિત્યનું પ્રતિનિધિત્વ કરતાં હયદરની સર્જક પ્રતિભાને આમ જ્ઞાનપીઠ એવોર્ડથી નવાજાઈ તેમાં સમગ્ર અર્વાચીન ઉર્દૂ સાહિત્યનું સંમાન થવા પામ્યું છે. **મોહંમદ ઝુબેર કુરેશી** □



મહાકવિ કાલિદાસ-વિરચિત મેઘદૂત

વર્ષાઋતુ આવે અને કાલિદાસનું 'મેઘદૂત' યાદ ન આવે એ તે કંઇ બને? આ અદ્‌ભુત ખંડકાવ્યે અનેક રસિક હૈયાંને ડોલાવ્યાં છે. આ વર્ષામાં એ કરુણમધુર કાવ્યના કેટલાક શ્લોકો અને તેનો સમશ્લોકી અનુવાદ આસ્વાદ્ય બની રહેશે. એમાં વળી જાણીતા ચિત્રકાર વાસુદેવ સ્માર્તની પીછીના કસબનો એને લાભ મળ્યો છે એ સોનામાં સુગંધ ભળવાનો અવસરછે.

कश्चित्कान्ताविरहगुरुणा स्वाधिकारात्प्रमत्तः
शापेनास्तंगमितमहिमा वर्षभोग्येण भर्तुः ।
यक्षश्चक्रे जनकतनयास्नानपुण्योदकेषु
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥१॥

કાન્તાકેરા વિરહદુઃખથી ઉગ્ર ને વર્ષભોગ્ય
સ્વામીશાપે સકલમહિમાભ્રષ્ટ, કાર્યે પ્રમાદી
કોઈ યક્ષે તરુવરભરી છાંયમાં વાસ કીધો
સીતાસ્નાને પુનિતજળના રામગિર્યાશ્રમોમાં (૧)

तस्मिन्नद्रौ कतिचिदबलाविप्रयुक्तः स कामी
नीत्वा मासान्कनकवलयभ्रंशरिक्तप्रकोष्ठः ।
आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुं
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श ॥२॥

કાઢીને ત્યાં અમુક મહિના અદ્રિમાં સ્ત્રીવિયોગી
તે કામીએ કનકવલયભ્રંશથી શૂન્ય હાથે,
ને આષાઢી પ્રથમ દિવસે શૃંગભેટ્યો સુરમ્ય
વપ્રક્રીડારત ગજ સમો ઝૂકતો મેઘ ભાળ્યો. (૨)

तस्य स्थित्वा कथमपि पुरः कौतुकाधानहेतो-
रन्तर्बाष्पश्चिरमनुचरो राजराजस्य दध्यौ ।
मेघालोके भवति सुखिनो प्यन्यथावृत्ति चेतः
कण्ठाश्लेषप्रणयिनि जने किं पुनर्दूरसंस्थे ॥३॥

આકાંક્ષાના જનક, ચિર તે મેઘ સામે પ્રયત્ને
ઊભો યક્ષ વ્યથિતહૃદયે આંસુ સાથે વિચારે,
જોતાં મેઘો સુખમય જનો દુઃખ પામે વળી શું,
કંઠે ભેટ્યા પ્રણયધરનાં લોક છે દૂર તેનું? (૩)



અનુવાદક : ગૌતમ પટેલ, કપિલરાય દવે



માધુકરી

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭

જે દિવસની અમે રાહ જોતા હતા તે તું છે ? આવ.
જેની ઉષાનો પાલવ દૂધમલ શહીદો તણા
પવિત્ર રકતથી થયો રંજિત, તે તું છે ? આવ.
જેની પ્રભાત-લહરી મહીં અમ સ્વપ્નભરી
આશાઓની ખુશ્બો જઈ વસી છે, તે તું જ ? આવ.
આવ હે સુદિન અમ મુકિત તણો !

ઉમાશંકર જોશી ('વસંતવર્ષા'માંથી)

એક બહુમુખી પ્રતિભાની વિદાય

આ સદીના આરંભના દાયકાઓમાં મદ્રાસથી સાહિત્ય, કલા અને ફિલસૂફી-વિષયક 'શમા' નામનું એક ઉચ્ચ કોટિનું ત્રૈમાસિક પ્રકટ થતું હતું. તેનાં સંપાદિકા હતાં મૃણાલિની ચટ્ટોપાધ્યાય. એમના પુત્રે હજી તો આયુષ્યનાં વીસ વર્ષ પણ પૂરાં કર્યાં નહોતાં ત્યાં અંગ્રેજીમાં જે ઉમદા કાવ્યો રચવા માંડેલાં તે આ 'શમા'માં પ્રકટ થતાં. એ જ અરસામાં 'ફીસ્ટ ઓવ યૂથ' અને 'પર્ફ્યુમ ઓવ અર્થ' નામે બે કાવ્યસંગ્રહો પણ પ્રકટ થયા હતા. તેમાં પ્રકટેલ એમની જ્વલંત પ્રતિભા તથા કાવ્યમાધુર્યે દેશમાં જ નહિ વિદેશમાં અંગ્રેજી વાચકોને પણ દંગ કરી દીધેલા. કવિવર રવીન્દ્રનાથે પણ તે કાવ્યોની કલા પર મુગ્ધ થઈને તેની પ્રશંસા કરી હતી. મૃણાલિનીદેવીના એ પુત્ર તે હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય. પિતાનું નામ અઘોરનાથ ચટ્ટોપાધ્યાય. ગાંધીયુગનાં સુખ્યાત દેશપ્રેમી અને વિખ્યાત કવયિત્રી સરોજિની નાયડુના તે નાના ભાઈ. ગઈ ૨૩ જૂન, '90 ના રોજ ૯૩ વર્ષની વયે એમનું અવસાન થતાં દેશને એક ઉચ્ચ પ્રતિભાવંત કવિ, નવયુગના ઉત્તમ નાટ્યકાર અને કુશળ અભિનેતાની ખોટ પડી છે.

અલબત્ત, એમની જીવનકથામાં કોઈ ખાસ આકર્ષક પ્રસંગો નથી. સંસ્કારી અને પ્રતિભાવાન કુટુંબના વાતાવરણમાં યોગ્ય ઉછેર અને શિક્ષણ મળતાં તેમની સ્વાભાવિક શકિતઓ ખીલી ઊઠી. એ શકિતઓનો ચમકાર જગતામાં પડ્યો ન પડ્યો અને એમને ઇંગ્લૅન્ડ જવાનું થયું. પણ એથીયે અગાઉ એમની કાવ્યસૌરભ ત્યાં પહોંચી ગઈ હતી. ઇંગ્લૅન્ડ-યૂરોપમાં ખૂબ ભણીને એમણે ઘણું જોયું-જાણ્યું. પણ વધુ તો તેઓ ત્યાંની રંગભૂમિથી આકર્ષાયા. આમાંથી એમને હિંદુસ્તાનની રંગભૂમિની કાયાપલટ કરવાના કોડ જાગ્યા. કાવ્ય-પ્રતિભાની ઓથે છુપાએલી એમની અભિનયક્ષમતા પણ આથી જાગી.

કાવ્યસર્જન ઉપરાંત તેઓ નાટ્યલેખન તો કરતા જ હતા, અને તેમાંયે કેટલાંક તો તેમણે પદ્યમાં લખેલાં. આયે એમની આગવી વિશિષ્ટતા હતી. ચૌદ વર્ષની વયે એમણે 'અબુહસન' નામનું એક પદ્યનાટક લખેલું. તે એક હળવી સ્વૈરરચના છે. મીરાં, તુકારામ, સખુબાઈ, દામાજી, પુંડલિક વગેરેની, ખાસ તો દક્ષિણ ભારતીય સંતોની, આખ્યાયિકાઓ અને જીવનલીલાને પોતાની અર્થગંભીર વાણીમાં એમણે રમતી કરેલી.

હિંદ આવીને હરીન્દ્રનાથે નાટ્યપ્રવૃત્તિ ઉપાડી. આ જ અરસામાં એમને કમલાદેવી નામનાં એક સંસ્કારી સુશિક્ષિત નારીનો પરિચય થયો. કમલાદેવી કર્ણાટકના એક શ્રીમંત સારસ્વત પરિવારનાં પુત્રી હતાં. તેમના પિતા મદ્રાસ સિવિલ સર્વિસમાં ઉચ્ચ સ્થાને હતા, અને કાકા જાણીતા વકીલ હતા. મેંગલોરમાં કેથોલિક કોન્વેન્ટ અને મેરીઝ કૉલેજમાં તથા લંડનની બેડફૉર્ડ કૉલેજમાં કમલાદેવી ભણ્યાં હતાં. બહુ જ નાની વયે એમનું લગ્ન થયેલું. અને શાળામાં ભણતાં ત્યારે એ વિધવા થયેલાં. સામાજિક દૂષણોના ભારે વિરોધી હરીન્દ્રનાથે આવા એક દૂષણના નિવારણના દૃષ્ટાંત રૂપ પોતાની માન્યતાને આચરણમાં મૂકી કમલાદેવી સાથે લગ્ન કર્યાં. જાતે રંગમંચ પર ઊતરી લોકોને ખરું માર્ગદર્શન આપ્યા વગર હિંદી રંગભૂમિમાં પલટો લાવવો અશક્ય છે એવી પોતાની માન્યતાને આચરણમાં મૂકવા આ દંપતીએ થોડા મિત્રોને સાથે લઈ નાટકો ભજવવા માંડ્યાં. દક્ષિણ ભારતની એ કાળની રૂઢિચુસ્તતાથી વાકેફ હશે તેઓ જ માત્ર સમજી શકશે કે આ કારણે તેઓને શું શું ખમવું પડ્યું હશે. છતાં ધીરજ અને શ્રદ્ધાથી બીજી કોઈ તમા રાખ્યા વિના આ પતિપત્નીએ પોતાના પ્રયત્નો ખંતપૂર્વક જારી રાખ્યા અને અંતે એમની કદર બુઝાવા લાગી.

આ ઉપરાંત,એમની વિદેશયાત્રાઓ પણ ચાલતી જ રહેતી. જર્મનીમાં લાંબો સમય રહીને અને ત્યાંની રંગભૂમિ પર કામ કરીને હરીન્દ્રનાથે તેના હાર્દનો અભ્યાસ કર્યો. છએક માસ રશિયામાં પણ ગાળ્યા. અને ત્યાંની જૂની તથા નવી નાટ્યપ્રણાલીઓનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો. આમવર્ગની જાગૃતિ અને શિક્ષણને માટે રંગભૂમિ એ કેવું સબળ અને સફળ સાધન છે એની એમને ત્યાંય પ્રતીતિ થઈ. રશિયાની જેમ જ વિશાળ લોકસમૂહથી ભરેલા હિંદમાંયે ત્યાંની પેઠે 'રંગભૂમિ' જ જરૂરી લાગી, અને હિંદ આવીને એમણે અજમાએશ આરંભી દીધી.



શબ્દ કે વાકયના ઉદ્ગારની સાથે જે ભાર, અવાજ કે સમયનું માપ જોઈએ તેના વિના એ નદ્દન ફિક્કાને લુખ્ખા બની જાય છે. પણ જયારે કોઈ ભકતનું ભજન કે

નાટ્યકારનો પાત્રાભિનય કુશળ કલાકારના મુખ તથા અંગના ભાવો સહિત ઉચ્ચારાય છે ત્યારે જ તેનો આત્મા સર્જનમાં સંપૂર્ણ સાક્ષાત્કાર પામે છે. આવો સાક્ષાત્કાર કરવા-કરાવવા જ જાણે હરીન્દ્રનાથની સમગ્ર જીવન-પ્રવૃત્તિ નિર્મિત થએલી લાગતી હતી. તેઓ પોતાનું કાવ્ય કે ભજન બોલે અથવા કોઈ સંતનું ભજન ગાય યા કોઈ પ્રતિભાવાન વિદેશી લેખકનું નાટ્યવિધાન કરી બતાવે ત્યારે એ પોતાનું જ સર્જન હોય એટલી અર્થ-સ્પષ્ટતા તથા ભાવનિરૂપણ તેઓ કરી શકતા. ફિલ્મોમાં પણ એમને કામ કરેલું. 'આશીર્વાદ'. 'બખિયયોં કે ઝરોખે સે', 'બાવરચી', 'રાત ઔર દિન', 'તીન દેવિયાં', 'ગૃહપ્રવેશ', વગેરે ફિલ્મોમાં, તથા ટીવી. પર રજૂ થયેલી સાંઈ પરાંજપેની ધારાવહી 'અડોશ-પડોશ'માં એમની અભિનયક્ષમતાનો પરિચય મળી રહે છે. આશીર્વાદ ફિલ્મમાં 'રેલગાડી'નું ગીત તેમનું જ રચેલું હતું, અને આ પહેલાં રેડિયો પરથી એમના પોતાના કંઠે જ એ રજૂ થયાનું જો કોઈ શ્રોતાને યાદ હશે તો સ્વર અને શબ્દ પરના એમના કાબૂનો એમને ખ્યાલ આવશે.

લગભગ અર્ધી સદી પૂર્વે એમણે ગુજરાતમાં પોતાનું એક નાટક 'રીટર્નડ ફ્રોમ એબ્રોડ' અને કેટલાંક સુંદર ભજનો રંગભૂમિ પર રજૂ કરેલાં. ગાયક તરીકે સ્વર ઉપર એમનો અજબ કાબૂ હતો. ધીમા કે બળકટ આરોહ-અવરોહ દ્વારા તેઓ ભાવના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવતા. 'રીટર્નડ ફ્રોમ એબ્રોડ'માં નફફટ છોકરા 'હરિ'નું પાત્ર, તથા એ જ હરિના પુત્રવત્સલ ભોળા વૃદ્ધ પિતાના પાત્રનો એમનો બેવડો અભિનય એમની બે વિરુદ્ધ પ્રકારનાં પાત્રો ભજવવાની અદ્‌ભુત અભિનયક્ષમતાનો પરિચય આપ્યો હતો.

કવિ તરીકે તેઓ હંમેશા પ્રેરણાપૂર્ણ આવેશમય અને મસ્ત રહેતા. એમની રહનસહનમાં દંભને ક્યાંય સ્થાન નહોતું. સ્વાતંત્ર્યની લડતોમાં સક્રિય ભાગ લઈ તેમણે અવારનવાર જેલવાસ પણ ભોગવ્યો હતો. ભારતની પહેલી લોકસભામાં તેઓ આંધ્રપ્રદેશના ગુંટુર મત-વિસ્તારમાંથી ચૂંટાયા હતા. અને સંસદમાં એક તેજસ્વી વક્તા ગણાતા હતા.

રવીન્દ્રનાથ, સરોજિની નાયડુ અને તરુદત્તની જેમ એમણે પણ પશ્ચિમની ભાષામાં પૂર્વની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. અદ્‌ભુત મૌલિકતા સાથે એમના કાવ્યસર્જનમાં અંગ્રેજી ભાષા, એના શબ્દોનાં ખરાં રહસ્ય તથા અર્થચ્છાયાઓની એમની ઊંડી સમજ પ્રકટ થાય છે. તેઓ એક અચ્છા ચિત્રકાર પણ હતા. એમનાં ચિત્રોમાં પ્રાકૃતિક સૌંદર્ય તથા જીવનના પ્રતિ એમનો આદર વ્યક્ત થાય છે. એમનાં ચિત્રોનું એક આલ્બમ પણ પ્રકટ થએલું છે, જે એમણે 'માના'ના ઉપનામથી પ્રસિદ્ધ કરેલું. વર્તમાન વિષયો પર તીખાં કટાક્ષકાવ્યો રૂપે એમની એક નિયમિત કટાર પણ 'બ્લિટ્ઝ'માં પ્રકટ થતી હતી. સ્વર્ગ અને પૃથ્વી બંનેને સમાવી દે એવડા પ્રચંડ ફલક પર એમણે સર્જન કર્યું છે.

પરંતુ રશિયામાં રહયા તેથી રંગભૂમિ વિષેના એમના વિચારોને નવી દિશા મળી હતી તેમ તેમનાં કાવ્યના આદર્શો અને ભાવનામાં પણ પલટો આવેલો. એમની વિચારસરણી સામ્યવાદી ઝોક પામી. (એમનાં પત્ની કમલાદેવી સમાજવાદ તરફ ઢળતાં હતાં, અને કદાચ આ વિચારભેદને કારણે જ આગળ જતાં તેઓ બંને લગ્નબંધનમાંથી છૂટાં પડયા હતાં.) મનોહર સ્વપ્નસૃષ્ટિનાં ચિત્રો કરનાર અને કલ્પનાભોમમાં ઉડ્ડયનો કરનાર આ કવિને નક્કર દુનિયામાં દુઃખ, ભૂખ અને વેદનાનું ખરું ભાન થયું. એમનાં કથન-કવનમાંથી પક્ષીઓનાં કલરવ અને ઝરણાંનાં ગાન લુપ્ત થયાં અને ભૂખ્યા દુખિયાંના આર્તનાદો સંભળાવા લાગ્યા. એમના એ અંતરપલટાને પ્રતિબિંબિત કરતાં એમનાં એક કાવ્યનો અર્ધી સદી પૂર્વે આપણા જ એક ખ્યાતનામ કવિ ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતીમાં સુંદર કાવ્યાનુવાદ કરેલો, એના પ્રારંભમાં જ હરીન્દ્રનાથના વિચાર-પલટાનો ખ્યાલ મળી રહેશે :

ધરતીને પટે પગલે પગલે,
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે,
અહોરાત કરોડકરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે :
ત્યારે હાય રે હાય કવિ ! તને સંધ્યાના રંગ તણાં
શેણે ગીત ગમે ?

ઊંડી વિચારધારા ધરાવતા ઊર્મિશીલ કાવ્યોના એમના ૫૦ જેટલા સંગ્રહો પ્રસિદ્ધ થયેલા છે. આમાંથી 'ધ ફીસ્ટ ઑવ ધ યૂથ', 'ધ મેજિક ટ્રી' 'બ્લડ ઑવ સ્ટોન્સ', 'સ્પ્રિંગ ઈન વિન્ટર', 'વર્જિન્સ એન્ડ વાઈનયાર્ડ્સ' વગેરેમા એમની સૌંદર્ય માટેની ઝંખના, વિષાદની છાયા, પ્રેમના મિજાજ સાથે એમનો માનવતાવાદી આદર્શપૂર્ણ અભિગમ જોવા મળે છે. 'અબુહસન' ઉપરાંત, 'ધ વિન્ડો', 'ધ સન્ટ્રીઝ લેન્ટર્ન', 'ધ હન્ટર ઑવ કાલા હસ્તી' વગેરે નાટકોમાં નિમ્ન સ્તરના સમાજ પ્રત્યેની એમની સંવેદના પ્રકટ થાય છે. ગદ્ય જ નહિ, પદ્યમાં પણ નાટ્યસર્જન એ એમની આગવી ખાસિયત રહી છે, તો બુદ્ધના જીવન પરના 'સિદ્ધાર્થ મેન ઑવ પીસ' નામના નાટકમાં એમણે ગદ્ય-પદ્ય બંનેનો પ્રયોગ કર્યો છે. ભારત સરકારે 'પદ્મભૂષણ' અર્પી એમની પ્રતિભાને બિરદાવી છે. આમ, કવિ, નાટ્યકાર, નટ, સંગીતજ્ઞ અને ચિત્રકાર જેવી પ્રથમ દરજ્જાની આપણી એક બહુમુખી પ્રતિભાની ખોટ હવે આસાનીથી પુરાવી શક્ય નથી.

જન્મ્યા સ્થાયી કોઈ ના સહુ મોડાં વહેલાં જાય,
દેવી - લેવી તો ન શે સૌએ સ્મિતે વિદાય !
'સ્નેહ રશ્મિ'

ઈ. સ. ૧૯૩૭ આસપાસની આ ઘટના છે. નડિયાદની મિશન હૉસ્પિટલમાં ત્યારે ડૉ. ઑલ્ડ્રિચ સેવા આપતા હતા. એકવાર એક બહેનના ગર્ભાશયની શસ્ત્રક્રિયા કરવાનું નક્કી થયું. ૧૦૦ રૂપિયા ફી ઠરાવવામાં આવી. શસ્ત્રક્રિયા દરમિયાન ડૉક્ટરે જોયું કે એ બહેનને એપેન્ડિક્સનું તથા પેશાબની નળીનું ઑપરેશન કરવું પણ જરૂરી હતું. ડૉક્ટરે ત્રણેય ઑપરેશન કરી નાંખ્યા. દર્દીના સબંધીએ આ બદલ ૩૦૦ રૂપિયા આપવા માંડયા ત્યારે ડૉક્ટરે કહ્યું 'એકવાર ફી નક્કી કર્યા પછી પેટ ખોલ્યા બાદ એમાં જે જે શસ્ત્રક્રિયાઓ કરવી જરૂરી હોય તે કરવી જ જોઈએ. એની વધારાની કંઈ ફી લેવાની ન હોય. અમારી એ ફરજ છે.' *

સર્વાન્ટિસે કહ્યું છે કે 'લાંબા ડહાપણમાંથી તારવેલાં ટૂંકાં વાક્યો એટલે કહેવત. પરંપરાથી લોકોમાં પ્રચલિત બોધરૂપ, દષ્ટાંતરૂપ, આ સૂત્રાત્મક વાક્યો કે વચનોમાં કંઈક પેઢીઓના અનુભવોનો સાર હોય છે. અહીં આપણે અવારનવાર એના અખૂટ ભંડારમાંથી અવનવી વાનગી જોતા રહીશું. જાણી જોઈને ભૂલ કરવા વિષેની કેટલીક કહેવતોથી તેનો આરંભ કરીએ :

હાથે કરીને હોળી રમ્યા.
પેટ ચોળીને શૂળ પેદા કરવું.
પોતાના પગ ઉપર કુહાડો મારવો.
બળતામાં હાથ ઘાલવો.
વાડમાં હાથ ઘાલીએ તો કાંટા વાગે જ.
દીવો લઈને કૂવામાં પડવું.
હાથનાં કર્યાં હૈયે વાગે.
ઊઠ પાણા પગ ઉપર પડ.
છતી આંખે આંધળા થવું.

શોધશો તો આ જ મતલબની બીજી અનેક કહેવતો મળશે. *

અગાઉ યુદ્ધોમાં સેનાપતિ પોતાના શંખ ફૂંકતા. આ શંખોનાં વિશિષ્ટ નામ પણ રહેતાં. જેમકે શ્રીકૃષ્ણનો શંખ પાંચજન્ય, અર્જુનનો શંખ દેવદત્ત, ભીમનો શંખ પૌંડ્ર, યુધિષ્ઠિરનો અનંતવિજય, નકુલનો સુઘોષ, અને સહદેવનો શંખ મણિપુષ્પક નામે ઓળખાતો.

વિરાટનરેશના મોટા પુત્રનું નામ પણ શંખ હતું. મહાભારતના યુદ્ધમાં એ પાંડવોના પક્ષે લડેલો અને દ્રોણાચાર્યના હાથે મરાયો હતો.

અને જાણો છો? હાથીનો ગાલ અને માણસના લમણાનું હાડકું પણ શંખ કહેવાય છે. *

કુદરતી કે માનવસર્જિત એવી કોઈ પણ ચીજ નથી જે બે એકબીજાને બરાબર મળતી હોય. કોઈપણ બે પાન, હિમકણ કે અન્ય કંઈ પણ બે વચ્ચે સંપૂર્ણ સમાનતા હોતી નથી. આ જ રીતે માણસે બનાવેલી પણ કોઈ બે એકસરખી વસ્તુ પૂર્ણત: સમાન હોતી નથી. *

શાંતિસ્થાપકો, આતંકવાદીઓ અને ચિંતકો નસીબદાર છે, કારણ તેઓ કદી બેકાર રહેતા નથી. *

દુનિયામાં એક યા બીજા પ્રદેશમાં તીતીઘોડા, બીટલ્સ, તમરાં, તીડ, ઊધઈ કે કીડી જેવાં જીવજંતુને લોકો હોંસેહોંસે ખાય છે. *


તમારી સાથે જ પોતાનો જન્મદિવસ ઊજવતા લગભગ એક કરોડ જેટલા માણસો હોય છે. *

માણસ અને વાનર સિવાયના બધાં સસ્તન પ્રાણીઓ રંગઅંધ હોય છે. *

વિષુવવૃત્તીય પ્રદેશમાં સૂર્યના ઝળહળતા તેજમાં ૨૦ માણસો ઠરીને મૃત્યુ પામે એ મનાય ખરું? પણ એમ જ બનેલું. આફ્રિકાના કારીસિમ્બી શિખરની ૧૪,૫૦૦ ફીટની ઊંચાઈએ મોજણી માટે ગએલા આ વીસ જણ ૧૨,૦૦૦ ફીટની ઊંચાઈએ એકાએક ઠંડી ફૂંકાતાં ઠરીને મૃત્યુ પામેલા.*

વારંવાર એક જ પ્રકારનો સાદો બોલ બોલતું પક્ષી પોતે જ એનાથી કંટાળી જઈ બે બોલ વચ્ચે ચૂપ થઈ જાય છે. આ રીતે એ ૭૦ ટકા જેટલો સમય મૂગું રહે છે, જ્યારે અટપટાં વિધવિધ ગીત ગાતું કે બોલતું પક્ષી થોડો-શો આરામ લઈ સતત બોલતું કે ગાતું રહે છે. *

કુલિનન એ દુનિયાભરમાં એક અતિ મૂલ્યવાન હીરો છે. સલામતી ખાતર અને ચોરોને ભરમાવવા દક્ષિણ આફ્રિકાથી સાદી પાર્સલ પોસ્ટથી તેને લંડન મોકલવામાં આવ્યો હતો. *



કલાકણિકા : છે તો માત્ર ખુરશી જ, પણ તેના એકેએક ભાગને કુશળ કારીગરે અવનવી ભાત વડે શણગારી એને આગવું ગૌરવ આપીને તેને પદ અને સમૃદ્ધિની દ્યોતક બનાવી છે. *